# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

શનાયા કપૂરનો નવો લૂક વાયરલ, અવારનવાર પોતાની સુંદરતા અને...

પેજ-09

ઘરમાં સૌથી વધુ 'પ્લેયર ઑફ ધ મેચ' જીતનાર બેટ્સમેન બન્યો વિરાટ કોહલી



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 17.00 |
| વડોદરા | 29.00 | 17.00 |
| સુરત | 31.00 | 19.00 |

પેજ 5



નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સંસદમાં તત્કાળ બે બિલ રજૂ થતાં...


02 DECEMBER-2025 TUESDAY


ઈલોન મસ્ક ભારતીય કનેક્શન: ઈલોન મસ્ક શિવોન ઝિલિસને 'હાફ...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 85641.90 | ▼ | 064.77 |
| નિફ્ટી | 26175.75 | ▼ | 027.20 |
| સોનું | 127300.00 | ▲ | 417.00 |
| ચાંદી | 177300.00 | ▲ | 5663.00 |


વર્ષ-15 । અંક-021 । વિક્રમ સંવત-2082 । માગસર સુદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### મહારાષ્ટ્ર ચૂંટણીમાં ગેરરીતિઓ પર SECની મોટી કાર્યવાહી, 25 થી વધુ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી મુલતવી

# મહારાષ્ટ્ર : ભાજપના મુખ્યમંત્રી ચૂંટણી પંચથી નારાજ

## 'ખબર નહીં કોની સલાહ પર આવા કામ કરે છે!' CM દેવેન્દ્ર ફડણવીસ



(એજન્સી) મુંબઇ | તા.01

મહારાષ્ટ્રમાં આવતીકાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનું મતદાન યોજાવાનું છે, ત્યારે કેટલીક જગ્યાએ ચૂંટણી સ્થગિત થતાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ચૂંટણી પંચથી નારાજ થયા છે. તેમણે રાજ્ય ચૂંટણી પંચની આકરા શબ્દોમાં ટીકા કરતાં કહ્યું કે, 'ચૂંટણી મોકૂફ રાખવાનો પંચનો નિર્ણય સંપૂર્ણપણે ખોટો છે. અંતિમ સમયે ચૂંટણી સ્થગિત કરવાથી ઉમેદવારો સાથે અન્યાય થયો છે. આ ઉમેદવારો નામાંકન પત્રની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરી ચૂક્યા છે.'

### CM ફડણવીસના ચૂંટણી પંચ પર પ્રહારો

મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું કે, 'વિચારણા હેઠળની અરજીઓને કારણે કેટલીક જગ્યાએ ચૂંટણી સ્થગિત કરવાનો નિર્ણય લેવાતા અન્ય ઉમેદવારો સાથે અન્યાય થયો છે. મને ખબર નથી કે ચૂંટણી પંચ કોની સલાહ લઈ રહ્યું છે, પરંતુ જ્યાં સુધી હું કાયદા વિશે જાણું છું, જો કોઈ કોર્ટમાં ગયું હોય તો તેના કારણે ચૂંટણી સ્થગિત કરી શકાય નહીં.' રાજ્ય ચૂંટણી પંચે મંગળવારે યોજાનારી સ્થાનિક ચૂંટણીઓ કેટલીક જગ્યાએ સ્થગિત કરી દીધી છે.

## ક્યાંક શિંદે અને ઉદ્ધવ સેનાએ હાથ મિલાવ્યો તો ક્યાંક શરદ પવારનો સાથ

મહારાષ્ટ્રની રાજનીતિમાં ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ અને કોંગ્રેસના MVA એકબીજાની વિરુદ્ધમાં છે, પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં દોસ્તી અને દુશ્મનીની પરિભાષા જ બદલાઈ ગઈ છે. આમ તો અત્યાર સુધી એકતરફ મહાયુતિ ગઠબંધનના સાથી પક્ષો ભાજપ, શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપીના નેતાઓ તો બીજીતરફ મહાવિકાસ અઘાડીના સાથી પક્ષો કોંગ્રેસ, ઉદ્ધવ ઠાકરેની શિવસેના યુબીટી અને શરદ પવારની NCPSPના નેતાઓ એકબીજાના ગઠબંધન પર આકરા પ્રહારો અને ગંભીર આક્ષેપો કરતા જોવા મળતા હતા, જોકે હવે આ છ પક્ષો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં એકબીજાને દગો આપતાં જોવા મળી રહ્યા છે.

### આજે મતદાન

મહારાષ્ટ્રની 246 નગર પરિષદ અને 42 નગર પંચાયતની બેઠકો પર મંગળવારે મતદાન થવાનું છે અને આ ચૂંટણીમાં પોતાનું રાજકીય વર્ચસ્વ જાળવી રાખવા માટે બંને ગઠબંધનોમાં તિરાડ પડી ગઈ છે. આમ તો શિવસેનાના બે ભાગલા પડ્યા બાદ શિંદે અને ઉદ્ધવની પાર્ટી એકબીજા પર આકરા પ્રહારો કરતાં જોવા મળ્યા હતા. જોકે બંને આ ચૂંટણીમાં અનેક બેઠકો પર સાથે લડી રહ્યા છે.




### મૂંઝવણ : કયો પક્ષ કોના વિરુદ્ધમાં

રિપોર્ટ મુજબ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની કેટલીક બેઠકો પર નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની પાર્ટી શિવસેનાએ કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા છે, તો કેટલીક બેઠકો પર શિવસેનાએ અજિત પવારનું સમર્થન મેળવીને ભાજપના વિરુદ્ધમાં ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. એટલું જ નહીં અજિત પવારની પાર્ટી અને શરદ પવારની પાર્ટી પણ એક થઈ ગઈ છે અને કેટલીક બેઠકો પર ઉમેદવારો ઉતારી દીધા છે.

■ ચાકણ નગરમાં શિંદે-ઠાકરે V/s ભાજપ ■ કનકાવલીમાં શિંદે-ઠાકરે V/s ભાજપ ■ ઓમેગામાં શિંદે-કોંગ્રેસ V/s ભાજપ ■ ચોપરામાં શિંદે-કોંગ્રેસ V/s ભાજપ ■ યેઓલામાં શિંદે-શરદ V/s ભાજપ-અજિત ■ દહાણુમાં શિંદે-શરદ-અજિત V/s ભાજપ ■ કાગલમાં શરદ-અજિત V/s શિંદે ■ જયસિંહપુરમાં ભાજપ-કોંગ્રેસ V/s શિંદે ■ ભગુરમાં ભાજપ-શરદ-અજિત-કોંગ્રેસ-MNS V/s શિંદે ■ ડોમ્બિવલીમાં ભાજપ V/s શિંદે

# 'વંદે માતરમ'ના 150 વર્ષ પૂર્ણ થતાં

## સંસદમાં 10 કલાક થશે ચર્ચા, PM મોદી પણ ભાગ લેશે

(એજન્સી) નવી દિલ્હી | તા.01

ભારતના રાષ્ટ્રગીત 'વંદે માતરમ'ના 150 વર્ષ પૂર્ણ થતાં સંસદના શિયાળુ સત્રમાં એક ખાસ ચર્ચા યોજાશે. લોકસભામાં આ અઠવાડિયે ગુરુવાર અથવા શુક્રવારે 10 કલાકના સમય માટે ચર્ચા થશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાગ લેશે. આ ચર્ચામાં સ્વતંત્રતા સંગ્રામના આ પ્રેરણાદાયી ગીતના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ



પર પ્રકાશ પાડવામાં આવશે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ દ્વારા 30 નવેમ્બરના રોજ બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં તેમજ લોકસભા અને રાજ્યસભાની વ્યાપાર સલાહકાર સમિતિઓ (BACs)ની બેઠકોમાં આ પ્રસ્તાવ પર સંમતિ સધાઈ હતી. શાસક પક્ષોના સભ્યોએ રાજ્યસભામાં પણ તેની જોરદાર હિમાયત કરી હતી. સરકારે તેને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક ગણાવીને તમામ પક્ષોને ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. NDA સભ્યોએ રાજ્યસભામાં વંદે માતરમ પર ચર્ચા માટે પણ જોરદાર હિમાયત કરી હતી.

# દેશભરના ડિજિટલ એરેસ્ટના દરેક કેસની તપાસ હવે CBI કરશે

**સુપ્રીમ કોર્ટનો આદેશ RBIને પણ પાઠવી નોટિસ...**



(એજન્સી) નવી દિલ્હી | તા.01

દેશભરમાં ઝડપથી વધી રહેલા 'ડિજિટલ અરેસ્ટ'ના કૌભાંડોની ગંભીરતાને ધ્યાનમાં લઈને સુપ્રીમ કોર્ટે એક મોટો આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે દેશભરમાં સાયબર ક્રાઈમના આ પ્રકારના કેસની તપાસની જવાબદારી સીબીઆઇને સોંપી દીધી છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેન્ચે દેશભર રાજ્યોને આદેશ કર્યો છે કે, ડિજિટલ એરેસ્ટના વિવિધ કેસની તપાસ માટે રાજ્ય સરકારો સીબીઆઇને સંમતિ આપે. આ રાજ્યોમાં વિપક્ષ દ્વારા શાસિત પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કર્ણાટક અને તેલંગાણાનો પણ સમાવેશ થાય છે.

### RBIને પણ નકલી બેંક ખાતા મુદ્દે સવાલ

આ સુનાવણીમાં સુપ્રીમ કોર્ટની બેન્ચે RBIને પણ નોટિસ ફટકારીને જવાબ માંગ્યો છે. કોર્ટે RBIને સ્પષ્ટતા માંગતા પૂછ્યું છે કે, સાયબર ફ્રોડમાં ઉપયોગમાં લેવાતા બેંક ખાતાઓને ઓળખીને બંધ કરવા AI કે મશીન લર્નિંગ ટેકનો.નો ઉપયોગ કેમ નથી કરાતો? નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટે હરિયાણાના એક વૃદ્ધ યુગલની ફરિયાદના આધારે આ મામલે સુઓ મોટો કરી હતી. કોર્ટે ડિજિટલ એરેસ્ટના દુષણને આક્રમક રીતે ડામી દેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

# દિલ્હી સહિત દેશના છ એરપોર્ટ પર થયેલા સાયબર હુમલાનો સરકારે સ્વીકાર કર્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.01

રાજધાની દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉડાન ભરતી કેટલીક ફ્લાઈટ્સને તાજેતરમાં GPS સ્પૂફિંગ (ખોટા સિગ્નલો)નો સામનો કરવો પડ્યો હોવાની કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સંસદમાં કબૂલાત કરી છે. આ ગંભીર ઘટનાની જાણકારી કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કિન્જારાપુ રામમોહન નાયડુએ રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં આપી હતી.

### ■ સરકારે કહ્યું કે GPS સાથે છેડછાડ કરાઇ હતી

**અન્ય એરપોર્ટ પર પણ આવી ઘટનાઓ નોંધાઈ :** માત્ર દિલ્હી જ નહીં, પરંતુ દેશના અન્ય મુખ્ય એરપોર્ટ્સ પર પણ GNSSમાં આ પ્રકારના હસ્તક્ષેપના અહેવાલો મળ્યા છે. સરકારે કબૂલ્યું છે કે, કે કોલકાતા, અમૃતસર, મુંબઈ, હૈદરાબાદ, બેંગલુરુ અને ચેન્નાઈ એરપોર્ટ પર પણ GPS જામિંગ/સ્પૂફિંગની ઘટનાઓ નોંધાઈ છે. આ ઘટના પછી ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા આ જોખમને ઘટાડવા માટે અનેક પગલાં લેવાયા છે. તેમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા હસ્તક્ષેપના સ્ત્રોતને ઓળખવા માટે વાયરલેસ મોનિટરિંગ ઓર્ગેનાઈઝેશન (WMO) ની મદદ લેવામાં આવી છે. આ ઉપરાંત ડીજીસીએ દ્વારા જીપીએસ સ્પૂફિંગની ઘટનાઓનું રિયલ ટાઇમ રિપોર્ટિંગ કરવા માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજ્યુર (SOP) પણ બહાર પાડવામાં આવી છે.

# શ્રીગંગાનગર બોર્ડરેથી જાસૂસ પકડાયો 'ઓપરેશન સિંદૂર'થી ISIના સંપર્કમાં હતો

(એજન્સી) નવી દિલ્હી | તા.01

શ્રીગંગાનગરમાં લશ્કરી સંસ્થા સાધુવાલી પાસે જોવા મળ્યો હોવાની માહિતી મળી હતી. બાદ ધરપકડની કાર્યવાહી હાથ ધરાઈ હતી. રાજસ્થાનમાં CID ઈન્ટેલિજન્સનું જયપુર યુનિટ પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓની જાસૂસી પ્રવૃત્તિઓ પર સતત નજર રાખી રહ્યું છે. ફિરોઝપુરનો રહેવાસી પ્રકાશ સિંહ ઉર્ફે બાદલ, સોશિયલ મીડિયા દ્વારા ISI ના સંપર્કમાં હતો. આ એજન્ટ રાજસ્થાન, પંજાબ અને ગુજરાતમાંથી ભારતીય સેના સાથે સંબંધિત વ્યૂહાત્મક મહત્વની ગુપ્ત માહિતી એકત્રિત કરી ને પાકિસ્તાની હેન્ડલર્સને મોકલી રહ્યો હતો.

### વિદેશી અને પાકિસ્તાની વોટ્સએપ નંબરો સાથે સતત સંપર્ક



પ્રાથમિક તપાસમાં પુષ્ટિ મળી છે કે તે તેના મોબાઈલ ફોન પર વિદેશી અને પાકિસ્તાની વોટ્સએપ નંબરો સાથે સતત સંપર્કમાં હતો. શ્રી ગંગાનગરમાં સંયુક્ત પૂછપરછ કેન્દ્રમાં તમામ ગુપ્તચર એજન્સીઓ દ્વારા વ્યાપક પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ એજન્ટ 'ઓપરેશન સિંદૂર' પછી ISI સાથે સતત સંપર્કમાં હતો.

# રૂપિયો 89.79 સુધી ગગડ્યો, સૌથી નીચલા સ્તરે પહોંચ્યો

### 2025માં રૂપિયો 4.77% નબળો પડ્યો

(એજન્સી) મુંબઇ | રૂપિયો આજે (23 સપ્ટેમ્બર) ડોલર સામે અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. કારોબાર દરમિયાન રૂપિયો 34 પૈસા ઘટીને 89.79 ના સ્તરે આવી ગયો હતો. આ 2 અઠવાડિયા પહેલાના ઓલ-ટાઈમ લો (89.66) ને પાર કરી ગયો. 21 નવેમ્બરે રૂપિયો 98 પૈસા ઘટ્યો હતો. ઘરેલું શેરબજારોમાં ઘટાડો અને સતત વિદેશી ભંડોળની ઉપાડને કારણે રૂપિયા પર દબાણ આવ્યું છે. સવારે રૂપિયો 89.45 પ્રતિ ડોલરના સ્તરે ખુલ્યો હતો. જ્યારે શુક્રવારે ડોલર સામે રૂપિયો 9 પૈસાના ઘટાડા સાથે 89.45 પર બંધ થયો હતો. રૂપિયો 2025માં અત્યાર સુધી 4.77% નબળો પડી ચૂક્યો છે. 1 જાન્યુઆરીએ રૂપિયો ડોલર સામે 85.70ના સ્તરે હતો, જે હવે 89.79ના સ્તરે પહોંચી ગયો છે.

# બાડમેરમાં વૈશ્વિક સ્તરે જરૂરી દુર્લભ પૃથ્વી ખનિજો મળી આવ્યા!



(એજન્સી) બાડમેર | તા.01

જ્યારે પણ વૈશ્વિક સ્તરે દુર્લભ પૃથ્વીના ખનિજોની ચર્ચા થાય છે, ત્યારે ચીનનું નામ સૌથી પહેલા આવે છે. આ દેશના ખનિજ ભંડાર એટલા વિશાળ છે કે યુનાઈટેડ સ્ટેટ્સ જેવી મહાસત્તાઓ પણ તેનો સીધો સામનો કરતા પહેલા ખચકાટ અનુભવે છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તાજેતરમાં ભારત સહિત અનેક દેશો પર ભારે ટેરિફ લાદવામાં આવ્યા હોવા છતાં, ચીનને તે સ્તરે લક્ષ્ય બનાવવામાં આવ્યું નથી. હવે, રાજસ્થાનના બાડમેર-બાલોતારામાં સિવાના રિંગ કોમ્પ્લેક્સ આ વૈશ્વિક સમીકરણ માટે એક નવા પડકાર તરીકે ઉભરી આવ્યું છે. ભારતના ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (GSI) ના તાજેતરના અહેવાલોમાં નિઓબિયમ સહિત અનેક દુર્લભ પૃથ્વી તત્વોની 100 ગણી વધુ સાંદ્રતા જાહેર કરવામાં આવી છે.

### ચીનની મોનોપોલી તૂટશે

**6,000 મેટ્રિક ટન ઉત્પાદન શક્ય છે**

ચીનનો એકાધિકાર લાંબા સમય સુધી ટકવાની શક્યતા ઓછી છે. બાડમેરના સિવાના ક્ષેત્રમાં કામથાઈ, દાંતા, થાપન, ભાટીખેડા, રાખી ફૂલન અને લંગેરા ટેકરીઓમાં જોવા મળતા ખનીજોનું મૂલ્ય 900 અબજ રૂપિયાથી વધુ છે. નિષ્ણાતોના મતે, આશરે 6,000 મેટ્રિક ટન ઉત્પાદન ક્ષમતા છે. આનાથી ભારત આત્મનિર્ભર બનશે અને તેને દુર્લભ પૃથ્વી બજારમાં એક નવી સ્પર્ધાત્મક શક્તિ તરીકે સ્થાપિત કરશે.

### અનેક દુર્લભ પૃથ્વી ખનિજોની શોધ


ભૂસ્તરશાસ્ત્રીઓ માને છે કે સિવાનામાં ભાટીખેડા બ્લોક માટે હરાજી પ્રક્રિયા શરૂ થવાની છે, અને આ પ્રદેશ આગામી 25 વર્ષ માટે ભારતની તકનીકી અર્થવ્યવસ્થાને મજબૂત બનાવશે. સિવાના ક્ષેત્રમાં પંદર દુર્લભ પૃથ્વી તત્વો મળી આવ્યા છે.

# 'અમે ચૂપ ના બેસી શકીએ...', દિલ્હીના પ્રદૂષણ પર સુપ્રીમે સરકારની ઝાટકણી કાઢી

(એજન્સી) નવી દિલ્હી | તા.01

સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં વધતાં જતાં પ્રદૂષણની આજે (1 ડિસેમ્બર) સુનાવણી કરતી વખતે સરકારની આકરી ઝાટકણી કાઢી પ્રદૂષણ ઘટાડવાનો પ્લાન માંગ્યો છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંતે કોવિડ-19 વખતે દિલ્હીના આકાશની સ્થિતિ અંગેની પણ ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટની બેંચે સ્પષ્ટ કહ્યું છે કે, 'અમે ચૂપ ના બેસી શકીએ. દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડી શકાય છે. અમે કોવિડ-19 વખતે આકાશ સંપૂર્ણ સ્વચ્છ જોયું હતું.

### 'પ્રદૂષણ ઘટાડવા માટે શું યોજના બનાવી છે?' સુપ્રિમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) અને સરકારને પૂછ્યું છે કે, 'તમે પ્રદૂષણ ઘટાડવા માટે શું યોજના બનાવી છે? CAQM અને સત્તાવાળાઓએ કમર કસવી જોઈએ અને દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ ઘટાડવા માટેના પગલાં પર વિચાર કરવો જોઈએ. પ્રદૂષણ ઘટાડવા માટે જે રીતે યોજનાઓ ચલાવાઈ રહી છે, તેનાથી અમે ચિંતિત છીએ.' માત્ર પરાલી સળગાવવાથી દિલ્હીમાં પ્રદૂષણ વધ્યું નથી. અન્ય કારણે વધેલું પ્રદૂષણ ઘટાડવા માટે તમે શું પગલાં લીધા, તેની માહિતી આપો.'

# ભાગેડૂ વિજય માલ્યા અને લલિત મોદી લંડનની પાર્ટીમાં સાથે દેખાયા

## મોદી અને માલ્યા લંડનમાં પાર્ટી કરતા હોવાનો એક વીડિયો સામે આવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.01

ભાગેડુ લલિત મોદીએ તાજેતરમાં લંડનમાં એક ભવ્ય પાર્ટી સાથે પોતાનો 63મો જન્મદિવસ ઉજવ્યો, જેમાં તેમના નજીકના મિત્ર, ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા પણ હાજર રહ્યા હતા. લલિત મોદીએ રાત્રિની ઝલક શેર કરી, તેમના સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો, જેમાં તેઓ મેફેરના મેડોક્સ ક્લબમાં અન્ય ઘણા મિત્રો



સાથે નાચતા દેખાય છે.

### મોંઘા સ્થળે પાર્ટી યોજાઈ

લલિત મોદીએ જ્યાં પોતાનો જન્મદિવસ ઉજવ્યો તે સ્થળ ખૂબ મોંઘું છે. તે મોંઘું છે, કારણ કે અહેવાલો અનુસાર, ત્યાં ઓછામાં ઓછું ટેબલ ખર્ચ લગભગ 1,000 પાઉન્ડ (આશરે રૂ. 1.18 લાખ) છે. ભાગેડુ લલિત મોદી દ્વારા શેર કરાયેલા વિડીયોમાં, જન્મદિવસનું ગીત વાગી રહ્યું છે, જેમાં વારંવાર વાક્ય 'હેપ્પી બર્થડે, લલિત. કિંગ ઓફ સ્માઈલ.' ક્લિપમાં, લલિત મોદી મિત્રો, ડિસ્કો લાઈટ્સ અને ઉત્સવની સજાવટથી ઘેરાયેલા નાચતા જોવા મળે છે.

# બુરખામાં એન્ટ્રી, જેકેટમાં ત્રણ બોમ્બ...

## આ રીતે પાકિસ્તાનમાં થઇ રહ્યા છે આત્મઘાતી હુમલા

(એજન્સી) નવી દિલ્હી | તા.01

નોકુંડીમાં ફ્રન્ટિયર કોર્પ્સ (FC) ના મુખ્યાલય પર થયેલા તાજેતરના હુમલાએ પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થાને હચમચાવી નાખી છે. હુમલાની જવાબદારી સ્વીકારનાર બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) એ મહિલા આત્મઘાતી હુમલાખોર, ઝરીના રફીક ઉર્ફે તરંગ મહોનો ફોટો જાહેર કર્યો છે, જેણે મુખ્ય પ્રવેશદ્વાર પર પોતાને ઉડાવી દીધી હતી. તેના જેકેટમાં ત્રણ બોમ્બ દેખાય છે. વિસ્ફોટ પછી, ગોળીબાર એટલો લાંબો સમય ચાલુ રહ્યો કે સમગ્ર નોકુંડી વિસ્તાર હચમચી ગયો. સુરક્ષા એજન્સીઓએ હજુ સુધી સત્તાવાર જાનહાનિના આંકડા જાહેર કર્યા નથી.

### BLFએ જવાબદારી સ્વીકારી; આત્મઘાતી હુમલાખોર મહિલા હતી

હુમલાના શરૂઆતના કલાકોમાં કોઈ સંગઠને જવાબદારી સ્વીકારી ન હતી, પરંતુ બાદમાં બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) એ દાવો કર્યો હતો કે તેના એક સબ-યુનિટે આ મોટો હુમલો કર્યો હતો. સંગઠનનું કહેવું છે કે હુમલો નોકુંડીમાં રેકો દિક અને સંદક ખાણકામ પ્રોજેક્ટ્સમાં કામ કરતા વિદેશી કામદારો દ્વારા ઉપયોગમાં લેવાતા કેન્દ્રીય સંકુલમાં કરવામાં આવ્યો હતો.

**બલૂચિસ્તાનમાં 24 કલાકમાં હુમલાઓનું મોજુ :** છેલ્લા 24 કલાકમાં, બલૂચિસ્તાનના ઘણા વિસ્તારોમાં હુમલાઓ તીવ્ર બન્યા છે. અલગતાવાદી જૂથોએ IED વિસ્ફોટો, ઓચિંતા હુમલાઓ અને ચેકપોઈન્ટ્સ પર હુમલાઓ દ્વારા વિવિધ સ્થળોએ સુરક્ષા દળોને નિશાન બનાવ્યા છે. નિષ્ણાતો કહે છે કે આ ઘટનાઓ દર્શાવે છે કે કડક સુરક્ષા પગલાં હોવા છતાં, આ જૂથો ગમે ત્યાં અને ગમે ત્યારે હુમલો કરવાની ક્ષમતા જાળવી છે.



ZAREENA RAFIQ ALIAS TRANAG MAHO

# News Brief

## કોટક લાઇફ ₹1 લાખ કરોડ એયુએમનો માઇલસ્ટોન પાર કરે છે

(એજન્સી) અમદાવાદ | તા 01

કોટક મહિન્દ્રા લાઈફ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડ (કોટક લાઈફ) એ એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (AUM) માં 1 લાખ કરોડનો આંકડો પાર કરીને એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરી છે. આ સિદ્ધિ કંપનીની સતત વૃદ્ધિની ગતિ, પોલિસીધારકોની સંપત્તિનું વિવેકપૂર્ણ સંચાલન તેમજ કોટક લાઈફના ગ્રાહકો અને ભાગીદારોના અવિશ્વસનીય વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.આ માઈલસ્ટોન પર ટિપ્પણી કરતાં, કોટક લાઈફના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ બાલાસુબ્રમણિયનએ જણાવ્યું: "અમારા 25મા વર્ષમાં 1 લાખ કરોડનો એયુએમ નો આંકડો પાર કરવો એ માત્ર એક નાણાકીય સીમાચિહ્ન નથી, પરંતુ અમારા ગ્રાહકો અને ભાગીદારોએ અમારામાં જે વિશ્વાસ મૂક્યો છે તેની પુનઃ પુષ્ટિ છે. કોટક લાઈફ ખાતે, અમે નવીન ઉત્પાદનો, ડિજિટલ-પ્રથમ સોલ્યુશન્સ અને ગ્રાહકોની જરૂરિયાતો પર અવિરત ધ્યાન કેન્દ્રિત કરીને ટકાઉ મૂલ્ય નિર્માણ કરવા માટે પ્રતિબદ્ધ છીએ. આ સિદ્ધિ ભારતમાં જીવન વીમાના ભવિષ્યને આકાર આપવાનું ચાલુ રાખવાના અમારા સંકલ્પને મજબૂત બનાવે છે."

## ભારતમાં નિર્મિત કારોને ઘરેલૂની તુલનામાં વિદેશોમાં વધુ રસ્ટ પ્રોટેક્શન મળતું હોવાથી નીતિ ફેરફારની માંગ વધી

(એજન્સી) અમદાવાદ | તા 01

ભારતની ઑટોમોબાઇલ ઈન્ડસ્ટ્રી ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે, અને તે લાંબા સમયથી ચાલતી એક અસમાનતાને કારણે છે: ભારતમાં નિર્માણ થતી કારો જે એક્સપોર્ટ માટે મોકલાય છે, તેમને ઘરેલૂ બજારમાં વેચાતી કારોની તુલનામાં ઘણું વધુ રસ્ટ પ્રોટેક્શન મળે છે. ભારતમાં નિર્મિત વાહનો જો યુરોપ, જાપાન, નોર્થ અમેરિકા અને આફ્રિકા જતા હોય, તો તેમાં સામાન્ય રીતે 70% અથવા તેથી વધુ ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ વાપરવામાં આવે છે અને 6-12 વર્ષની એન્ટી-કોરોઝન વોરંટી મળે છે. તેનાથી વિપરીત, ભારતમાં વેચાતી મોટા ભાગનીમાસ-માર્કેટ કારોમાં ગેલ્વેનાઈઝેશન બહુ ઓછું હોય છે અને લગભગ કોઈ કોરોઝન વોરંટી અપાતી હોતી નથી.આ તફાવતે ગ્રાહક અધિકારો, વાહન સુરક્ષા અને કોરોઝનથી ભારતને થતા ભવ્ય આર્થિક નુકસાન વિશેની ચિંતાઓને વધારી દીધી છે. અભ્યાસો દર્શાવે છે કે રસ્ટથી થતા નુકસાનથી દેશને વાર્ષિક લગભગ 5% જીડીપી - 100 અબજ ડોલરથી વધુનું નુકસાન થાય છે, જેનાથી વાહનો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્ડસ્ટ્રિયલ સિસ્ટમ્સને પ્રભાવિત કરે છે.

## કિયા ઈન્ડિયા દ્વારા શાઈન ઝોનના લોન્ચ સાથે માલિકી અનુભવને વધુ બહેતર બનાવાયો

(એજન્સી) અમદાવાદ | તા 01

દેશની સૌથી પ્રગતિશીલ માસ પ્રીમિયમ કાર ઉત્પાદકમાંથી એક કિયા ઈન્ડિયાએ જયપુરમાં તેનો પ્રથમ શાઈન ઝોન કાર ડિટેઈલિંગ સ્ટુડિયો શરૂ કર્યો છે. બ્રાન્ડની ડીલરશિપમાં સ્થિત આ અત્યાધુનિક



એકમ ઉચ્ચ ગુણવત્તાના, પ્રીમિયમ કાર સમાધાન માટે વધતી ગ્રાહકોની અગ્રતાને પહોંચી વળવા માટે વિકસાવવામાં આવ્યું છે.શાઈન ઝોન સેરામિક કોટિંગ, એક્સટીરિયર અને ઈન્ટીરિયર એનરિચમેન્ટ, એસી ડિઝિન્ફેક્ટન્ટ ટ્રીટમેન્ટ અને અંડરબોડી પ્રોટેકશન વગેરે સહિત વેહિકલ કેર સર્વિસીસની વ્યાપક શ્રેણી ઓફર કરે છે, જે વાહનનો દેખાવનું સંવર્ધન કરવા, મુખ્ય ઘટકોનું રક્ષણ કરવા અને દીર્ઘ ટકાઉ કામગીરીની ખાતરી રાખવા માટે તૈયાર કરાઈ છે.

## દાહોદ : વાડામાં ગેરકાયદે રીતે લીલા ગાંજાના છોડ ઉછેરનાર વૃદ્ધની ધરપકડ

(એજન્સી) દાહોદ | તા.01

દાહોદ તાલુકાના ખાપરીયા ગામમાં એસ.ઓ.જી. (SOG) અને કતવારા પોલીસની સંયુક્ત કાર્યવાહી દરમિયાન 67 વર્ષીય વૃદ્ધના વાડામાંથી લીલા ગાંજાના 20 છોડ, કુલ 19.510 કિલો વજન અને અંદાજીત 9,75,500 મૂલ્યના, જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસે વૃદ્ધની ધરપકડ કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

દાહોદ SOG PI અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે તેમને ચોક્કસ બાતમી મળી હતી કે ખાપરીયા ગામના ચાછલા ફળિયામાં રહેતા પનિયાભાઈ રતનાભાઈ અમલીયાર (વય 67) પોતાના વાડામાં ગેરકાયદે રીતે લીલા ગાંજાના છોડ ઉછેરી રહ્યા છે. બાતમીને આધારે SOG અને કતવારા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

**મોટા પ્રમાણમાં ઉછેરવામાં આવેલા ગાંજાના 20 છોડ મળી આવ્યા**

પોલીસે પનિયાભાઈને હાજર રાખી વાડાની તલાશી લીધી, જ્યાંથી મોટા પ્રમાણમાં ઉછેરવામાં આવેલા ગાંજાના 20 છોડ મળી આવ્યા. તમામ છોડનો જથ્થો અને કિંમત આંક્યા બાદ પોલીસએ મુદ્દામાલ જપ્ત કરીને વૃદ્ધની ધરપકડ કરી. કતવારા પોલીસે વૃદ્ધ સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે અને સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

ડ્રગ્સ જપ્તી મામલે મોટા માથાઓ સુધી તપાસના દોરા લંબાયા, ડ્રગ્સ રેકેટમાં પકડાયેલા દસ પેડલર્સની પૂછપરછમાં મોટા ખુલાસા થશે

# ગુજરાતમાં 500 કરોડના ડ્રગ્સનો જથ્થો પકડાયો

(એજન્સી) ગાંધીનગર । તા. 01

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં ડ્રગ્સ અને માદક પદાર્થોની હેરાફેરીના મુદ્દે ચાલી રહેલા આંતરીક ગુપ્ત ઓપરેશનમાં આજે દેશવ્યાપી ખળભળાટ મચી જાય તેવી સફળતા મળી છે. ગુજરાત પોલીસના એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) અને કોસ્ટ ગાર્ડની સંયુક્ત ટીમે એક ગુપ્ત માહિતીના આધારે કરેલી મોટી કાર્યવાહીમાં આશરે 500 કરોડની કિંમતનો માદક પદાર્થનો વિશાળ જથ્થો જપ્ત કર્યો છે. માત્ર જપ્તી જ નહીં, પરંતુ આ આંતરરાજ્ય ડ્રગ્સ રેકેટમાં સામેલ દસ મુખ્ય પેડલર્સને પણ ઝડપી પાડવામાં આવ્યા છે. આ સફળતા ગુજરાતની સુરક્ષા એજન્સીઓ માટે એક મોટો પડકાર અને સિદ્ધિ બંને છે, જે દર્શાવે છે કે તસ્કરો ગુજરાતના દરિયાકાંઠાનો ઉપયોગ ડ્રગ્સના ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે કરી રહ્યા હતા.

### દરિયાઈ માર્ગે ડ્રગ્સ ઘુસાડવાનું ષડયંત્ર

પ્રાથમિક માહિતી અને સૂત્રો દ્વારા મળેલા અહેવાલ મુજબ, આ સમગ્ર ષડયંત્ર આંતરરાષ્ટ્રીય સ્તરે ગૂંથાયેલું હતું. ગુજરાતના લાંબા અને સંવેદનશીલ દરિયાકિનારાનો ફાયદો ઉઠાવીને આ ડ્રગ્સનો જથ્થો સમુદ્રી માર્ગે રાજ્યમાં ઘુસાડવામાં આવ્યો હતો, જ્યાંથી તે દેશના અન્ય રાજ્યોમાં અને મોટા શહેરોમાં પહોંચાડવાનો પ્લાન હતો. પકડાયેલા માદક પદાર્થમાં મુખ્યત્વે મેફેડ્રોન અને હેરોઈનનો સમાવેશ થાય છે, જે યુવા પેઢીને નિશાન બનાવીને તૈયાર કરવામાં આવ્યો હતો. સુરક્ષા એજન્સીઓ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું હતું અને આ બાતમી ખૂબ જ વિશ્વસનીય હોવાથી એક ચોક્કસ જગ્યાએ છાપો મારવામાં આવ્યો હતો.

### ડ્રગ્સ જપ્તી: અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી

આ વર્ષની આ સૌથી મોટી ડ્રગ્સ જપ્તી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ, જપ્ત કરાયેલા ડ્રગ્સની બજાર કિંમત 500 કરોડથી વધુ હોવાનો અંદાજ છે. આ કાર્યવાહી માત્ર ડ્રગ્સ પકડવા પૂરતી સીમિત નથી, પરંતુ પકડાયેલા દસ પેડલર્સ એક મજબૂત કડીરૂપ સાબિત થઈ શકે છે. પકડાયેલા લોકોમાં સ્થાનિક લોકો ઉપરાંત પડોશી રાજ્યોના શખ્સોનો પણ સમાવેશ થાય છે, જે દર્શાવે છે કે આ રેકેટના તાર ઘણા દૂર સુધી ફેલાયેલા છે. પોલીસનું કહેવું છે કે આ ડ્રગ્સ રેકેટના




મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા માટે યુદ્ધના ધોરણે તપાસ ચાલી રહી છે અને ટૂંક સમયમાં જ વધુ ધરપકડો થવાની સંભાવના છે.

### મુખ્યમંત્રીએ સુરક્ષા એજન્સીઓને અભિનંદન પાઠવ્યા

રાજ્યના મુખ્યમંત્રીએ આ સફળતા બદલ ગુજરાત પોલીસ અને કોસ્ટ ગાર્ડની ટીમને જાહેરમાં અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, "ગુજરાતની ધરતી પર ડ્રગ્સ અને નશાના કારોબારને કોઈ સ્થાન નથી. અમે અમારી યુવા પેઢીને બચાવવા માટે કટિબદ્ધ છીએ અને આ પ્રકારના ગુનાહિત તત્વોને ક્યારેય માફ કરવામાં નહીં આવે." રાજ્ય સરકારે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે આ મામલે ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે અને આરોપીઓને કડકમાં કડક સજા મળે.

### તપાસના દોરા અને આવનારા દિવસો

હાલમાં, પકડાયેલા તમામ આરોપીઓને રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પૂછપરછ દરમિયાન કેટલાક મોટા માફિયાઓ અને આર્થિક મદદ કરનારા લોકોના નામો પણ સામે આવી શકે છે. તપાસની ટીમ ડ્રગ્સના સોર્સ અને ડેસ્ટિનેશન બંનેની ઝીણવટભરી તપાસ કરી રહી છે. ખાસ કરીને, હવાલા મારફતે થયેલા નાણાકીય વ્યવહારો અને ડ્રગ્સના કન્ટેનરને ક્યાં છુપાવવામાં આવ્યું હતું તેની વિગતો મેળવવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ કાર્યવાહીથી ગુજરાતમાં ડ્રગ્સના કારોબારને એક મોટો ફટકો પડ્યો છે અને સુરક્ષા વ્યવસ્થાની સઘનતા ફરી એકવાર સાબિત થઈ છે. આવનારા દિવસોમાં આ ડ્રગ્સ રેકેટમાં વધુ ચોંકાવનારા ખુલાસા થવાની પૂરી સંભાવના છે.

## કેન્દ્રીય મંત્રી અમિતભાઇ શાહના હસ્તે

### અમદાવાદને 7 ડિસેમ્બરે રૂ. 2395.77 કરોડના ખર્ચે સંભવિત 68 જેટલા વિકાસ કામોની ભેટ મળશે





(એજન્સી) અમદાવાદ । તા. 01

અમદાવાદ શહેરના સર્વાંગી વિકાસને વેગ મળે તે ઉદ્દેશ સાથે ગાંધીનગર લોકસભાના સાંસદ તથા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દ્વારા વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન 7 ડિસેમ્બર, રવિવારના રોજ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર લોકસભા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. 618.27 કરોડનાં ખર્ચે 15 કામોનું લોકાર્પણ થશે. આ સાથે સાથે 2 આવાસોના ડ્રો પણ યોજાશે.


જેમાં રૂ. 127.67 કરોડનાં આવાસ સંબંધિત કામોનો પણ સમાવેશ થાય છે. આ સિવાય રૂ. 540.78 કરોડનાં ખાતમુહૂર્ત 13 કામોનાં ખાતમુહૂર્ત પણ થશે. આમ, આ વિસ્તારમાં કુલ મળીને રૂ. 1286.72 કરોડના ખર્ચે 30 કામો અને વિકાસ પ્રકલ્પોનો જાહેર જનતાને સમર્પિત થશે.

જ્યારે અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. 273.94 કરોડના ખર્ચે 15 કામોનું લોકાર્પણ થશે. જ્યારે રૂ. 835.11 કરોડના ખર્ચે 23 કામોના ખાતમુહૂર્ત પણ થશે. આમ, આ વિસ્તારમાં રૂ. 1109.05 કરોડનાં ખર્ચે કુલ 38 જેટલા કામો અને પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થશે.

આમ, બંને લોકસભા વિસ્તારોને મળીને, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. 2395.77 કરોડના ખર્ચે સંભવિત 68 જેટલા વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થશે. આ પ્રોજેક્ટ્સ થકી આગામી દિવસોમાં શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શહેરી સુવિધાઓ, ડ્રેનેજ, માર્ગ, પાર્ક તેમજ હરિત વિકાસ સહિતના ક્ષેત્રોમાં વિકાસ જોવા મળશે.

## ગુજરાત રાજભવનનું નામ હવેથી ગુજરાત 'લોકભવન'

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, 'લોકભવન'નું મૂળતત્ત્વ, જનતા સર્વોપરી



ગુજરાત રાજભવનનું નામ હવેથી ગુજરાત 'લોકભવન'




ગુજરાતના માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કેન્દ્ર સરકારના માર્ગદર્શનના અનુસંધાનમાં એક મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. ગુજરાત રાજભવનનું નામ હવે સત્તાવાર રીતે 'લોક ભવન' રાખવામાં આવ્યું છે. આ પગલું લોક ભવનને વધુ જનસંપર્કક્ષમ, પારદર્શક અને લોકોના કલ્યાણને અર્પિત બનાવવાના ઉદ્દેશ સાથે જનચેતનાની નવી દિશા રજૂ કરશે.

'લોક ભવન' તરીકે ઓળખાતું આ ભવન હવે માત્ર માનનીય રાજ્યપાલનું નિવાસસ્થાન કે કાર્યાલય પૂરતું જ નથી, પરંતુ રાજ્યના નાગરિકો, સમાજના વિવિધ વર્ગો, વિદ્યાર્થીઓ, સંશોધકો, કૃષિકારો અને નાગરિક સંગઠનો સાથે સંવાદ અને સહભાગીતાનું જીવંત કેન્દ્ર બની રહેશે.

### લોકકલ્યાણકારી પ્રયાસો હાથ ધરાયા

રાજ્યપાલએ ઉમેર્યું કે, છેલ્લા વર્ષોમાં ગુજરાત રાજભવન દ્વારા અનેક લોકકલ્યાણકારી પ્રયાસો હાથ ધરાયા છે, જેમ કે પ્રાકૃતિક ખેતીનું રાષ્ટ્રવ્યાપી અભિયાન, યુનિવર્સિટીઓમાં નૈતિક શિક્ષણનું મજબૂતીકરણ, યુવાનો અને શોધાર્થીઓ સાથે સંવાદ, પર્યાવરણ સંરક્ષણ, મહિલા સશક્તિકરણ અને આદિવાસી વિકાસને પ્રોત્સાહિત કરતી પ્રવૃત્તિઓ. આ નિર્ણય રાજ ભવનના જનસેવાલક્ષી અભિગમને વધુ મજબૂત બનાવશે.

મહત્વનું છે કે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી રાજ્યના ગ્રામ વિસ્તારની મુલાકાત લઈ રાત્રિ નિવાસ કરે છે. તેમજ ગામના અનુસુચિત જાતિ/જનજાતિ પરિવાર સાથે સાદું ભોજન તેમજ ગ્રામસફાઈ, પ્રાકૃતિક કૃષિ, વૃક્ષારોપણ અને ગામના સર્વાંગી વિકાસ માટે જનસંવાદ યોજી રહ્યા છે.

## કોકિલાબેન ધીરુભાઈ હોસ્પિટલે ગ્લોબલ ESG બેન્ચમાર્ક પ્રાપ્ત કર્યો



હેલ્થકેર સસ્ટેનેબિલિટી માટે JCI ડિસ્ટિંક્શન પ્રાપ્ત કરનાર ભારતમાં પ્રથમ અને વિશ્વમાં પાંચમી હોસ્પિટલ બની

(એજન્સી) અમદાવાદ | તા 01

કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (મુંબઈ) એ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તેમને જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ (JCI) તરફથી, ઈન્ટરનેશનલ હોસ્પિટલ ફેડરેશનના જીનીવા સસ્ટેનેબિલિટી સેન્ટર સાથેની ભાગીદારીમાં, તેમના હેલ્થકેર સસ્ટેનેબિલિટી પ્રોગ્રામ માટે સર્ટીફિકેટ ઓફ ડિસ્ટિંક્શન (પ્રમાણપત્ર) મળ્યું છે.

### મુખ્ય સિદ્ધિઓ:

આ વૈશ્વિક માપદંડ અઘરો હતો તેમ છતાં તેને પૂરો કરનારી કોકિલાબેન પ્રથમ હોસ્પિટલ બની છે

કોકિલાબેન વિશ્વભરની પાંચમી એવી હોસ્પિટલ છે જેને આ ઉચ્ચ સન્માન મેળવ્યું છે


### આ સન્માનનું મહત્વ :

આ સન્માન અત્યંત જરૂરિયાતના સમયે હોસ્પિટલને મળ્યું છે એમ કહીએ તો ના નહીં કેમ કે હાલ કાર્બન ઉત્સર્જનની બાબતમાં, હેલ્થકેર ઉદ્યોગ વિશ્વના ટોપ-5 ઉદ્યોગોમાંનો એક છે.

વૈશ્વિક હેલ્થકેર સિસ્ટમ્સ હવે કાર્યકારી જોખમો ઘટાડવા અને આબોહવા (ક્લાઈમેટ) સંબંધિત પડકારો સામે તેમની સ્થિરતા વધારવાના પ્રયાસોને ઝડપી બનાવી રહી છે. કોકિલાબેન હોસ્પિટલની આ સફળતા, ક્લાઈમેટ-રિલેટેડ ફાયનાન્શિયલ ડિસ્ક્લોઝર (TCFD) અને ઈન્ટરનેશનલ સસ્ટેનેબિલિટી સ્ટાન્ડર્ડ બોર્ડ (ISSB) જેવા માળખાઓ હેઠળ, આબોહવા-સંબંધિત જોખમો વિશે વિશ્વને માહિતગાર કરવા અંગે વધતા જતાં વૈશ્વિક ફોકસ ઉપર વધારે ધ્યાન રાખવા બાબતે કાર્યરત છે

### લાંબા ગાળાનું મૂલ્ય અને ભવિષ્યની યોજના:

હોસ્પિટલના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર શ્રી ડોક્ટર સંતોષ શેટ્ટીએ આ સિદ્ધિનું આર્થિક અને સ્ટ્રેટેજિક મૂલ્ય સમજાવ્યું.



## AU સ્મોલ ફાઇનાન્સ બેંકે રણબીર કપૂર અને રશ્મિકા મંદાનાને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જોડ્યા

(એજન્સી) અમદાવાદ | તા 01

ભારતની સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક અને યુનિવર્સલ બેંકમાં રૂપાંતરિત થવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી સૈદ્ધાંતિક મંજૂરી મેળવનાર પ્રથમ AU સ્મોલ ફાઈનાન્સ બેંક (AU SFB) એ રણબીર કપૂર અને રશ્મિકા મંદાનાને તેના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કર્યા છે. આ ભાગીદારી ભારતના શહેરી, મેટ્રો અને દૂરના બજારોમાં મજબૂત હાજરી સાથે પસંદગીના રાષ્ટ્રીય બેંકિંગ બ્રાન્ડ બનાવવાના AU SFB ના પ્રયાસને મજબૂત બનાવે છે.રણબીર કપૂરની બહુમુખી પ્રતિભા અને અપાર લોકપ્રિયતા તેમને ભારતના પ્રેક્ષકોમાં, ખાસ કરીને શહેરી વ્યાવસાયિકોમાં, જે વિશ્વાસ અને વિશ્વસનીયતાને મહત્વ આપે છે, એક શક્તિશાળી અવાજ બનાવે છે. રશ્મિકા મંદાના દક્ષિણ ભારત સહિત દેશભરના યુવા પ્રેક્ષકોમાં તેમની સંબંધિતતા અને સમકાલીન આકર્ષણને કારણે મજબૂત પડઘો પાડે છે. સાથે મળીને, તેઓ મહત્વાકાંક્ષા, પ્રમાણિકતા અને પ્રાદેશિક સુસંગતતાનું સંતુલિત મિશ્રણ પ્રદાન કરે છે જે AU SFB ની દેશભરના વિવિધ ગ્રાહક જૂથો સાથે જોડાવાની મહત્વાકાંક્ષા સાથે સુસંગત છે.આ સહયોગ બચત ખાતા અને ચાલુ ખાતામાં તેની મુખ્ય ઉત્પાદન મજબૂતાઈઓ માટે વધુ મજબૂત પસંદગી લાવવા પર AU SFB નું ધ્યાન કેન્દ્રિત કરવાને સમર્થન આપે છે.

## ટોયોટા કિર્લોસ્કર મોટર દ્વારા નવેમ્બર 2025માં 33,752 યુનિટ્સનું વેચાણ

(એજન્સી) અમદાવાદ | તા 01

ટોયોટા કિર્લોસ્કર મોટર (ટીકેએમ) દ્વારા આજે નવેમ્બર 2025 માટે તેની વેચાણ કામગીરીની ઘોષણા કરી હતી, જેમાં તેણે કુલ 33,752 યુનિટ્સનું વેચાણ કર્યું હતું. આમાં ઘરઆંગણાની બજારમાં 30,085 યુનિટ્સના વેચાણનો સમાવેશ થાય છે, જ્યારે 3667 યુનિટ્સની નિકાસ કરાઈ હતી.

પ્રવક્તા જણાવે છે:

"સરકારની પ્રગતિશીલ જીએસટી સુધારણાના ટેકા સાથે હકારાત્મક તહેવારની મોસમને લઈ અમે 28 ટકાની વૃદ્ધિ સાથે મજબૂત ગતિ જાળવી રાખવાનું ચાલુ રાખ્યું છે. અબન ક્રુઝર હાયરાઈડર એરો એડિશન અને ફોર્ચ્યુનર લીડર એડિશનની તાજેતરની રજૂઆતે અમને તેની વૃદ્ધિની ગતિ પર ભાર આપવામાં, દેશભરમાં સન્માન પ્રાપ્ત કરવામાં મદદ કરવાનું ચાલુ રાખ્યું છે. ઈનોવેટિવ પહેલોમાં ડ્રમ તાઓ અને બેન્ગલોરમાં ટોયોટા એક્સપીરિન્શિયલ મ્યુઝિયમ (ટીએએમ)ના લોન્ચના ભારે સરાહના કરવામાં આવી રહી છે, જે ગ્રાહક સહભાગ અને બ્રાન્ડ જોડાણ વધુ મજબૂત બનાવે છે."ટોયોટા કિર્લોસ્કર મોટરે ભારત- જાપાનની સંસ્કૃતિની ઉજવણી કરતી 14 શહેરી ઈન્ડિયા ટુરના ભાગરૂપે જાપાનના ખ્યાતિપ્રાપ્ત પરફોર્મન્સ ગ્રુપ અને ટોયોટાના બ્રાન્ડ એમ્બેસેડર ડ્રમ તાઓની યજમાની કરી હતી.

## શિયાળાના ટ્રાન્ઝિશન ફેઝમાં વાયરલ ઈન્ફેક્શન વધ્યા

### નવેમ્બરમાં 350 દર્દીઓએ અમદાવાદ સિવિલમાં સારવાર મેળવી, એલર્જી ધરાવતા લોકોને સતર્ક રહેવાની સલાહ

(એજન્સી) અમદાવાદ | તા 01

અત્યારે ચોમાસું પૂરું થતું અને શિયાળો શરૂ થતો ટ્રાન્ઝિશન ફેઝ ચાલી રહ્યો છે. તાપમાનમાં ધીમી ધીમે ઘટાડો થવાથી ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે અને આવતા અઠવાડિયા બાદ ઠંડી વધુ વધવાની શક્યતા છે. ડૉ. રાકેશ જોશીના જણાવ્યા અનુસાર આ સમય સામાન્ય રીતે હેલ્ધી સીઝન ગણાય છે, જો લોકો કસરત અને સારો ખોરાક દ્વારા પોતાની તંદુરસ્તીની કાળજી લે.હાલમાં સૌથી વધુ કેસ વાયરલ ઈન્ફેક્શનના જોવા મળી રહ્યા છે. ગયા એક મહિનામાં સિવિલ હોસ્પિટલમાં 350 જેટલા દર્દીઓએ વાયરલ ઈન્ફેક્શન માટે સારવાર લીધી.

## જયપુરની IIHMR યુનિવર્સિટીમાં ગુજરાતના આરોગ્ય અધિકારીઓની પાંચ દિવસની વિશેષ તાલીમ — પબ્લિક હેલ્થમાં નવીનતા પર ખાસ ભાર

(એજન્સી) અમદાવાદ | તા 01

IIHMR યુનિવર્સિટીએ ગુજરાત સરકારના આરોગ્ય અધિકારીઓ માટે "મજબૂત હેલ્થ સિસ્ટમ" વિષય પર પાંચ દિવસીય મેનેજમેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (MDP)નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ધ્યેય લીડરશિપ મજબૂતી, ડેટા-ટુ-એક્શન પ્રોસેસ, ડિજિટલ હેલ્થ રેડીનેસ અને પબ્લિક હેલ્થ સિસ્ટમની કામગીરી સુધારવા પર કેન્દ્રિત હતો.આ તાલીમમાં ગુજરાતના વિવિધ આરોગ્ય સંસ્થાઓ–GMERS મેડિકલ કોલેજ, જિલ્લા હોસ્પિટલ, SHSRC અને NHM યુનિટ–માંથી મેડિકલ ઓફિસર, પ્રોફેસર, એડમિનિસ્ટ્રેટર અને પોલિસી પ્લાનર સહિત કુલ 30 પ્રતિભાગીઓએ સક્રિય રીતે ભાગ લીધો.IIHMR યુનિવર્સિટીના પ્રમુખ ડૉ. પી.આર. સોડાનીએ જણાવ્યું કે, "મજબૂત હેલ્થ સિસ્ટમ માટે સક્ષમ લીડરશિપ, ડેટા ઈન્ટેલિજન્સ અને ડિજિટલ રેડીનેસ જેવા આધારભૂત તત્વો ખૂબ જ જરૂરી છે. ગુજરાત જેવા ઝડપી વિકસતા રાજ્ય માટે આ ક્ષેત્રોની મજબૂત સમજ અત્યંત જરૂરી બની રહી છે.પાંચ દિવસના આ કાર્યક્રમ દરમિયાન પ્રતિભાગીઓએ વિવિધ ઈન્ટરેક્ટિવ સેશનમાં ભાગ લીધો, જેમાં હેલ્થ એડમિનિસ્ટ્રેશન માટેની લીડરશિપ અને નિર્ણય-લેવાની પ્રક્રિયા, હેલ્થ ડેટા અને ઈન્ડિકેટર્સ, પ્રોગ્રામ મોનીટરીંગ, ડેટા-ટુ-એક્શન પ્રેક્ટિસ, ડેટા વિઝ્યુઅલાઈઝેશન અને ડેશબોર્ડિંગ, સ્ટ્રેટેજિક પ્લાનિંગ, મેનેજમેન્ટ એક્સરસાઈઝ, ગ્રૂપ પ્રેઝન્ટેશન, તેમજ ડિજિટલ હેલ્થ ઈનોવેશન અને હેલ્થકેરમાં AIના ઉપયોગ પર ચર્ચા કરવામાં આવી. સાથે જ જનરેટિવ AI આધારિત પ્રેડિક્ટિવ એનાલિસિસ જેવા ઉદ્ભવતા ક્ષેત્રો પર પણ તાલીમ આપવામાં આવી.

## રાજ્યમાં આ વર્ષે વરસાદ અને અતિવૃષ્ટિના કારણે 136 લોકોનાં મોત

(એજન્સી) અમદાવાદ | તા 01

રાજ્યમાં ચાલુ વર્ષે અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદના કારણે ખેતીપાકને માઠી અસર પહોંચી છે. આ ઉપરાંત ચોમાસાની સિઝન દરમિયાન 136 લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. જ્યારે 14 હજાર જેટલા કાચા પાકા મકાનને નુકસાન પહોંચ્યું છે. રાજ્ય સરકાર દ્વારા મકાન અને માનવ મૃત્યુ માટે 91 કરોડની સહાય મંજૂર કરવામાં આવી છે.રાજ્યમાં આ વર્ષે વરસેલા સિઝનના વરસાદની વાત કરીએ તો, સરેરાશ સામે 128.57 ટકા વરસાદ નોંધાયો છે. ચોમાસાની સત્તાવાર વિદાય બાદ પણ રાજ્યમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. જેના કારણે લોકો અને મકાનને નુકસાની ઉપરાંત ખેતીને પણ માઠી અસર પહોંચી હતી.

## પેઢાની તકલીફોને અવગણશો નહીં, મોંના સ્વાસ્થ્ય માટે જરુરી પગલાં

(એજન્સી) અમદાવાદ | તા 01

ડૉ. સોનિયા દત્તા, MDS, Ph.D., પબ્લિક હેલ્થ ડેન્ટિસ્ટ્રીના પ્રોફેસર અનુસાર, પેઢાનો રોગ એક સામાન્ય પરંતુ ઘણીવાર અવગણવામાં આવતી સ્થિતિ છે જેમાં મોંમાં ગંભીર તકલીફો જોવા મળે છે. દાંત પડવા અને ડાયાબિટીસ, હૃદય રોગ અને પ્રેગ્નન્સીમાં તકલીફ જેવી ગંભીર સમસ્યાઓ તરફ દોરી શકે છે. નિવારણ અને સારવાર તરફ પ્રારંભિક પગલાં લેવા માટે પેઢાના રોગ સાથે સંકળાયેલા કારણો અને જોખમ પરિબળોને સમજવા મહત્વપૂર્ણ છે. વહેલાસર ખ્યાલ અને સારવાર લાંબા ગાળાની તકલીફોના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે. સ્વસ્થ પેઢા મજબૂત દાંતનો પાયો છે. લવિંગ અને લીમડા જેવા કુદરતી ઘટકોથી સમૃદ્ધ, ડાબર રેડ પેસ્ટ બેક્ટેરિયા સામે લડીને અને મૌખિક સ્વચ્છતાને પ્રોત્સાહન આપીને તમારા પેઢાને સારી સ્થિતિમાં રાખવામાં મદદ કરે છે. મજબૂત દાંત અને સ્વસ્થ પેઢા માટે તેને તમારી દિનચર્યાનો એક ભાગ બનાવો. પેઢાના રોગ માટે સામાન્ય કારણો અને જોખમ :પ્લાક જમા થવું એ પેઢાના રોગનું મુખ્ય કારણ છે. જો સારવાર ન કરવામાં આવે તો, તે સખત થઈને ટાર્ટર બની જાય છે, જે પેઢામાં બળતરા કરે છે અને જીંજીવાઈટિસ અને અંતે પીરિયોડોન્ટાઈટિસ તરફ દોરી જાય છે. પેઢાના રોગ માટેના સામાન્ય જોખમ પરિબળોમાં ધૂમ્રપાન, ડાયાબિટીસ અને નબળી મૌખિક સ્વચ્છતાનો સમાવેશ થાય છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# વડોદરામાં NH 48 પર છોટાહાથી ટેમ્પો પલટી, ચાલકનું મોત

## અન્ય યુવકને ઈજા, બન્ને ડિલવરીનો સમાન લઈ જતા હતાં; મૃતકના 9 મહિના પહેલાં જ લગ્ન થયા હતાં

(એજન્સી) વડોદરા | તા. 1

વડોદરાના દુમાડ ચોકડી નજીક નેશનલ હાઈવે 48 પર આજે 1 ડિસેમ્બરે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.એક છોટા હાથી ટેમ્પો પલટી મારીને ડિવાઈડર કૂદીને અન્ય માર્ગ પર જતું રહ્યું હતું. જેમાં ટેમ્પોચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત થયું છે. જ્યારે તેની સાથેના એક વ્યકિતને ઈજાઓ થતાં સારવારમાં ખસેડાયો હતો. મળતી વિગત અનુસાર મૃતકના નવ મહિના અગાઉ લગ્ન થયા હતા.

આ અકસ્માત છાણી પોલીસ સ્ટેશનની હદમાં, દુમાડથી જીએસએફસી બ્રિજ તરફ જતા મેન હાઈવે પર બન્યો હતો. આ બંને યુવકો ડિલિવરી બોય છે અને તેઓ સમાન લઈને જતા હતા તે દરમ્યાન ટેમ્પો છોટા હાથી પલટી માર્યો હતો. આ અકસ્માતમાં છોટા હાથી ટેમ્પો ચલાવી રહેલા કલ્પેશભાઈ જયંતીભાઈ માળી (ઉંમર 21, રહે. દોડકા, વડોદરા) ને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જેને કારણે તેમના પરિવારમાં શોક અને ગમગીની છવાઈ ગઈ છે. મૃતકને પરિવારમાં માત્ર માતા છે અને તેને નાનો ભાઈ છે, મૃતકના નવ મહિના અગાઉ લગ્ન થયા હતા.

અકસ્માતમાં મૃતક કલ્પેશની બાજુમાં બેસેલા અન્ય એક યુવક કિરણ મકવાણાને પણ ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક કાર્યવાહી કરીને ઈજાગ્રસ્ત કિરણને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મૃતદેહને પીએમમાં ખસેડીને છાણી પોલીસ સ્ટેશન દ્વારા આ અકસ્માતની ઘટના અંગે ગુનો નોંધવાની વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવે પર કણભા પાસે ટ્રિપલ અકસ્માત થયો છે જેમાં 3ના મોત થયા છે. પટેલ ટ્રાવેલ્સની લકઝરી અને કિયા કાર અથડાતા બંનેના ડ્રાઈવર નીચે ઉતરી સમાધાન કરતા હતા તે સમયે જ પાછળથી આવતી ટ્રકે લક્ઝરી બસને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં 15 લોકો ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલમાં ખસેડાયા હતા.



## સુરતમાં 18 વર્ષીય બાઈકરનું અકસ્માતે મોત, રોડ પર માંસના ટુકડા વિખેરાયા; 'લેલા' (KTM)ને પ્રેમ કરવો ભારે પડ્યો

# બે દિવસ પહેલાં મોતની રીલ બનાવી, આજે માથું ધડથી અલગ



(એજન્સી) સુરત | તા. 01

સુરતમાં એક અત્યંત હૃદયદ્રાવક અને લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે, જેણે દરેક વાલી અને યુવાનોને હચમચાવી દીધા છે. 'ઝડપની મજા, મોતની સજા' આ કહેવત સુરતના બ્રેડ લાઈનર સર્કલ પાસે સાચી પડી છે. માત્ર 18 વર્ષની વયના એક આશાસ્પદ યુવાન અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર પ્રિન્સ પટેલનું બાઈક અકસ્માતમાં કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ ઘટનામાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે મૃતકે પોતાના મોતના માત્ર બે દિવસ પહેલાં જ સોશિયલ મીડિયા પર એક રીલ પોસ્ટ કરી હતી, જેમાં તે મોત અને સ્વર્ગની વાતો કરી રહ્યો હતો, જે આજે તેના માટે એક ભયાનક હકીકત બની ગઈ છે.

પ્રિન્સ પટેલ પોતાની KTM બાઈક લઈને સુરતના યુનિવર્સિટી રોડ તરફથી આવી રહ્યો હતો અને બ્રેડ લાઈનર બ્રિજ પરથી નીચે ઉતરી રહ્યો હતો. બ્રિજ ઊતરતી વખતે બાઈકની સ્પીડ એટલી વધારે હતી કે તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. કાબૂ ગુમાવતાં બાઈક જોરદાર ધડાકા સાથે ડિવાઈડર સાથે અથડાઈ હતી. અકસ્માતની તીવ્રતા એટલી ભયાનક હતી કે જોનારાનાં કાળજાં કંપી ગયાં હતાં. પ્રિન્સનું માથું અને ધડ અકસ્માતના કારણે અલગ થઈ ગયાં હતાં અને ઘટનાસ્થળે જ તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું.

અકસ્માતની જાણ થતાં જ ખટોદરા પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ તેને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. 18 વર્ષના જુવાનજોધ દીકરાના અચાનક મોતથી પટેલ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પ્રિન્સે હેલ્મેટ પહેર્યું ન હતું. જો તેણે સારી ગુણવત્તાનું હેલ્મેટ પહેર્યું હોત તો કદાચ આ જીવલેણ ઈજાથી બચી શકાયું હોત અથવા તો શરીરનાં અંગો આ રીતે ક્ષતવિક્ષત ના થયાં હોત.

આ ગમખ્વાર અકસ્માત અંગે ટ્રાફિક ડીસીપી પન્ના મોમાયાએ દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે માતાએ ખૂબ મહેનત કરીને તેને ભણાવ્યો હતો, પરંતુ ઓવરસ્પીડિંગને કારણે આ ઘટના બની. તેમણે લોકોને અપીલ કરી છે કે રીલ બનાવવાની ઘેલછામાં યુવાનો ઓવરસ્પીડિંગ કરી રહ્યા છે, જે ખૂબ જ જોખમી છે. આવાં જોખમી કૃત્યોથી દૂર રહેવું જોઈએ અને સુરક્ષાના નિયમોનું પાલન કરવું જોઈએ.

### પ્રિન્સને પોતાની 'લેલા' પ્રત્યે દીવાનગી હતી

પોલીસ તપાસ અને પ્રિન્સના સોશિયલ મીડિયા એકાઉન્ટ (PKR BLOGGER) પરથી મળેલી વિગતો મુજબ, પ્રિન્સને પોતાની નવી KTM બાઈક પ્રત્યે દીવાનગી હતી. તે પોતાની આ બાઈકને પ્રેમથી 'લેલા' કહીને બોલાવતો હતો. કરુણતા એ છે કે અકસ્માતના માત્ર બે દિવસ પહેલાં જ તેણે ઈન્સ્ટાગ્રામ પર પોતાની બાઈકને લઇ એક રીલ બનાવી શેર કરી હતી.

આ રીલમાં એક ડાયલોગ હતો કે, જબ તક મજનુ જિંદા થા ઉસે ઈસ દુનિયા મેં લેલા સે ખૂબસૂરત કોઈ લગી નહીં, લેકિન અબ વહ ઉસ જહાન મેં હૈ જહાં હુર ઔર પરિયા ભી રહેતી હૈ, લેકિન વહા જાકર ઉસે લેલા સે હસીન કોઈ લગી નહીં રહી હૈ. આ રીલમાં તે પોતાની બાઈક (લેલા) વિશે વાત કરી રહ્યો હતો કે સ્વર્ગમાં જઈને પણ તેને પોતાની બાઈક જેવું કોઈ સુંદર લાગશે નહીં. આ શબ્દો જાણે કે તેના માટે ભવિષ્યવાણી સાબિત થયા હોય તેમ, આજે તે જ બાઈક પર સવાર થઈને તે કાયમ માટે આ દુનિયા છોડી ગયો છે. તેણે કેપ્શનમાં પણ લખ્યું હતું કે લેલા કે અલાવા કોઈ નહીં.

## ન્યૂઝ ફ્લેશ

### રાજકોટની હવા પ્રદુષિત બની:શહેરમાં શરદી-ઉધરસ-તાવનાં દર્દીઓમાં વધારો થયો

રાજકોટ | રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી શરદી-ઉધરસ અને તાવના દર્દીઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. શહેરના અમુક વિસ્તારોમાં પ્રદુષણનું પ્રમાણ વધ્યું છે. જેને લઈને શરદી-ઉધરસનાં કેસોમાં વધારો થતો હોવાનું નિષ્ણાંતો જણાવી રહ્યા છે. જોકે શિયાળામાં સવારના સમયમાં પ્રદુષણનું પ્રમાણ વધુ હોવાનું સ્વાભાવિક છે. જેને લઈ વહેલી સવારે બહાર નીકળતા લોકોએ માસ્ક પહેરવું હિતાવહ હોવાનું મનપાનાં પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીએ જણાવ્યું હતું. તેમજ લોકોએ ડરવાની નહીં પરંતુ સાવચેત રહેવાની જરૂર હોવાનું જણાવ્યુ હતું. મનપાએ આજે જાહેર કરેલા સાપ્તાહિક રોગચાળાનાં આંકડાઓમાં શરદી-ઉધરસનાં 1314 કેસ અને તાવના 865 કેસ નોંધાયા છે. આ સિવાય ઝાડા-ઉલટીનાં 198 કમળાનાં 2 અને ડેંગ્યુનાં 3 સહિત વિવિધ રોગના મળી કુલ 2,382 કેસ નોંધાયા છે. આમ મનપાનાં આંકડાઓ મુજબ પણ શરદી-ઉધરસ અને સામાન્ય તાવના દર્દીઓ વધ્યા છે. છેલ્લા ત્રણેક સપ્તાહથી એટલે કે શિયાળાની શરૂઆતથી આ કેસો સતત વધી રહ્યા છે. આ પહેલા ગત સપ્તાહે શરદી ઉધરસનાં 1048 અને તાવના 856 કેસો હતા. 10 નવેમ્બરે શરદી ઉધરસના 807 અને સામાન્ય તાવના 717 કેસો સામે આવ્યા હતા. આ રીતે જોઈએ તો છેલ્લા ત્રણેક સપ્તાહમાં શરદી-ઉધરસનાં કેસો ડબલ જેટલા થયા છે. આમ પ્રદુષણનો વધે તેની સાથે શરદી-ઉધરસનાં કેસોમાં વધારો થાય છે.

### બનાસકાંઠા LCB એ ધાનેરાના આલવાડા ગામમાંથી ₹7.36 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

બનાસકાંઠા | બનાસકાંઠા LCB પોલીસે ધાનેરા પોલીસ સ્ટેશન વિસ્તારના આલવાડા ગામની સીમમાંથી દારૂની હેરાફેરી ઝડપી પાડી છે. પોલીસે ટોયોટા કોરોલા ગાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરની કુલ 2154 બોટલ/ટીન જપ્ત કર્યા છે, જેની કિંમત 5,16,761/- છે. ગાડી સહિત કુલ 7,36,761/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેની સૂચના મુજબ, જિલ્લામાં દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ સૂચનાના આધારે, એલ.સી.બી. પાલનપુરના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. દેસાઈના માર્ગદર્શન હેઠળ, ધાનેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ ચાલી રહ્યું હતું. તે દરમિયાન મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે DL12C4239 નંબરની ટોયોટા કોરોલા ગાડીમાંથી દારૂ સાથે આરોપી સુનીલ રામવિલાસ શ્યોકરણ નાઈ (રહે. બજીના, તોશમ, ભિવાની, હરિયાણા) ને પકડી પાડ્યો હતો. પકડાયેલા આરોપી, નાસી છૂટેલા આરોપીઓ, દારૂ ભરાવનાર અને મંગાવનાર તમામ વિરુદ્ધ ધાનેરા પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સુરતમાં ટ્રાફિકના નિયમભંગમાં અર્ધશતક બનાવનાર વાહન ચાલકોના લાઈસન્સ રદ થશે

# 113 વાહનચાલકો પર 'નો-રેહમ' પોલિસી

(એજન્સી) સુરત | તા. 01

સુરતમાં વારંવાર ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા અને ઈ-ચલણના દંડ ભરવામાં બેદરકારી દાખવનારા સુરતીઓ સામે હવે સુરત ટ્રાફિક પોલીસ દ્વારા અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ટ્રાફિક વિભાગે એવા 113 વાહનચાલકોની યાદી તૈયાર કરી છે, જેમણે ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનમાં અર્ધશતક બનાવી દીધું છે, એટલે કે તેમને 50થી પણ વધુ ઈ-ચલણ મળી ચૂક્યા છે.

આ તમામ 113 વાહનચાલકો એવા છે જેમણે આટલી મોટી સંખ્યામાં ઈ-ચલણ આવ્યા હોવા છતાં એક પણ વાર દંડની રકમ ભરી નથી. આ વાહનચાલકોએ લોક અદાલતનો લાભ લેવાની તક પણ જતી કરી છે, જેના કારણે ટ્રાફિક પોલીસે તેમની સામે કડક પગલાં લેવાનો નિર્ણય કર્યો છે.

આ સમગ્ર મામલે સુરત ટ્રાફિકના ડીસીપી પન્ના મોમયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં 113 લોકોને 50થી વધુ ઈ-ચલણ મળ્યા છે, કારણ કે તેઓએ વારંવાર અલગ અલગ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. આ લોકોએ નિયમો તોડવાનું બંધ કર્યું નથી અને દંડ પણ ભર્યો નથી. જેથી અમે હવે આવા બેજવાબદાર લોકોની યાદી તૈયાર કરીને આરટીઓને મોકલી આપી છે.

ડીસીપી મોમયાએ વધુમાં જણાવ્યું કે, ટ્રાફિક પોલીસ દ્વારા આરટીઓને આ 113 વાહનચાલકોના ડ્રાઈવિંગ લાઈસન્સ કાયમી ધોરણે રદ કરવા માટેની ભલામણ કરવામાં આવી છે. ટ્રાફિક પોલીસનો આ ઉદ્દેશ દંડ વસૂલવાનો નહીં, પરંતુ લોકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અને માર્ગ સુરક્ષા પ્રત્યે જાગૃત કરવાનો છે.

લાયસન્સ સસ્પેન્ડ થવાના આ નિર્ણયથી વારંવાર નિયમો તોડતા અન્ય વાહનચાલકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. ટ્રાફિક પોલીસે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે નિયમ ભંગ કરીને જાહેર સલામતી જોખમમાં મૂકતા લોકો સામે હવે કોઈ પણ પ્રકારની નરમાશ રાખવામાં આવશે નહીં.




### 175 લાઇસન્સ 3 માસ માટે - 60 લાઇસન્સ 6 માસ માટે સસ્પેન્ડ

RTO વિભાગે વર્ષ 2025માં પણ કડક વલણ અપનાવતા અત્યાર સુધીમાં વધુ 235 લાઈસન્સ સસ્પેન્ડ કર્યા છે. આ 235 લાઈસન્સ પૈકી, 175 લાઈસન્સ 3 માસ માટે અને 60 લાઈસન્સ 6 માસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સુરત પોલીસ દ્વારા મોકલાયેલા નિયમભંગના કેસોની સંખ્યા જોતાં, લાઈસન્સ સસ્પેન્ડનો આ આંકડો હજી પણ વધવાની શક્યતા છે.

આરટીઓ વિભાગે વારંવાર ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરનારા ચાલકોને સ્પષ્ટ ચીમકી આપી છે કે જો તેઓ સુધરશે નહીં તો તેમના લાયસન્સ કાયમી ધોરણે સસ્પેન્ડ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. ટ્રાફિક પોલીસ અને RTOની આ ઝુંબેશનો હેતુ નાગરિકોને દંડ કરવાનો નહીં, પરંતુ રસ્તા પરની સલામતી વધારવાનો છે.

### બે વર્ષમાં 1465 ડ્રાઇવિંગ લાઇસન્સ સસ્પેન્ડ

સુરત શહેરમાં માર્ગ સુરક્ષા અને ટ્રાફિક નિયમોના સખત પાલન માટે સુરત પોલીસ અને આરટીઓ વિભાગ દ્વારા સંયુક્ત રીતે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. વારંવાર ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો સામે RTO વિભાગે છેલ્લા બે વર્ષમાં 1465 જેટલા ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કર્યા છે.

આ કાર્યવાહી મુખ્યત્વે રોંગ સાઈડમાં વાહન હંકારતા, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા, ઓવરસ્પીડે વાહન હંકારતા, ડ્રંક એન્ડ ડ્રાઈવ કરતા, હેલ્મેટ વિના વાહન હંકારતા, અને ટ્રાફિક સિગ્નલના નિયમોનું ભંગ કરતા વાહનચાલકો સામે કરવામાં આવી છે. RTOના આંકડા મુજબ, 2024માં 1230 ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કરાયા હતા, જેમાં 1138 લાઈસન્સ 3 માસ માટે અને 92 લાઈસન્સ 6 માસ માટે સસ્પેન્ડ થયા હતા.

## ડમ્પર નીચે કચડાઇ જતા બાળકીનું મોત : સુદામડા નજીકની ઘટના

(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 01

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા નજીક સુદામડા ગામ પાસે એક બાળકીનું ડમ્પરની ટક્કરે કરુણ મોત થયું છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સુદામડા ગામ નજીક એક ડમ્પર ચાલક બેફામ રીતે વાહન હંકારી રહ્યો હતો. આ દરમિયાન, રસ્તા પર ઊભેલી કે ચાલી રહેલી બાળકીને ડમ્પરે ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ડમ્પરનું ટાયર બાળકી પર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.



અકસ્માત સર્જાયા બાદ ડમ્પર ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે મૂકીને ફરાર થઈ ગયો હતો. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃત બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. ડમ્પર ચાલકને ઝડપી પાડવા માટે શોધખોળ શરૂ કરવામાં આવી છે. પોલીસે આ અંગે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ડોક્ટર સાથે શેરબજારના નામે ઠગાઈ:48.14 લાખની છેતરપિંડીમાં વધુ એક આરોપી ઝડપાયો, DYSPની પ્રેસ કોન્ફરન્સ

(એજન્સી) મોરબી | તા. 01

મોરબી જિલ્લાના હળવદમાં એક ડોક્ટર સાથે શેરબજારમાં રોકાણના નામે 48.14 લાખ રૂપિયાની ઠગાઈ થઈ છે. આ મામલે મોરબી જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી વધુ એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસ દ્વારા આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર લોભામણી સ્કીમો દ્વારા લોકોને છેતરવામાં આવી રહ્યા છે. આવા જ એક કિસ્સામાં, હળવદના ડો. ચેતનકુમાર લાભુભાઈ જાકાસણીયાને ફેસબુક મેસેન્જર પર 'Irina Fedorova' નામની ID પરથી સ્ટોક એક્સચેન્જમાં રોકાણ કરવાની માહિતી મળી હતી.

આરોપીઓએ કાવતરું રચીને 'Y96 SIG Customer Service' નામનું વોટ્સએપ ગ્રુપ બનાવ્યું અને ડો. ચેતનકુમારને તેમાં ઉમેર્યા. આરોપી દીપક મલ્હોત્રાએ તેમને જુદી જુદી સ્કીમો સમજાવી હતી. ગ્રુપ એડમિન રોહિતસિંઘે અલગ અલગ બેંક એકાઉન્ટ નંબર મોકલી



ડોક્ટર પાસેથી કુલ 43.55 લાખ રૂપિયાનું રોકાણ કરાવ્યું.

જ્યારે ડો. ચેતનકુમારે રોકાણ કરેલી રકમ પાછી ખેંચવા જણાવ્યું, ત્યારે સર્વિસ ટેક્સના નામે વધુ 4.59 લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી. આ રકમ પણ અલગ અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવી હતી. આમ, ડો. ચેતનકુમાર સાથે કુલ 48.14 લાખ રૂપિયાની ઠગાઈ થઈ હતી.

આ ગુનાનો ભેદ ઉકેલવા અંગે DYSP વિરલ દલવાડીએ પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે જણાવ્યું કે, મૂળ રાણેકપર ગામના અને હાલ હળવદના ઉમિયા પાર્ક સોસાયટીમાં રહેતા ડો. ચેતનકુમાર લાભુભાઈ જાકાસણીયાએ ગત 18 નવેમ્બરે સાત મોબાઈલ ધારકો સામે ફરિયાદ નોંધાવી હતી.

જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ એન.એ. વસાવા અને તેમની ટીમે આ મામલે રાહુલ હર્ષદભાઈ ચૌધરી, ખુશ નવીનભાઈ ભાલોડીયા, જયદીપ રામભાઈ લગારીયા, શ્યામ કિશોરભાઈ રૂપાપરા અને રાજુભાઈ દેવાંગભાઈ નાદાણિયાની ધરપકડ કરી છે. આ આરોપીઓની હાલ પૂછપરછ ચાલી રહી છે અને મુખ્ય આરોપીઓને પકડવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## અડાજણ SMC આવાસમાં જુની આદાવતમાં છુટ્ટા હાથની મારામારી; દૃશ્યો જોઈ સ્થાનિકો ફફડી ઉઠ્યાં

# સુરતમાં આખું ટોળું યુવક પર તૂટી પડ્યું

(એજન્સી) સુરત | તા 01

સુરતના અડાજણ વિસ્તારમાં આવેલ SMC આવાસમાં ફરી એકવાર અસામાજિક તત્વોનો આતંક જોવા મળ્યો છે. આ વિસ્તારમાં જાહેર જગ્યા પર બેફામ બનીને અસામાજિક તત્વો દ્વારા છુટ્ટા હાથની મારામારી કરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ સમગ્ર મારામારીની ઘટના ત્યાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જે હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે.

સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, કેટલાક યુવકો ભેગા મળીને એકબીજા સાથે ઉગ્ર બોલાચાલી અને મારામારી કરી રહ્યા છે, જેના કારણે આસપાસના રહેવાસીઓમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. આવી



ઘટનાઓને કારણે આવાસ અને તેના નજીકમાં રહેતા સ્થાનિકો અસામાજિક તત્વોથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે અને તેઓ પોલીસ કમિશનર સમક્ષ યોગ્ય અને કડક કાર્યવાહી કરવાની માગ કરી રહ્યા છે, જેથી ભવિષ્યમાં આવા બનાવો ન બને અને શાંતિ જળવાઈ રહે. સ્થાનિકોની માંગ છે કે, ફરિયાદની રાહ જોયા વિના વાઈરલ વીડિયો અને CCTV ફૂટેજના આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી જોઈએ. અડાજન પીઆઈ વી. એ. જોગરાનાએ જણાવ્યું હતું કે, વીડિયો વાઈરલ થયા બાદ ફરિયાદી આવ્યા છે. આખી હકીકત શું છે તે જાણ્યા બાદ ફરિયાદ લેવામાં આવશે. હાલ જૂની બાબતને લઈ બંને પક્ષો વચ્ચે ઝઘડો થયો હોવાનું જાણવા મળ્યું છે. ફરિયાદના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અગાઉ પણ બંને પક્ષો વચ્ચે ઝઘડો થયો હતો અને ત્યારબાદ સમાધાન થયું હતું, પરંતુ ફરીથી વિવાદ સર્જાતા આ મારામારીની ઘટના બની હતી.

## વલસાડમાં રેલી યોજી સરકાર વિરૂદ્ધ સુત્રોચાર સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું



(એજન્સી) વલસાડ | તા. 01

વલસાડ જિલ્લા કોંગ્રેસે દારૂ અને ડ્રગ્સના બેફામ વેચાણના મુદ્દે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર સુપરત કર્યું છે. કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ જિલ્લા કાર્યાલયથી કલેક્ટર કચેરી સુધી રેલી યોજી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

આ રેલી દરમિયાન કોંગ્રેસના કાર્યકર્તાઓએ ભાજપ વિરોધી નારેબાજી અને સૂત્રોચ્ચાર કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. મોટી સંખ્યામાં કોંગ્રેસના સભ્યો આ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.

કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે જિલ્લામાં દારૂનું બેફામ વેચાણ થઈ રહ્યું છે અને દારૂ-ડ્રગ્સના કારણે અનેક વ્યક્તિઓ પાગલ થઈ ગયા છે. આ ગંભીર મુદ્દાઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી હતી. વલસાડ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કિશન પટેલે જણાવ્યું હતું કે, આ મુદ્દે સરકારની નિષ્ક્રિયતા સામે કોંગ્રેસ અવાજ ઉઠાવતી રહેશે. કોંગ્રેસના આ હલ્લાબોલને કારણે જિલ્લાનું રાજકારણ ગરમાયું છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે.

**વૃષભ : બ. વ. ઉ.**

સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ.

**મિથુન : ક. છ. ઘ.**

બ્લ્ડ પ્રેશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રેડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે.

**કર્ક : ડ. હ.**

તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો- વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો.

**સિંહ : મ. ટ.**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની- તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**કન્યા : પ. ઠ. ણ.**

વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**તુલા : ર. ત.**

કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે.

**વૃશ્ચિક : ન. ય.**

ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો.

**મકર : ખ. જ.**

ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દ્રઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાયા જ્યારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે.

રાજુલા-હિંડોરડા રોડ પર બે કિલોમીટરનું કામ અધૂરું મૂકી દેવાયું

# રાજુલાના હિંડોરડાથી જૂની બારપટોળી રોડ પર મોતનું તાંડવ બિસ્માર રોડ પર ઠેર ઠેર એક ફૂટના ખાડાથી હાહાકાર

રાજુલા: અમરેલી જિલ્લાના રાજુલા પંથકથી એક અત્યંત ગંભીર સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં હિંડોરડાથી જૂની બારપટોળીના પાટીયા સુધીના આશરે બે કિલોમીટરના રસ્તાનું રીપેરીંગ કાર્ય અધૂરું છોડી દેવાતા વાહનચાલકો અને ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. આ બિસ્માર રોડ પર ઠેર ઠેર એક-એક ફૂટના ઊંડા ખાડા પડી ગયા છે, જેના પરિણામે અકસ્માતનો ખતરો સતત તોળાઈ રહ્યો છે. સ્થાનિક સહકારી બેંકના અગ્રણી ડિરેક્ટર દ્વારા આ મુદ્દે તાત્કાલિક રીપેરીંગની માંગણી સાથે ઉચ્ચ કક્ષાએ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે, પરંતુ બાંધકામ વિભાગ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતાં લોકોમાં ભારે રોષ અને આક્રોશ જોવા મળી રહ્યો છે. આ અતિશય ખરાબ પરિસ્થિતિના કારણે રાજુલા-હિંડોરડા રોડ પરની રાજુલાથી ખાખબાઈ રૂટની સરકારી બસ સેવા પણ બંધ કરવાની ફરજ પડી છે.અત્યાર સુધીની પરિસ્થિતિ: અધૂરું કામ અને વધતું જોખમસ્થાનિક સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તાજેતરમાં હિંડોરડાથી



કાતર સુધીના રોડનું રીપેરીંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. જોકે, ગમે તે કારણોસર રાજુલાથી ભરડીયા થઈને જૂની બારપટોળીના પાટીયા સુધીના બે કિલોમીટરના માર્ગને જાણે બાંધકામ ખાતાના અધિકારીઓએ સંપૂર્ણપણે અવગણી દીધો હોય તેમ જણાઈ રહ્યું છે. છેલ્લા ૧૫ દિવસથી આ બિસ્માર રોડ પરનું કામ અચાનક બંધ કરી દેવાયું છે. લોકોને આશા હતી કે આ રસ્તો પણ રીપેર થઈ જશે, પરંતુ તેમ ન થતાં અમરેલીના બાંધકામ વિભાગ સામે જનતાનો રોષ ભભૂકી ઉઠ્યો છે.આ બે કિલોમીટરના પટ્ટામાં એટલા મોટા અને ઊંડા ખાડાઓ છે કે વાહન ચલાવવું લગભગ અશક્ય બની ગયું છે. એક ફૂટ જેટલા ઊંડા આ ખાડાઓના કારણે અનેક નાના-મોટા અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે, અને કોઈ મોટી જાનહાનિ થાય તેની રાહ જોવાઈ રહી હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.જાણો સમગ્ર ઘટનાક્રમ: બસ સેવા બંધ અને ડ્રાઈવરોની વ્યથારોડની આ દયનીય હાલતને કારણે જ રાજુલા-હિંડોરડા રોડ પર ચાલતી રાજુલાથી ખાખબાઈ રૂટની સરકારી બસ સેવા બંધ કરવાની ફરજ પડી છે. આનાથી આસપાસના ગ્રામજનોને અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.માત્ર સ્થાનિક રૂટ જ નહીં, પરંતુ રાજુલા-ખાંભા રૂટ પર દોડતી રાત્રિ (નાઈટ) બસના ડ્રાઈવરોની વ્યથા પણ ગંભીર છે. તેમના જણાવ્યા અનુસાર, બિસ્માર રોડને કારણે બસના કમાનો (સસ્પેન્શન) વારંવાર તૂટી જાય છે. આ સમારકામનો ખર્ચ, જે અંદાજે $૭૦૦૦$ રૂપિયા જેટલો હોય છે.

૬ પકડાયા ૭ શખ્સો ફરાર

## સિહોર પોલીસના નાક નીચે ખુલ્લેઆમ જુગાર ધામ ચાલતું હોવાથી અનેક સવાલો

ભાવનગર: ભાવનગર જિલ્લામાં પોલીસની નિષ્ક્રિયતા અને સ્થાનિક ગુનાઓ પર નિયંત્રણનો અભાવ ફરી એકવાર સપાટી પર આવ્યો છે. સિહોરના નેસડા ગામની સીમમાં આવેલા તળાવ બાજુની એક વાડીના શેઢે ખુલ્લી જગ્યામાં મોટું જુગાર ધામ ધમધમતું હોવાનું સામે આવ્યું છે. આ અંગેની બાતમી મળતાં, લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ની પેરોલ ફર્લો સ્ક્વૉર્ડે તુરંત દરોડો પાડ્યો હતો અને લાઈટના અંજવાળે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં ૬ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જોકે, આ દરોડા દરમિયાન ૭ જેટલા મુખ્ય શખ્સો ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, સિહોર પોલીસના કાર્યક્ષેત્રમાં આટલો મોટો જુગાર ધામ ચાલતો હતો અને સ્થાનિક પોલીસને તેની ગંધ સુદ્ધાં નહોતી, જેના પર અનેક ગંભીર સવાલો ઉભા થયા છે.જુગાર ધામ પર દરોડાની સમગ્ર ઘટનાભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ની પેરોલ ફર્લો સ્ક્વોડનો સ્ટાફ જ્યારે ભાવનગર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો, ત્યારે તેમને બાતમી મળી હતી કે નેસડા ગામની સીમમાં, તળાવ નજીક આવેલી આલાભાઈ આહીરની વાડીના શેઢા પાસે ઈલેક્ટ્રિક લાઈટના થાંભલા નીચે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પૈસા વડે તીનપત્તીનો જુગાર ધામ ચલાવી રહ્યા છે. આ માહિતીના આધારે, સ્ક્વૉર્ડે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી દરોડો પાડ્યો હતો.

ભારે ચકચાર જાગી

## નથુવડલા ગામની આદિવાસી શ્રમિક યુવાનનો પત્નીના વિયોગમાં ગળાફાંસા દ્વારા આપઘાત

મૂળ દાહોદ જિલ્લાના ધાનપુરના વતની અને હાલ ધ્રોલ તાલુકાના ઈટાળા ગામમાં વલ્લભભાઈ પટેલની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા ગુલાબભાઈ વરસંગભાઈ પરમાર નામના 26 વર્ષના શ્રમિક યુવાને ગઈકાલે નથુવડલા ગામમાં લખમણભાઇ બાંભવાની વાડીના શેઢે એક ઝાડની ડાળીમાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે. આ બનાવ અંગે મૃતકના પિતા વરસંગભાઈ માનસંગભાઈ પરમારે પોલીસને જાણ કરતાં ધ્રોળ પોલીસ બનાવના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન મૃતક યુવાને આજથી આઠ મહિના પહેલાં નથુવડલા ગામની સીમમાં મજૂરી કામ કરતા ઉદેસિંગ સુનકાભાઈ બામણીયાની પુત્રી કાજલબેન સાથે ભાગીને લગ્ન કરી લીધા હતા. પરંતુ છેલ્લા ચાર મહિનાથી તેની પત્ની કાજલ રિસાઈને પોતાના પિતાને ઘેર નથુવડલા ગામે ચાલી ગઈ હતી, અને પરત આવતી ન હતી.

## જુની અદાવતના કારણે હુમલો : બે પિતરાઈ ભાઈઓ સામે પોલીસ ફરિયાદ

જામનગર : જામજોધપુરના શેઠ વડાળા ગામમાં રહેતા અને મજૂરી કામ કરતા મગનભાઈ મેરૂભાઈ પરમાર નામના 22 વર્ષના દેવીપુજક યુવાને પોતાના ઉપર લાકડાના ધોકા વડે હુમલો કરી મુઢ માર મારવા અંગે પોતાના જ બે પિતરાઈ ભાઈઓ રાજુ માધુભાઈ પરમાર અને સવજી માધુભાઈ પરમાર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાન મગનભાઈ અને તેના પિતરાઈ ભાઈ રાજુભાઈ વચ્ચે આજથી એક વર્ષ પહેલા ઝઘડો થયો હતો.

ટ્રેક્ટરમાંથી ઉછળીને બાળક પટકાયો

## જામનગર ટ્રેક્ટર અકસ્માતથી પરિવારમાં શોકનું મોજું ટ્રેક્ટર ચાલક સામે ફરિયાદ

જામનગર: જામનગર નજીકના ધુતારપુર ગામ પાસે આજે એક અત્યંત હૃદયદ્રાવક અને કરુણ ઘટના સામે આવી છે, જેમાં એક શ્રમિક પરિવારના પાંચ વર્ષના માસૂમ બાળકનું કરૂણ મૃત્યુ નીપજ્યું છે. કપાસ વીણવાની મજૂરી કામ કરવા માટે પરિવારના સભ્યો સાથે ટ્રેક્ટરમાં બેસીને જઈ રહેલો આ બાળક અકસ્માતે નીચે પટકાયો હતો. એટલું જ નહીં, તેની ઉપર ટ્રેક્ટરનું તોતિંગ પાછળનું વ્હીલ ફરી વળતાં બાળકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. આ જામનગર ટ્રેક્ટર અકસ્માતથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે મૃતક બાળકના પિતાની ફરિયાદના આધારે ટ્રેક્ટર ચાલક સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ દુર્ઘટનાની વિગત મુજબ, મૂળ ભરૂચ જિલ્લાના વતની કમલેશભાઈ મનુભાઈ વાઘેલા હાલમાં જામનગર તાલુકાના ધુતારપુર ગામમાં રહીને ખેત મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે કમલેશભાઈ, તેમના પરિવારના અન્ય આઠ જેટલા સભ્યો અને અન્ય શ્રમિકો સાથે નજીકમાં આવેલી એક વાડીમાં કપાસ વીણવા જઈ રહ્યા હતા.

મહિલા સહિત બે ઈજાગ્રસ્ત

## જર્જરિત મકાનનો દરવાજો ન ખૂલતા ફાયર બ્રિગેડે બારી કાપીને રેસ્ક્યુ કામગીરી કરી



જામનગર: જામનગર શહેરમાં ગત મોડી રાત્રે કાલાવડ નાકા બહાર આવેલા મોટાપીર ચોક વિસ્તારમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં એક અત્યંત જૂનવાણી અને જર્જરિત મકાનની છતનો એક મોટો હિસ્સો ધડાકાભેર ધસી પડ્યો હતો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ અચાનક બનેલી ઘટનામાં મકાનના નીચેના ભાગમાં રહેતા એક મહિલા સહિત બે વ્યક્તિઓ કાટમાળ નીચે દબાયા હતા, જ્યારે સદનસીબે ઉપરના માળે રહેલા એક મહિલા અને તેમની બે નાની પુત્રીઓ સહિત પાંચ વ્યક્તિઓનો સમયસર રેસ્ક્યુ થવાથી આબાદ બચાવ થયો હતો. મકાન ધારાશાયી થવાની જાણ થતા જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ત્વરિત ઘટના સ્થળે દોડી ગઈ હતી.મોટાપીર ચોક વિસ્તારમાં મોડી રાત્રે બનેલી આ દુર્ઘટનામાં મકાનનો ઉપરનો માળ ધરાશાયી થતાં નીચેના ભાગમાં રહેતા ૫૮ વર્ષીય રજીયાબેન સાટી અને ૬૧ વર્ષીય હુસેનભાઈ સાટી કાટમાળમાં દટાઈ ગયા હતા. કાટમાળ નીચે દબાઈ જવાને કારણે બંનેને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ખાસ કરીને રજીયાબેનને કપાળ અને નાકના ભાગે ઈજા થતાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા.ઘટનાની જાણ થતાં જ ૧૦૮ ઈમરજન્સીની ટીમ તુરંત સ્થળ પર પહોંચી ગઈ હતી. તાત્કાલિક સારવાર પૂરી પાડ્યા બાદ બંને ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જુગારની પ્રવૃત્તિઓ પર સિકંજો કસાયો

# જુગાર અંગે ઝડપાયેલાઓમાં પાંચ મહિલા સહિત કુલ ૨૦ આરોપીઓનો સમાવેશ

જામનગર: ગુજરાતમાં હાલમાં જ જુગારની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવા માટે જામનગર પોલીસ સક્રિય બની છે. ગઈકાલે મોડી સાંજે અને રાત્રિ દરમિયાન જામનગર પોલીસ દ્વારા શહેર તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જુગારના કુલ છ સ્થળો પર એકસાથે જુગાર દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડાઓની સફળતારૂપે, પોલીસે પાંચ મહિલા સહિત કુલ ૨૦ જુગારીઓની ધરપકડ કરી છે અને તેમની પાસેથી રોકડ રકમ તેમજ અન્ય માલમતા કબજે કરી છે. આ કાર્યવાહીએ અનૈતિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા શખ્સોમાં ફફડાટ ફેલાવી દીધો છે.સાધના કોલોનીમાં મહિલાઓ સહિત ૬ ઝડપાયાપોલીસ દ્વારા પાડવામાં આવેલા જુગાર દરોડામાં પ્રથમ દરોડો જામનગરના સાધના કોલોની વિસ્તારમાં પડાયો હતો. આ વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમાઈ રહ્યો હોવાની ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે જુગાર રમતી પાંચ મહિલાઓ સહિત કુલ ૬ શખ્સોની અટકાયત કરી હતી.ઝડપાયેલા આરોપીઓમાં પ્રતિમાબેન હિંમતસિંહ ચૌહાણ, મધુબેન બીપીનભાઈ રાવલ, નીતાબા ભરતસિંહ પિંગળ, સુનિતાબેન હિતેન્દ્રભાઈ નાગપાલ, મીનાબેન વલીદાસભાઈ સોલંકી અને અંકિત વલીદાસ સોલંકીનો સમાવેશ થાય છે. પોલીસે આ છ જુગારીઓ પાસેથી રોકડા રૂપિયા $૫,૦૭૦$ અને જુગાર રમવાનો અન્ય સામાન કબજે કર્યો હતો. પાંચ મહિલા જુગાર રમતા ઝડપાતા આ ઘટના સ્થાનિક સ્તરે ચર્ચાનો વિષય બની છે.હાપામાં હાઈપ્રોફાઈલ જુગાર પર સપાટોજુગાર દરોડા અંગેનો બીજો અને મોટો દરોડો જામનગર નજીક આવેલા હાપા વિસ્તારમાં ક્રિષ્ના ટાઉનશિપમાં પાડવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં પણ ગંજીપાના વડે હારજીતનો જુગાર રમાઈ રહ્યો હતો. પોલીસે સ્થળ પરથી રાજેશ રાણાભાઈ ગઢવી, નરેન્દ્રસિંહ છત્રસિંહ ઝાલા સહિત ૬ જુગારીઓને ઝડપી પાડ્યા હતા.આ સ્થળેથી પોલીસે મોટી રકમનો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં જુગારના પટમાંથી રોકડ રકમ તેમજ અન્ય માલમતા મળીને કુલ રૂા. $૧,૮૧,૫૦૦$ ની માલમતા જપ્ત કરવામાં આવી છે.

## ચિલોડા-ગાંધીનગર હાઈવે પરના અકસ્માત મામલે ગાંધીનગર પોલીસને સફળતા

ગાંધીનગર: પાટનગર આસપાસના મુખ્ય માર્ગો પર અકસ્માત સર્જીને નાસી છૂટતા વાહન ચાલકો હવે ગાંધીનગર પોલીસના સકંજામાંથી બચી શકશે નહીં. જિલ્લા પોલીસ વડાની વિશેષ સૂચનાના પગલે, ચિલોડા-ગાંધીનગર હાઈવે પર છ દિવસ પહેલા કારને ટક્કર મારીને તેના ચાલકને ઈજા પહોંચાડ્યા બાદ ફરાર થઇ ગયેલા ડર્બો ટ્રકના ચાલકને આખરે ઝડપી લેવાયો છે. પોલીસે અકસ્માત પહેલાં અને પછીના સીસીટીવી ફૂટેજ એકત્ર કરીને ટ્રકની ઓળખ સ્થાપિત કરી હતી અને ત્યારબાદ આરોપીને અમદાવાદ જઈને પકડી પાડ્યો હતો. આ સફળતાથી પોલીસે અકસ્માતના વણઉકેલ્યા કેસને ઉકેલવામાં મોટી સફળતા મેળવી છે.આ અકસ્માતની ઘટના ગત તારીખ ૨૪મી નવેમ્બરના રોજ ચિલોડા-ગાંધીનગર હાઈવે પર બની હતી.

ભાવનગર મહાપાલિકાની આવકમાં સતત વધારો થતાં સત્તાધીશોમાં ઉત્સાહ

## વ્યવસાય વેરા વિભાગે ૮૭૩૧ કરદાતાઓ પાસેથી ૫.૫૬ કરોડની આવક મેળવી

ભાવનગર: ભાવનગર (બીએમસી) માટે નાણાકીય મોરચે ખૂબ જ સકારાત્મક સમાચાર સામે આવ્યા છે. મહાપાલિકાએ જુદા જુદા વ્યવસાય સાથે સંકળાયેલા આસામીઓ પાસેથી વ્યવસાય વેરો વસૂલવાની કામગીરીમાં જબરદસ્ત સફળતા મેળવી છે. ગત એપ્રિલ માસથી ચાલુ નવેમ્બર-૨૦૨૫ સુધીના છેલ્લા ૮ માસના સમયગાળામાં ભાવનગર મહાપાલિકાને વ્યવસાય વેરા પેટે કુલ રૂા. ૫.૫૬ કરોડની જંગી આવક પ્રાપ્ત થઈ છે. આ આવક શહેરના વિકાસ કાર્યોને વધુ વેગ આપશે. આ આંકડાઓ દર્શાવે છે કે કુલ ૮૭૩૧ કરદાતાઓએ નિયમ મુજબ પોતાનો વ્યવસાય વેરો ભરપાઈ કર્યો છે. મહાપાલિકાની વ્યવસાય વેરો વસૂલવાની કામગીરીમાં દર વર્ષે સતત વધારો જોવા મળી રહ્યો છે.વ્યવસાય વેરાની આવકનો ગ્રાફ ઉંચકાયોભાવનગર મહાપાલિકા મિલકત વેરાની જેમ જ વ્યવસાય વેરો પણ વસૂલે છે. એપ્રિલ માસથી નવા વર્ષનો વેરો સ્વીકારવાની શરૂઆત થાય છે. જે કરદાતાઓ નિયમિત છે, તેઓ એપ્રિલ અને મે મહિનામાં જ વેરો ભરી દે છે. જોકે, આ સમયગાળા બાદ મહાપાલિકાના વ્યવસાય વેરા વિભાગ દ્વારા સઘન વસૂલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે.મહાપાલિકાના વ્યવસાય વેરા વિભાગના ટેક્સ સુપ્રિટેન્ડેન્ટ આરતી રાઠોડે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગત વર્ષના સમાન ૮ માસના સમયગાળામાં મહાપાલિકાને રૂા. ૪.૯૦ કરોડની આવક થઈ હતી, જેમાં ૭૯૪૭ કરદાતાઓએ વેરો ભર્યો હતો. તેની સરખામણીએ ચાલુ વર્ષે આવક રૂા. ૫.૫૬ કરોડ થઈ છે અને ૮૭૩૧ કરદાતાઓએ વેરો ભર્યો છે.

બ્લાસ્ટથી વિસ્તાર ધણધણી ઉઠ્યો

## ભચાઉ હાઈવે પર ટેન્કર ફાટવાથી ૬-૭ વાહનો ભસ્મીભૂત આગમાં મોટી જાનહાનિની આશંકા




કચ્છ: કચ્છ જિલ્લામાં આજે (પહેલી ડિસેમ્બર) સવારે એક અત્યંત ગંભીર અને ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. ભચાઉ હાઈવે નજીક કટારિયા તીર્થ પાસે જૂના કટારિયા ઓવરબ્રિજથી માળિયા તરફ જતા નેશનલ હાઈવે પર એલપીજી બ્લાસ્ટ થતાં હાહાકાર મચી ગયો હતો. ગેસ ભરેલું એક ટેન્કર ધડાકાભેર ફાટ્યું હતું, જેના પરિણામે તેની આસપાસ ઊભેલાં છથી સાત જેટલાં ટ્રક અને ટ્રેલર સહિતના વાહનો પણ ભીષણ આગની લપેટમાં આવી ગયા હતા અને બળીને ખાખ થઈ ગયા હતા. આ ભયાનક એલપીજી બ્લાસ્ટ અને આગના કારણે જાનહાનિની આશંકા સેવવામાં આવી રહી છે. દુર્ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમોએ ત્વરિત રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી.આ ગંભીર દુર્ઘટના નેશનલ હાઈવે પર બનવાને કારણે અહીંનું દ્રશ્ય અત્યંત ભયાવહ બની ગયું હતું. એલપીજી બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે ટેન્કરના ફૂરચા ધડાકા સાથે દૂર દૂર સુધી ઉડ્યા હતા. આ ભીષણ આગના કારણે નજીકમાં આવેલી હાઈવે હોટેલ પાસે ઊભેલા ૬-૭ વાહનો ભસ્મીભૂત થઈ ગયા હતા, જેમાં ટ્રક અને ટ્રેલરનો સમાવેશ થાય છે. આ ટેન્કરના ફાટવાના કારણે લાગેલી આગની લપેટમાં અન્ય વાહનો આવી જતાં કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.આ ભયાનક એલપીજી બ્લાસ્ટમાં મોટી જાનહાનિની આશંકા સેવવામાં આવી રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટેન્કરના ચાલક સહિત નજીકમાં હાજર અન્ય કેટલાક લોકોના મૃત્યુ થયા હોવાની આશંકા છે.

વર્લ્ડ એઈડ્ઝ દિવસ નિમિત્તે ચોંકાવનારો ખુલાસો કુલ એચઆઈવી દર્દીઓ ૪૦૪૬

# ભાવનગર જિલ્લામાં દરરોજ સરેરાશ ૨૫ નવા એચઆઈવી દર્દીઓ નોંધાતા ચિંતા

(એજન્સી) ભાવનગર | તા.1

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા દર વર્ષે ૧લી ડિસેમ્બરના રોજ વિશ્વ એઈડ્ઝ દિવસની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે ભાવનગર જિલ્લામાંથી એચઆઈવી દર્દીઓની સંખ્યા અંગે ચોંકાવનારી વિગતો સામે આવી છે. જિલ્લામાં દર મહિને સરેરાશ ૨૫ નવા દર્દીઓ નોંધાઈ રહ્યા છે. ચાલુ વર્ષે ઓક્ટોબર-૨૦૨૫ની સ્થિતિએ જિલ્લામાં ૭ સગર્ભા મહિલાઓ સહિત કુલ ૧૭૭ નવા એચઆઈવી એઈડ્ઝના દર્દીઓ નોંધાયા છે. અત્યાર સુધીમાં ભાવનગર જિલ્લામાં કુલ ૪૦૪૬ એચઆઈવી પોઝિટિવ દર્દીઓ સારવાર હેઠળ છે. આરોગ્ય તંત્ર દ્વારા આ વર્ષે 'એઈડ્ઝના પ્રતિભાવમાં પરિવર્તન લાવવા, વિક્ષેપને દૂર કરીએ'ની થીમ પર જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ સતત વધતી સંખ્યાએ ચિંતાનો વિષય ઊભો કર્યો છે.




ભાવનગર જિલ્લામાં એચઆઈવી દર્દીઓની સંખ્યામાં સતત ઉમેરો થઈ રહ્યો છે, જે સ્વાસ્થ્ય વિભાગ માટે એક મોટો પડકાર છે. જોકે, નવા નોંધાયેલા કેસો એ પણ દર્શાવે છે કે આરોગ્ય તંત્ર દ્વારા ચલાવવામાં આવી રહેલા કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ કાર્યક્રમોની પહોંચ હવે વધારી રહી છે, જેથી લોકો સ્વેચ્છાએ અથવા શંકાના આધારે પરીક્ષણ કરાવી રહ્યા છે.ચાલુ વર્ષે નોંધાયેલા ૧૭૭ નવા કેસોમાં ૭ સગર્ભા મહિલાઓનો સમાવેશ થવો એ તંત્ર માટે ખાસ ધ્યાન ખેંચવાનો મુદ્દો છે, કારણ કે સગર્ભા મહિલાઓમાં સંક્રમણની જાણ થવાથી બાળકને સંક્રમણ થતું અટકાવવા માટે તાત્કાલિક સારવાર શરૂ કરી શકાય છે.ભાવનગર જિલ્લામાં એચઆઈવી સંક્રમણના કેસોને શોધવા અને સારવાર પૂરી પાડવા માટે વ્યાપક વ્યવસ્થા કાર્યરત છે. જિલ્લાના ૧૦ તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રો (CHC), પાલિતાણા અને મહુવાની સરકારી હોસ્પિટલો, અને સર ટી. હોસ્પિટલ મળીને કુલ ૧૩ આઈસીટીસી (ઈન્ટીગ્રેટેડ કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ સેન્ટરો) કાર્યરત છે. આ કેન્દ્રો પર નિઃશુલ્ક એચઆઈવી કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગની સેવાઓ ઉપલબ્ધ છે.આ ઉપરાંત, એચઆઈવી દર્દીઓને નિયમિત દવાઓ પૂરી પાડવા, બ્લડ ઈન્વેસ્ટિગેશન અને કાઉન્સેલિંગ માટે સર ટી. હોસ્પિટલ અને મહુવા જનરલ હોસ્પિટલમાં એઆરટી (એન્ટી-રેટ્રોવાયરલ થેરાપી) સેન્ટરો કાર્યરત છે.

ભયાનકતાના દ્રશ્યો-ડ્રાઇવરની ધરપકડ

## પોલીસ સ્ટાફની પેટ્રોલિંગ કારને મોટી ખાવડી નજીક અકસ્માત નડ્યો

જામનગર: જામનગર નજીક મોટી ખાવડી અકસ્માતની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં દારૂનો નશો કરીને બેફામ રીતે બાઈક ચલાવી રહેલા એક યુવકે પેટ્રોલિંગમાં નીકળેલા મેઘપર પડાણા પોલીસના સ્ટાફની સરકારી કાર સાથે ધડાકાભેર અકસ્માત સર્જી દીધો હતો. આ ગમખ્વાર ટક્કર એટલી જોરદાર હતી કે પોલીસની સરકારી કારના પાછળના કાચ તૂટી ગયા હતા અને નશાખોર બાઈક સવાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈને નીચે પટકાયો હતો. આ ઘટના બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને નશાખોર બાઈક સવાર સામે કાયદેસરની ફરિયાદ નોંધી છે.આ ફરિયાદની વિગતો મુજબ, મેઘપર પડાણા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અખ્તરભાઈ હાજીભાઈ નોઈડા તેમના અન્ય સ્ટાફ સાથે ગઈકાલે સરકારી કાર (નંબર જીજે ૧૩ સી.ડી. ૮૬૩૮) માં વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તેઓ મોટી ખાવડી વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન પાછળની બાજુએથી એક બાઈક (નંબર જી.જે. ૦૩ એચ.જી. ૨૧૪૭)નો ચાલક પુરપાટ ઝડપે આવ્યો હતો.તપાસ અનુસાર, આ નશાખોર બાઈક સવારે પોતાની બાઈક પરનું નિયંત્રણ ગુમાવ્યું હતું અને ધડાકાભેર પોલીસની સરકારી કાર સાથે અકસ્માત સર્જી દીધો હતો. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારના પાછળના કાચ તૂટી ગયા હતા અને બાઈક તથા કાર બંને વાહનોમાં ભારે નુકસાની થઈ હતી. અકસ્માત થતાંની સાથે જ પોલીસ ટીમ કારમાંથી બહાર આવી હતી.

### તમાકુ પર સેસ લાદવાના બિલનો વિપક્ષી સાંસદો દ્વારા વિરોધ આર્થિક બોજ અંગે ચિંતા વ્યક્ત

# નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સંસદમાં તત્કાળ બે બિલ રજૂ થતાં રાજકીય ગરમાવો

નવી દિલ્હી: સંસદનું શિયાળુ સત્ર શરૂ થતાં જ પહેલા જ દિવસે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા લોકસભામાં બે મહત્વપૂર્ણ બિલ રજૂ કરવામાં આવ્યા હતા, જેનો મુખ્ય હેતુ તમાકુ ઉત્પાદનો પર સેસ (ખાસ કર) લાદવાનો છે. સોમવારે લોકસભાની કાર્યવાહી બપોર સુધી મોકૂફ રહ્યા બાદ તુરંત જ મંત્રી સીતારમણે 'કેન્દ્રીય આબકારી (સુધારા) બિલ, ૨૦૨૫' અને 'સ્વાસ્થ્ય સુરક્ષા સે રાષ્ટ્રીય સુરક્ષા સેસ બિલ, ૨૦૨૫' રજૂ કર્યા હતા. સરકારના આ પગલાનો લક્ષ્ય રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર આરોગ્ય પાછળ થતા ખર્ચને પહોંચી વળવા માટે સંસાધનોમાં વધારો કરવાનો છે, પરંતુ વિપક્ષી સાંસદોએ આ બિલ સામે તીવ્ર વિરોધ નોંધાવ્યો છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણના જણાવ્યા અનુસાર, આ બિલ થકી 'રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર આરોગ્ય પરના ખર્ચને પહોંચી વળવા માટે સંસાધનોમાં વધારો થશે.' આ સેસ ખાસ કરીને તમાકુ સંબંધિત ઉત્પાદનોના ઉત્પાદન અથવા પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતા મશીનો પર લાદવામાં આવશે. 'સ્વાસ્થ્ય સુરક્ષા સે રાષ્ટ્રીય સુરક્ષા સેસ બિલ, ૨૦૨૫' હેઠળ તમાકુ પર તમાકુ પર સેસ લાદીને આ બે મુખ્ય ક્ષેત્રો માટે ભંડોળ એકઠું કરવાની યોજના છે.સરકારે સંસદનું શિયાળુ સત્ર દરમિયાન કુલ ૧૩ બિલ પર વિચારણા કરવા માટે યાદી તૈયાર કરી છે, જેમાંના ઘણા બિલની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા તપાસ કરવામાં આવી નથી. અન્ય મુખ્ય બિલમાં જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) બિલ, નાદારી અને દેવાળું સંહિતા (સુધારા) બિલ, અને ઉચ્ચ શિક્ષણ આયોગ બિલનો સમાવેશ થાય છે. આ સત્ર ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલવાનું છે.

તમાકુ પર સેસ લાદવાના આ બિલનો વિપક્ષી સાંસદો દ્વારા તીવ્ર વિરોધ કરવામાં આવ્યો છે. તૃણમૂલ કોંગ્રેસ (AITC)ના સાંસદ સૌગત રોયે 'કેન્દ્રીય આબકારી (સુધારા) બિલ, ૨૦૨૫'નો વિરોધ કરતાં જણાવ્યું હતું કે આ બિલ પેકેટ્સ પર તમાકુના જોખમોનો ઉલ્લેખ કરતું નથી અને સરકાર માત્ર આ ઉત્પાદનોમાંથી આબકારી ડ્યુટી આકર્ષિત કરવા માંગે છે.સૌગત રોયે 'સ્વાસ્થ્ય સુરક્ષા સે રાષ્ટ્રીય સુરક્ષા સેસ બિલ, ૨૦૨૫'નો પણ વિરોધ નોંધાવ્યો હતો. તેમણે ખાસ ભાર મૂક્યો હતો કે તેઓ એવા કોઈપણ સેસ લાદવાની વિરુદ્ધ છે.

જેની આવક રાજ્યો સાથે વહેંચવામાં નહીં આવે. તેમણે આ બિલને 'અસ્પષ્ટ' ગણાવ્યું હતું અને તેમાં તમાકુ ઉત્પાદનોના જોખમો વિશે માહિતીનો અભાવ હોવાનું ઉમેર્યું હતું. ડીએમકેના સાંસદ ડી. એમ. કથીર આનંદે પણ 'સ્વાસ્થ્ય સુરક્ષા સે રાષ્ટ્રીય સુરક્ષા સેસ બિલ, ૨૦૨૫' સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે સ્વીકાર્યું હતું કે બિલ તકનીકી રીતે સદ્ધર લાગે છે, પરંતુ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ સેસ ભારતના સામાન્ય નાગરિકો પર ગંભીર આર્થિક બોજ લાદશે. નાણા મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલા આ બંને બિલ સંસદનું શિયાળુ સત્રમાં આર્થિક અને રાજકીય ચર્ચાનું કેન્દ્ર બનશે તે નિશ્ચિત છે.

## 12 સરકારી બેંકોનું મર્જર કરીને 4 'વર્લ્ડ ક્લાસ બેંક' બનાવાશે, નાણાંમંત્રીએ કહ્યું- 'કર્મીઓની નોકરીઓ પર કોઈ ખતરો નહીં'

કેન્દ્ર સરકારે ફરી એકવાર દેશની સરકારી બેંકોના મર્જર પર કામ શરૂ કરી દીધું છે. સરકારની યોજના મુજબ, હાલમાં કાર્યરત 12 સરકારી બેંકો ઘટીને માત્ર ચાર થઈ જાય, તેવી શક્યતા છે. વાસ્તવમાં સરકાર દેશમાં કદમાં મોટી અને વૈશ્વિક સ્તરની બેન્કિંગ સિસ્ટમ બનાવવા માંગે છે. ભારતની અર્થવ્યવસ્થા પાંચ ટ્રિલિયન ડૉલરના લક્ષ્ય તરફ ઝપથી આગળ વધી રહી છે, ત્યારે સરકાર વધતી જરૂરિયાતોને પૂર્ણ કરી શકે, તેવી મોટી બેંકો બનાવવા માટે સક્રિય બની છે.નાણાં મંત્રી નિર્મલા સીતારમણે તાજેતરમાં પુષ્ટિ કરી છે કે, સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) વચ્ચે ફરીથી સરકારી બેંકોના મર્જર પર વાતચીત શરૂ થઈ છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, આ વખતે સરકાર અને RBI બેન્કિંગ ઈકોસિસ્ટમને સબળ બનાવીને એવું વાતાવરણ બનાવવા માંગે છે, જેમાં બેંકો જાતે વિકાસ કરી શકે. આ માટે બેંકો અને નિયામક વચ્ચે ચર્ચા ચાલી રહી છે. સરકારનો લક્ષ્ય માત્ર વિલીનીકરણ નહીં, પરંતુ બેન્કિંગ સેક્ટરની સ્થિરતા, શ્રેષ્ઠ ધિરાણ સુવિધા અને ભારતની વિકાસ ગતિમાં સહાયક 'વર્લ્ડ ક્લાસ બેંક' બનાવવાનો છે.નાણાં મંત્રીએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, મર્જર બાદ કર્મચારીને નોકરી સલામત રહેશે, શાખાઓ અને બેંકો પણ બંધ નહીં થાય. મર્જર માત્ર એક પ્રક્રિયા છે અને તેનાથી કર્મચારીઓની નોકરી પર કોઈ સંકટ નથી. દેશમાં 2019-20 દરમિયાન મર્જર પ્રક્રિયા હેઠળ સરકારી બેંકોની સંખ્યા 21થી ઘટાડીને 12 કરી દેવાઈ છે. સરકારનો મુખ્ય ધ્યાન હવે ગ્રાહકોની તમામ સમસ્યાઓ દૂર થાય તેવા વર્લ્ડ ક્લાસ બેંક બનાવવા પર છે.

## ઓલટાઇમ હાઈ બનાવીને બજાર ગગડ્યું:સેન્સેક્સ 65 પોઈન્ટ ઘટ્યો

મુંબઈ | અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે આજે એટલે કે સોમવાર, 1 ડિસેમ્બરના રોજ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 65 પોઈન્ટ ઘટીને 85,642 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 27 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 26,176 પર બંધ થયો. આ પહેલા શરૂઆતી કારોબાર દરમિયાન સેન્સેક્સે 86,159 અને નિફ્ટીએ 26,325નો ઓલટાઈમ હાઈ બનાવ્યો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 16માં ઘટાડો જોવા મળ્યો. આજે FMCG, ફાર્મા અને ફાઈનાન્સ શેરોમાં ઘટાડો રહ્યો. જ્યારે ઓટો અને IT શેરોમાં વધારો જોવા મળ્યો.

### એશિયન બજારોમાં મિશ્ર કારોબાર

એશિયન બજારો: કોરિયાનો કોસ્પી 0.16% નીચે અને જાપાનનો નિક્કેઈ 1.89% નીચે બંધ થયો. જ્યારે, હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.67% ઉપર બંધ થયો.

અમેરિકન બજારો: 28 નવેમ્બરે ડાઉ જોન્સ 0.61% વધીને 47,716 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.65% અને S&P 500 માં 0.54% નો વધારો જોવા મળ્યો.

28 નવેમ્બરના રોજ વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 3,795.72 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs) એ 4,148.48 કરોડની ખરીદી કરી.

# News Brief

## એક્વસ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 03 ડિસેમ્બર, 2025ના રોજ ખૂલશે



(એજન્સી) અમદાવાદ | તા 01

એક્વસ લિમિટેડ (The "Company") ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બુધવાર, 03 ડિસેમ્બર, 2025ના રોજ બિડ/ઓફર ખોલશે.ઓફરનો પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 118થી રૂ. 124 રાખવામાં આવ્યો છે ("Price Band"). બિડ્સ લઘુતમ 120 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 120 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે ("Minimum Bid Lot").પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સના આઈપીઓમાં રૂ. 6,700 મિલિયન (રૂ. 670 કરોડ) સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુના 2,03,07,393 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફરની તારીખ મંગળવાર, 02 ડિસેમ્બર, 2025 રહેશે. બિડ/ઓફર બુધવાર, 03 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે અને શુક્રવાર, 05 ડિસેમ્બર, 2025ના રોજ બંધ થશે.

## ગોદરેજ કેપિટલની આરોહીએ પહેલા જ વર્ષમાં બુકિંગમાં રૂ. 1,000 કરોડનું સીમાચિહ્ન મેળવ્યું, અમદાવાદ ગ્રોથ માર્કેટ તરીકે ઊભરી આવ્યું

(એજન્સી) મુંબઈ | તા 01

ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝની પેટાકંપની ગોદરેજ કેપિટલે જાહેરાત કરી છે કે તેની મહિલા કેન્દ્રિત ધિરાણ પહેલ આરોહીએ ઓક્ટોબર 2025ના રોજ કુલ લોન બુકિંગમાં રૂ. 1,116 કરોડનો આંકડો વટાવ્યો છે. નવેમ્બર 2024માં શરૂ થઈ ત્યારથી આરોહીએ રૂ. 552 કરોડનો એસેટ બેઝ બનાવ્યો છે અને કામગીરીના પહેલા જ વર્ષમાં 1,600થી વધુ ગ્રાહકોને ઓનબોર્ડ કર્યા છે જેમાં અમદાવાદ સૌથી મહત્વપૂર્ણ યોગદાન આપતા બજારો પૈકીના એક તરીકે ઊભરી આવ્યું છે. આ પ્રોગ્રામે ગ્રાહકોની સંખ્યાની બાબતે 10 ટકા પ્રવેશનો નાણાંકીય વર્ષ 2026નો લક્ષ્યાંક પહેલેથી હાંસલ કરી લીધો છે જે પ્રારંભિક તબક્કે મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (નીતિ આયોગ) ના જણાવ્યા મુજબ રાષ્ટ્રીય સ્તરે મહિલાઓ દ્વારા લેવામાં આવતી લોનમાંથી માત્ર 3 ટકા લોન વ્યવસાયિક હેતુઓ માટે હોય છે, જે તેમની ઉદ્યોગસાહસિક જરૂરિયાતો માટેનો ધિરાણનો પ્રવાહ મર્યાદિત હોવાનું દર્શાવે છે. ગોદરેજ કેપિટલ દ્વારા શરૂ કરાયેલી આરોહી પહેલ મહિલાઓ માટે યોગ્ય ક્રેડિટ ઓફરિંગ, કૌશલ્ય-નિર્માણ પહેલ અને સહયોગ માટેની તકો દ્વારા વધુ સમાવેશક નાણાંકીય ઈકોસિસ્ટમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## વિદ્યા વાયર્સ લિમિટેડનો આઈપીઓ 03 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે



(એજન્સી) અમદાવાદ | તા 01

વિદ્યા વાયર્સ લિમિટેડ (The "Company") ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર 03 ડિસેમ્બર, 2025ના રોજ ખોલશે. ઓફરની પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 48થી રૂ. 52 નક્કી કરવામાં આવી છે ("Price Band"). બિડ્સ લઘુતમ 288 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 288 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.પ્રત્યેક શેર દીઠ રૂ. 1ની ફેસ વેલ્યુના ("Total Offer Size") ઈક્વિટી શેર્સના આઈપીઓમાં રૂ. 2,740 મિલિયન (રૂ. 274 કરોડ) સુધીના ફ્રેશ ઈશ્યૂ ("Fresh Issue") અને 50,01,000 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો ("Offer for Sale") સમાવેશ થાય છે.એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ 02 ડિસેમ્બર, 2025 છે. બિડ/ઓફર 03 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે અને 05 ડિસેમ્બર, 2025ના રોજ બંધ થશે.

## ભારતના વેલ્યુએશન્સ ટોચના સ્તરેથી ઘટ્યા, ઈએમ અને વર્લ્ડ મલ્ટીપ્લાયની વધુ નજીક આવ્યા: ઈક્વિરસ સિક્યોરિટીઝ

(એજન્સી) મુંબઈ | તા 01

ફાઈનાન્શિયલ સર્વિસીઝ કંપની ઈક્વિરસ સિક્યોરિટીઝે ઈન્ડિયા ઈક્વિટી સ્ટ્રેટેજી અંગે એક પ્રેસ નોટ રિલીઝ કરી છે. આ નોટ મુજબ ભારતના ઈક્વિટી માર્કેટ્સના વેલ્યુએશન્સ તાજેતરમાં થયેલા કરેક્શનના લીધે ટોચના સ્તરેથી નીચે આવ્યા છે જેનાથી ઈએમ અને વર્લ્ડ મલ્ટીપ્લાઝ નજીક આવ્યા છે. નિફ્ટી 18x-22x પીઈની વચ્ચે ટ્રેડ થાય તેવી સંભાવના છે જે કોવિડ પછીના સ્તરોની નજીક રહેશે. ઓટો, બેંકો, કેપિટલ માર્કેટ્સ, એફએમસીજી, ઈન્ટરનેટ પ્લેટફોર્મ્સ અને ઓઈલ એન્ડ ગેસ જેવા સેક્ટર્સ ઓવરવેઈટ છે. અર્નિંગ્સ ગ્રોથ નાણાંકીય વર્ષ 2026ના બીજા અર્ધવાર્ષિક ગાળાથી પરત ફરે તેવી શક્યતા છે. એઆઈની મોટાપાયે ચર્ચાઓ વચ્ચે તાજેતરમાં થયેલા કરેક્શનના લીધે સ્થિર નાણાંકીય નીતિઓ, ભારતના વેલ્યુએશન પ્રીમિયમ ઈએમની અંદર વાજબી રહ્યા છે. ઈક્વિરસ સિક્યોરિટીઝ ઓટો, બેંકો, કેપિટલ માર્કેટ્સ, એફએમસીજી, ઈન્ટરનેટ પ્લેટફોર્મ્સ જેવા સેક્ટર્સ પર ઓવરવેઈટ છે.

### વધતી માંગને કારણે એચબીએમની અછત વધશે

## ગૂગલની એઆઇ ચિપની માંગ વધતા સેમિકન્ડક્ટર ક્ષેત્રે કોરિયન કંપનીઓને લાભ

સિઓલ: વિશ્વમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ) હાર્ડવેરના ક્ષેત્રમાં ગૂગલ ટેન્સર પ્રોસેસિંગ યુનિટ્સ (ગૂગલ ટીપીયુ)ના રૂપમાં એક નવું અને શક્તિશાળી બળ તરીકે ઉભરી આવ્યું છે. કોરિયન મીડિયા અહેવાલ મુજબ, આના કારણે હાઈ-બેન્ડવિથ મેમરી (એચબીએમ)ની માંગમાં જંગી ઉછાળો આવવાની અપેક્ષા છે, જે દક્ષિણ કોરિયાની સેમિકન્ડક્ટર જાયન્ટ કંપનીઓ જેવી કે સેમસંગ એસકે હાઈનિક્સ માટે મોટા ફાયદાની આશા જગાડી રહી છે. ગૂગલ ટીપીયુ ચિપ્સ - જેનો ઉપયોગ હાલમાં તેના ઈન-હાઉસ એઆઇ મોડેલ જેમિની 3માં થઈ રહ્યો છે - હવે મેટા સહિત અન્ય મોટી ટેક કંપનીઓને સપ્લાય કરવા માટે ગૂગલ સક્રિયપણે પ્રયાસ કરી રહ્યું છે, જેના કારણે આ બજારમાં તીવ્ર વૃદ્ધિ થશે. એનવિડિયા ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સ (જીપીયુ) દ્વારા લાંબા સમયથી એઆઇ ચિપ બજારમાં ૯૦ ટકાથી વધુ બજાર હિસ્સા સાથે વર્ચસ્વ જાળવી રાખ્યું છે. જોકે, ગૂગલ અને યુએસ ચિપમેકર બ્રોડકોમ દ્વારા સંયુક્ત રીતે વિકસિત ગૂગલ ટીપીયુ, કાર્યક્ષમતા અને ગતિ સાથે એઆઇ વર્કલોડને સંચાલિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે તેને એનવિડિયાના હાર્ડવેરના મજબૂત વિકલ્પ તરીકે સ્થાન આપે છે.ગૂગલ ટીપીયુનું સાતમી પેઢીનું વર્ઝન, જેને 'આયર્નવુડ' નામ આપવામાં આવ્યું છે, તે એનવિડિયાની ફ્લેગશિપ એચ૧૦૦ જીપીયુ કરતાં ૮૦ ટકા સુધી સસ્તું હોવાનો અંદાજ છે. ભલે તે એનવિડિયાની આગામી બ્લેકવેલ ચિપ્સથી શુદ્ધ કમ્પ્યુટેશનલ શક્તિમાં ઓછું પડે.

### ભારતનો ઉત્પાદન પીએમઆઇ નવેમ્બરમાં પકડ પર ધીમો પડ્યો

## વૃદ્ધિની ગતિ મંદ ઉત્પાદન ક્ષેત્રે નબળાઈ રોજગાર સર્જન ૨૧ મહિનાના સૌથી નીચલા સ્તરે પહોંચ્યું

નવી દિલ્હી: ભારતના ઉત્પાદન ક્ષેત્ર માટે નવેમ્બર મહિનો થોડો મંદીનો સંદેશ લઈને આવ્યો છે. એચએસબીસી દ્વારા જાહેર કરાયેલા પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ)ના આંકડાઓ અનુસાર, નવેમ્બરમાં પીએમઆઇ ઘટીને $૫૬.૬$ પર પહોંચી ગયો છે, જે ઓક્ટોબરના $૫૯.૨$ના આંકડા કરતાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે. જોકે આ આંકડો $૫૦.૦$ની તટસ્થ મર્યાદાથી અને લાંબા ગાળાની સરેરાશ $૫૪.૨$ કરતાં ઘણો ઉપર છે, તેમ છતાં સંચાલન પરિસ્થિતિઓમાં આ સુધારો ફેબ્રુઆરી પછી સૌથી ધીમો છે. સૌથી મોટી ચિંતા એ છે કે રોજગાર સર્જનની ગતિ સતત $૨૧$ મહિનાના વિસ્તરણના સમયગાળામાં સૌથી ધીમી નોંધાઈ છે, જે શ્રમ બજારમાં મંદી તરફ ઈશારો કરે છે.વિવિધ મુખ્ય સૂચકાંકોમાં ઘટાડોપીએમઆઈના અહેવાલે સ્પષ્ટ કર્યું છે કે આ મંદી માત્ર એક જ સૂચકાંક પૂરતી મર્યાદિત નથી, પરંતુ અનેક મુખ્ય માપદંડોમાં જોવા મળી છે. નવા ઓર્ડર, આઉટપુટ, ખરીદી પ્રવૃત્તિ અને રોજગાર - આ તમામમાં વિસ્તરણ તો થયું છે, પરંતુ આ વધારો ફેબ્રુઆરી પછી સૌથી ધીમો રહ્યો છે.નવા ઓર્ડરની ગતિ: નવા ઓર્ડરની વૃદ્ધિમાં ઘટાડો થતાં ખરીદીના જથ્થા અને રોજગાર સર્જન બંને પર સીધી અસર થઈ છે.ભાવિ આશાવાદ: ભવિષ્યના આઉટપુટ પ્રત્યેનો એકંદર સકારાત્મક ભાવના આંક મધ્ય-૨૦૨૨ પછીના સૌથી નીચલા સ્તરે આવી ગયો છે, જે ઉત્પાદન ક્ષેત્રની આશામાં ઘટાડો સૂચવે છે. તેમ છતાં, કંપનીઓ આગામી ૧૨ મહિનામાં ઉત્પાદન વધારવા અંગે આત્મવિશ્વાસુ છે.રોજગાર સર્જન અને બાહ્ય માંગમાં નરમાઈપીએમઆઈના અહેવાલનું સૌથી ચિંતાજનક પાસું રોજગાર સર્જન છે. ઉત્પાદન ક્ષેત્રમાં રોજગાર સતત $૨૧$ મહિનાથી વિસ્તરી રહ્યો છે, પરંતુ નવેમ્બરમાં આ વિસ્તરણનો દર સૌથી ધીમો નોંધાયો છે. નવા ઓર્ડરની વૃદ્ધિ ધીમી પડવાના પ્રતિભાવમાં ઉત્પાદકોએ તેમની ભરતી અને ખરીદીની પ્રવૃત્તિમાં ઘટાડો કર્યો છે.બાહ્ય મોરચે વાત કરીએ તો, નિકાસ ઓર્ડરોમાં પણ એક વર્ષથી વધુ સમયમાં સૌથી નબળો વધારો નોંધાયો છે.

## ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ ભારતને રોકવામાં નિષ્ફળ, એક્સપોર્ટમાં તીવ્ર વધારો!

નવી દિલ્હી: અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફ છતાં, ભારતીય નિકાસમાં વધારો જોવા મળી રહ્યો છે. વાણિજ્ય મંત્રાલયે સંસદીય સમિતિને માહિતી આપી હતી કે એપ્રિલ અને ઓક્ટોબર વચ્ચે ભારતના આઉટબાઉન્ડ શિપમેન્ટમાં ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં વૃદ્ધિ જોવા મળી છે. આનો અર્થ એ થયો કે ભારતે નિકાસમાં મજબૂતાઈ દર્શાવી છે, જે કેન્દ્ર સરકારની નીતિઓ પ્રત્યે સકારાત્મક લાગણીઓનો સંકેત આપેછે. ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ટેરિફ મુદ્દા પર વાટાઘાટો ચાલુ રાખી રહ્યા છે. જોકે, સત્તાવાર બેઠકોના અનેક રાઉન્ડ છતાં, હજુ સુધી કોઈ પરિણામ પ્રાપ્ત થયું નથી. બંને દેશો તરફથી સકારાત્મક પરિણામોની અપેક્ષા છે...વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે સંસદીય સ્થાયી સમિતિની બેઠક દરમિયાન જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા લાદવામાં આવેલા ટેરિફની ભારતની નિકાસ પર કોઈ ખાસ નકારાત્મક અસર પડી નથી. બેઠક દરમિયાન, મંત્રાલયે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સ્થાનિક ઉત્પાદન અને મજબૂત સપ્લાય ચેઈનને કારણે દેશ નિકાસ વૃદ્ધિ જાળવી રાખવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે.

### વધતી કાર્યકારી મૂડીની માંગને પગલે ધિરાણ વૃદ્ધિમાં ઉછાળો આવવાની શક્યતા

## એસબીઆઇ:આઇપીઓ ભંડોળના ખર્ચ બાદ ધિરાણ વૃદ્ધિ ફરી વધશે

નવી દિલ્હી: ભારતીય બેંકોની ધિરાણ વૃદ્ધિમાં જે ઘટાડો તાજેતરના ક્વાર્ટર્સમાં જોવા મળ્યો હતો, તેમાં હવે મોટો ઉછાળો આવવાની પ્રબળ શક્યતા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઇ અહેવાલ) દ્વારા રજૂ કરાયેલા એક વિશ્લેષણ મુજબ, કંપનીઓ તેમના દૈનિક વ્યવસાયિક કામકાજ માટે બેંકો પાસેથી હવે વધુ ભંડોળ ખેંચવાનું શરૂ કરશે, જેના કારણે ધિરાણ વૃદ્ધિ ઝડપથી વધશે. અહેવાલમાં જણાવાયું છે કે ધિરાણની માંગમાં આવેલો ઘટાડો કામચલાઉ હતો, જેનું મુખ્ય કારણ વિવિધ ક્ષેત્રોમાં જોવા મળેલો આઈપીઓ ભંડોળ એકઠું થવાનો પ્રવાહ હતો. આ ભંડોળનો ઉપયોગ હવે થઈ રહ્યો હોવાથી, આગામી ક્વાર્ટર્સમાં બેંક લોનની માંગમાં વધારો થવાની સંભાવના છે.એસબીઆઇ અહેવાલમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે જ્યારે કંપનીઓ શેરબજારમાંથી (આઈપીઓ ભંડોળ દ્વારા) મોટી રકમ એકઠી કરે છે, ત્યારે બેંકો પાસેથી ધિરાણ લેવાની તેમની જરૂરિયાત કામચલાઉ રીતે ઘટી જાય છે. ઐતિહાસિક માહિતી દર્શાવે છે કે ઊંચા આઈપીઓ ભંડોળ એકત્રીકરણવાળા વર્ષોમાં કુલ બેંક ધિરાણ વૃદ્ધિ નીચી રહેતી હોય છે.આ વલણ ક્ષેત્રીય ડેટા દ્વારા પણ સમર્થિત છે. નાણા, ઓટોમોબાઈલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, ટેલિકોમ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ઉદ્યોગોમાં એવા વર્ષોમાં ઓછી ધિરાણ વૃદ્ધિ નોંધાઈ હતી, જ્યારે તેમણે આઈપીઓ દ્વારા વધુ ભંડોળ ઊભું કર્યું હતું. આ ભંડોળનો મોટો ભાગ વિસ્તરણ, મૂડી ખર્ચ અથવા દેવું ચૂકવવા માટે ઉપયોગમાં લેવાય છે, જેના કારણે બેંક લોનની તાત્કાલિક જરૂરિયાત ઓછી થાય છે. હવે, એસબીઆઇ અહેવાલ પ્રમાણે પરિસ્થિતિમાં વળાંક આવવાના સંકેતો દેખાઈ રહ્યા છે. અનેક ક્ષેત્રોની કંપનીઓએ તેમની કાર્યકારી મૂડીનો ઉપયોગ વધારવાનું શરૂ કર્યું છે. કાર્યકારી મૂડીનો વધેલો ઉપયોગ એ સુધરતી ધિરાણની માંગનો મુખ્ય અને પ્રારંભિક સૂચક છે.

## વૈશ્વિક ટીવી બજાર માં સેમસંગ નો દબદબો કાયમ ચાઈનીઝ કંપનીઓ નો ભયાનક પડકાર

સિઓલ : કોરિયન ઈલેક્ટ્રોનિક્સ જાયન્ટ્સ સેમસંગ અને એલજી એ વૈશ્વિક પ્રીમિયમ ટીવી બજારમાં (વૈશ્વિક ટીવી બજાર) ફરી એકવાર પોતાનો અડીખમ દબદબો સાબિત કર્યો છે. જુલાઈથી સપ્ટેમ્બર મહિનાના ત્રીજા ક્વાર્ટરના આંકડા અનુસાર, બંને કંપનીઓ આવક ના મામલે ટોચના સ્થાને જળવાઈ રહી છે. જોકે, ચીનની કંપનીઓ દ્વારા શિપમેન્ટ (Shipment) વોલ્યુમમાં નોંધપાત્ર વધારો થતાં બજારમાં હરીફાઈ વધુ તીવ્ર બની છે. દક્ષિણ કોરિયાના મીડિયા અહેવાલ પ્રમાણે, સેમસંગે આવક અને શિપમેન્ટ બંનેમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે, જ્યારે ચીની બ્રાન્ડ્સ હવે કોરિયન કંપનીઓના સંયુક્ત શિપમેન્ટ હિસ્સા કરતાં પણ આગળ નીકળી ગઈ છે.પ્રીમિયમ સેગમેન્ટમાં સેમસંગ એલજી પ્રીમિયમ કંપનીઓનું પ્રદર્શન લાજવાબ રહ્યું છે. ત્રીજા ક્વાર્ટરમાં સેમસંગનો આવક હિસ્સો વધીને ૨૯ ટકા થયો છે, જે ગયા વર્ષે ૨૮.૬ ટકા હતો. એલજી ઈલેક્ટ્રોનિક્સ ૧૫.૨ ટકા આવક હિસ્સા સાથે બીજા સ્થાને છે.

### વ્યાજ દર પર ઉદ્યોગ જગતની ઘટાડાની માંગ

## રિઝર્વ બેંકનો વિરામ મજબૂત જીડીપી વૃદ્ધિ અને નીચા ફુગાવા વચ્ચે રિઝર્વ બેંકની મુશ્કેલ કસોટી

મુંબઈ: રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટિ (વ્યાજ દર નીતિ સમિતિ-એમપીસી) આ સપ્તાહે તેની નીતિગત જાહેરાત કરવા માટે સજ્જ છે, ત્યારે દેશના અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ વચ્ચે કેન્દ્રીય બેંક શું નિર્ણય લેશે તે અંગે મિશ્ર મંતવ્યો પ્રવર્તી રહ્યા છે. એક તરફ, ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં દેશની જીડીપી વૃદ્ધિ ૮.૨ ટકા જેટલી મજબૂત નોંધાઈ છે, જે ઘણા અર્થશાસ્ત્રીઓને વ્યાજ દર સ્થિર રાખવા તરફ ઈશારો કરે છે. બીજી તરફ, ઉદ્યોગ જગતનો એક મોટો વર્ગ અર્થતંત્રની વર્તમાન ગતિને વધુ વેગ આપવા માટે ૨૫ બેઝિસ પોઈન્ટના ઘટાડાની આશા સેવી રહ્યો છે. આ વિરોધાભાસી સંકેતોએ રિઝર્વ બેંકની આગામી જાહેરાતને અત્યંત મહત્વપૂર્ણ બનાવી દીધી છે. ભારતીય અર્થતંત્ર હાલમાં બે પરસ્પર વિરોધાભાસી સંકેતોનો સામનો કરી રહ્યું છે, જે વ્યાજ દર અંગેના નિર્ણયને જટિલ બનાવે છે. કેરએજ રેટિંગ્સના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રુપ સીઈઓ મેહુલ પંડ્યાએ સૂત્રો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'મજબૂત જીડીપી વૃદ્ધિ અને લાંબા સમયથી નીચો રહેલો ફુગાવો - આ બંને બાબતો વ્યાજ દરના પરિપ્રેક્ષ્યમાં પરસ્પર વિરોધી છે.'સામાન્ય રીતે, કેન્દ્રીય બેંકો મજબૂત આર્થિક પ્રવૃત્તિ (ઉચ્ચ જીડીપી વૃદ્ધિ) દરમિયાન વ્યાજ દરમાં ઘટાડો કરવાનું ટાળે છે. જ્યારે, ફુગાવાનો દર નીચો હોય ત્યારે વ્યાજ દરો ઘટાડીને અર્થતંત્રને સહાય પૂરી પાડવામાં આવતી હોય છે. હાલમાં ફુગાવો ઘણા વર્ષોના સૌથી નીચા સ્તરે છે અને રિઝર્વ બેંકની નિર્ધારિત સહનશીલતા મર્યાદામાં સુરક્ષિત રીતે જળવાઈ રહ્યો છે.મનીબોક્સ ફાઈનાન્સ લિમિટેડના સહ-સ્થાપક અને સહ-સીઈઓ મયૂર મોદીએ જણાવ્યું હતું કે, ભારતની વિક્રમી જીડીપી વૃદ્ધિ રિઝર્વ બેંકને નીતિગત સ્વતંત્રતા આપે છે. તેમના મતે, મજબૂત સ્થાનિક માંગ અને સુધરેલી રાજકોષીય સ્થિતિ વધુ અનુકૂળ નીતિ તરફ આગળ વધવાથી સંકળાયેલા જોખમોને ઘટાડે છે. યોગ્ય સમયે લેવાયેલો વ્યાજ દર કાપ ગ્રાહક વપરાશના ચક્રને ટેકો આપી શકે છે અને તમામ ક્ષેત્રોમાં ધિરાણની માંગને વેગ આપવામાં મદદ કરી શકે છે.ફુગાવો નીચો રહેવાથી રિઝર્વ બેંકની નીતિ સમિતિને આર્થિક સ્થિરતા જોખમમાં મૂક્યા વિના વૃદ્ધિને પ્રાથમિકતા આપવા માટે વધુ અવકાશ મળે છે.બીજી તરફ, બિઝરએક્સ અને બિઝરક્રેડિટના સીઈઓ અને સહ-સ્થાપક રોહિત અરોરા પણ ૨૫ બેઝિસ પોઈન્ટના ઘટાડાની શક્યતાને મજબૂત માને છે.

### ઓટો ક્ષેત્રે | નવેમ્બરમાં તેજી વાહન વેચાણ સર્વત્ર વધ્યું

## ટ્રેક્ટરમાં મોટો ઉછાળો જીએસટી દર ઘટ્યા પછી બમ્પર વેચાણ મહિન્દ્રાના યુવીમાં ૨૨ ટકાનો વધારો

નવી દિલ્હી: ભારતીય ઓટો ઉદ્યોગ માટે નવેમ્બર મહિનો ઉત્કૃષ્ટ સાબિત થયો છે. નવરાત્રિના તહેવારથી શરૂ થયેલી વેચાણની મજબૂત ગતિ સતત જળવાઈ રહી છે. જીએસટી પરિષદની ૫૬મી બેઠકમાં વાહનો અને તેના સ્પેરપાર્ટ્સ પરના જીએસટી દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો, જેની સીધી અને સકારાત્મક અસર વાહન વેચાણના આંકડાઓ પર જોવા મળી રહી છે. ભારે વાહનોથી લઈને ટ્રેક્ટર અને યુટિલિટી વ્હીકલ્સ (યુવી) સુધીના તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. ખાસ કરીને અશોક લેલેન્ડ અને મહિન્દ્રા જેવી અગ્રણી કંપનીઓએ નવેમ્બરમાં ગત વર્ષની સરખામણીએ દ્વિ-અંકી વૃદ્ધિ નોંધાવી છે, જે દેશના આર્થિક વિકાસ અને બજારની સકારાત્મક ગતિવિધિઓને પ્રતિબિંબિત કરે છે.મુખ્ય કંપનીઓના વાહન વેચાણના આંકડાઓટો ઉદ્યોગમાં મજબૂત વૃદ્ધિ નોંધાવનારી કંપનીઓમાં અગ્રણી અશોક લેલેન્ડ રહી, જેણે નવેમ્બર ૨૦૨૫માં કુલ $૧૮,૨૭૨$ એકમોનું વેચાણ કર્યું, જે સ્થાનિક અને નિકાસ વેચાણ સહિત ૨૯ ટકાનો જંગી વધારો દર્શાવે



છે. કંપનીના ટ્રક, બસ અને લાઈટ કોમર્શિયલ વ્હીકલ (એલસીવી) ત્રણેય સેગમેન્ટમાં મજબૂત વેચાણ વૃદ્ધિ નોંધાઈ હતી.બીજી તરફ, **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (એમએન્ડએમ)**નું કુલ ઓટો વેચાણ નવેમ્બર ૨૦૨૫માં $૯૨,૬૭૦$ વાહનો જેટલું રહ્યું, જે ગયા વર્ષની સરખામણીએ ૧૯ ટકાનો વધારો છે.યુટિલિટી વ્હીકલ: સ્થાનિક બજારમાં મહિન્દ્રાએ યુવી સેગમેન્ટમાં $૫૬,૩૩૬$ વાહનોનું વેચાણ કર્યું, જે ૨૨ ટકાનો વધારો દર્શાવે છે. નિકાસ સહિત કુલ $૫૭,૫૯૮$ યુવીનું વેચાણ થયું.કોમર્શિયલ વ્હીકલ્સ: વાણિજ્યિક વાહનોના સ્થાનિક વેચાણમાં ૧૭ ટકાનો વધારો થયો અને કુલ $૨૪,૮૪૩$ એકમોનું વેચાણ નોંધાયું. મહિન્દ્રા લિમિટેડના ઓટોમોટિવ ડિવિઝનના સીઈઓ નલિનીકાંત ગોલ્લાગુંટાએ જણાવ્યું હતું કે, "નવેમ્બરમાં અમે યુવી વેચાણમાં ૨૨ ટકાની વૃદ્ધિ હાંસલ કરી છે. અમે ઈલેક્ટ્રિક ઓરિજિન એસયુવીની પ્રથમ વર્ષગાંઠ પણ ઉજવી અને ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક ઓરિજિન ૭-સીટર એસયુવી - એક્સઈવી ૯એસ - લોન્ચ કરી."ટ્રેક્ટર અને દ્વિચક્રી વાહન વેચાણમાં ઉછાળોખેતીના સાધનોના ક્ષેત્રમાં પણ સકારાત્મક માહોલ રહ્યો. એસ્કોર્ટ્સ કુબોટા લિમિટેડે નવેમ્બર ૨૦૨૫માં $૧૦,૫૮૦$ ટ્રેક્ટરનું વેચાણ કર્યું, જે નવેમ્બર ૨૦૨૪ના $૮,૯૭૪$ ટ્રેક્ટરની સરખામણીએ ૧૭.૯ ટકાનો જંગી વધારો છે. સ્થાનિક ટ્રેક્ટર વાહન વેચાણમાં ૧૫.૯ ટકાની વૃદ્ધિ જ્યારે નિકાસમાં ૮૭.૭ ટકાનો મોટો ઉછાળો નોંધાયો હતો. કંપનીના નિવેદન મુજબ, સરકારી યોજનાઓ, ઘટાડેલા જીએસટી દર અને કૃષિ મશીનરી પર સબસિડીના કારણે ટ્રેક્ટરની ખરીદી ખેડૂતો માટે વધુ સસ્તું બની છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, માગસર સુદ-12

# ડિપ્રેશનથી મુક્તિ

ઘણીવાર એવું જોવા મળે છે કે વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન તણાવમાં આવી જાય છે. એક ભય તેમના પર છવાઈ જાય છે, જે તેમને સારું પ્રદર્શન કરવાથી રોકે છે. વ્યાપક અભ્યાસ કરવા છતાં, કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન તણાવને કારણે બધું ભૂલી જાય છે. ખરેખર, તાજેતરના સમયમાં આપણું શૈક્ષણિક વાતાવરણ અત્યંત સ્પર્ધાત્મક બની ગયું છે. નિર્દોષ બાળકો ગળા કાપવાની સ્પર્ધાનો સામનો કરે છે. વિડંબના એ છે કે, વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશમાં, વસ્તીના પ્રમાણમાં રોજગારની તકો વધી નથી, જેના કારણે સ્પર્ધા વધુ કઠિન બની છે. ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ હોય કે નોકરીની તકો, તે સ્પર્ધકોની સંખ્યા કરતા ઘણી ઓછી છે, જેના પરિણામે વિદ્યાર્થીઓમાં તણાવ વધે છે, જે આખરે ડિપ્રેશનમાં ફેરવાઈ જાય છે. આ જ કારણ છે કે, જ્યારે શાળા અને કોલેજ પરીક્ષાના પરિણામો જાહેર થાય છે, ત્યારે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે છે તે અંગેના સમાચાર દેશમાં હેડલાઈન્સ બને છે. તે ખુશીની વાત છે કે IIT મદ્રાસના સંશોધકોએ હવે શારીરિક સૂચકાંકો ઓળખી કાઢ્યા છે જે ઓળખી શકે છે કે કયા વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન ચિંતા વિકસાવવાનું જોખમ વધારે છે. આ શોધને તણાવનું સંચાલન કરવા અને પ્રદર્શન સુધારવા માટે શિક્ષણ પ્રણાલીમાં મોટા ફેરફારો તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. આ સંશોધન તાજેતરમાં 'બિહેવિયરલ બ્રેઈન રિસર્ચ' માં પ્રકાશિત થયું હતું. તે વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત તણાવ વ્યવસ્થાપન યોજનાઓના વિકાસને પણ સક્ષમ બનાવશે. એ એક વૈજ્ઞાનિક તથ્ય છે કે મગજ અને હૃદય વચ્ચેના સંચારમાં ભંગાણને કારણે તણાવ ઉત્પન્ન થાય છે. પરિણામે, IIT મદ્રાસ દ્વારા પરીક્ષાના તણાવને ઓળખવા માટે ઓળખવામાં આવેલા જૈવિક સંકેતો ભવિષ્યમાં પરીક્ષાના તણાવને સંચાલિત કરવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. AI ની મદદથી તણાવના જોખમમાં રહેલા વિદ્યાર્થીઓને ઓળખવાનો પ્રયાસ હવે ચાલી રહ્યો છે. નવા સંશોધનના મુખ્ય તારણો બે શારીરિક સંકેતોને જોડવામાં આવેલા છે: ફ્રન્ટલ આલ્ફા અસમપ્રમાણતા (FAA), ભાવનાત્મક નિયમનનું મગજ-આધારિત સૂચક, અને હૃદયના ધબકારા પરિવર્તનશીલતા, જે હૃદયના અનુકૂલનશીલ નિયંત્રણને માપે છે. આ સંકેતો ચિંતાતુર વિદ્યાર્થીઓને ઓળખવામાં મદદ કરે છે. સંશોધકોએ શોધી કાઢ્યું કે નકારાત્મક FAA પેટર્ન ધરાવતા વિદ્યાર્થીઓ તણાવના પ્રતિભાવમાં નબળા રક્તવાહિની સંતુલન પદ્ધતિઓનો અનુભવ કરે છે. હકીકતમાં, પરીક્ષાઓ વિશે વધુ પડતી ચિંતા હૃદયના પ્રતિભાવને પણ વિક્ષેપિત કરે છે. પરિણામે, તેઓ વધુ તણાવગ્રસ્ત બને છે. સંશોધનમાં એ પણ સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે પરીક્ષાના તણાવ છતાં કેટલાક વિદ્યાર્થીઓ સારું પ્રદર્શન કરવામાં કેવી રીતે સફળ થાય છે. તે જ સમયે, કેટલાક વિદ્યાર્થીઓ ચિંતાને કારણે પરીક્ષા પાસ કરી શકતા નથી. હકીકતમાં, આખા વર્ષ દરમિયાન નિયમિત અભ્યાસ ન કરવાને કારણે અને જ્યારે પરીક્ષા નજીક આવે છે, ત્યારે તેઓ નર્વસ અને તણાવગ્રસ્ત બને છે. NCERT દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દેશના 81 ટકા વિદ્યાર્થીઓ પરીક્ષાને લઈને તણાવમાં રહે છે. આશા છે કે નવા સંશોધનના તારણો આ સમસ્યાનો અસરકારક ઉકેલ લાવશે.

22 વિષયોમાં માટે 673 અરજીઓ પૈકી 525 પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.માં 250 P.hd સીટ માટે 525 વિદ્યાર્થીઓએ આપી પરીક્ષા

નરેન્દ્ર દવે | જૂનાગઢ



ઉચ્ચ શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રે એક ઐતિહાસિક પગલું ભરતાં, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે તાજેતરમાં પી.એચડી પ્રવેશ પરીક્ષાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી કેમ્પસમાં ૨૨ જેટલા અલગ-અલગ વિષયોની કુલ ૨૫૦ સીટો માટે આ પરીક્ષા લેવામાં આવી હતી. સૌરાષ્ટ્ર-કચ્છની યુનિવર્સિટીઓમાં આટલી મોટી સંખ્યામાં એકસાથે પી.એચડીની પરીક્ષા લેવાઈ હોય તેવો આ પ્રથમ કિસ્સો છે. આ મહત્ત્વપૂર્ણ શોધકાર્ય સાથે સંધાન કરવા ઈચ્છુક ૬૭૩ યુવાઓએ અરજી કરી હતી, જે પૈકી ૫૨૫ વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં ઉપસ્થિત રહ્યા હતા. જોકે, અનિવાર્ય કારણોસર 148 જેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી શક્યા નહોતા. પરીક્ષાના પ્રારંભ પૂર્વે યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર પ્રતાપસિંહજી ચૌહાણ સ્વયં યુનિવર્સિટીના પ્રવેશ દ્વારે પહોંચ્યા હતા. તેમણે તમામ પરીક્ષાર્થી ભાઈ-બહેનોને હર્ષભેર આવકારીને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે પ્રો. ચૌહાણે એક મોટી જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સૌરાષ્ટ્ર-કચ્છની એવી પ્રથમ યુનિવર્સિટી બનશે, જ્યાં આટલી મોટી સંખ્યામાં પી.એચડીની પરીક્ષા એકસાથે લેવાઈ હોય, અને સૌથી મહત્ત્વનું, એ જ દિવસે વેબસાઈટ પર રિઝલ્ટ સાથે આન્સર કી પણ અપલોડ થઈ હોય. પ્રો.ચૌહાણે પરીક્ષાના પ્રત્યેક વર્ગખંડમાં જઈને વિદ્યાર્થીઓને ભયમુક્ત અને શાંતચિત્તે પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. યુનિવર્સિટી દ્વારા પરીક્ષા અને પરિણામની પ્રક્રિયામાં આવી રહેલા આ બદલાવો પારદર્શિતાના નવા માપદંડો સ્થાપિત કરી રહ્યા છે. કુલપતિશ્રીએ જણાવ્યું કે, યુનિવર્સિટી દ્વારા કોલેજ અને યુનિવર્સિટી કક્ષાએ નવા ગાઈડ ઊભા કરીને પી.એચડીની સીટોમાં વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણય ખાસ કરીને જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પી.એચડીના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બનશે, જેમને હવે પોતાના વિસ્તારમાં જ સંશોધન કરવાની ઉત્તમ તક પ્રાપ્ત થશે. પરીક્ષા લેવાયા બાદ તુરંત જ વેબસાઈટ પર પરિણામ મૂકવાની અને પારદર્શિતા માટે આન્સર કી અપલોડ કરી દેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ સાથે, પરીક્ષાર્થીઓને કોઈ અપીલ કરવી હોય તો તેના માટે ૨૪ કલાકનો સમય પણ આપવામાં આવશે.

ચૂંટણી પંચનો મોટો નિર્ણય

# મતદાર યાદી સુધારણા ઝુંબેશની સમય મર્યાદામાં વધારો

(એજન્સી) ગાંધીનગર | તા.01

ભારતનું ચૂંટણી પંચ લોકશાહીના પાયા સમાન મતદાર યાદીને વધુ શુદ્ધ, સચોટ અને સઘન બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતાં, પંચે હાલમાં ચાલી રહેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશની સમયમર્યાદામાં વધારો કર્યો છે. ગુજરાત સહિત કુલ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહેલા આ અભિયાનની મુદત લંબાવવામાં આવતાં, નાગરિકોને પોતાના નામની ખરાઈ કરાવવા માટે વધુ સમય મળ્યો છે. આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ એ છે કે, 'પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, અને પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય.' ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલી નવી સમયરેખા અનુસાર, આ અભિયાનના મહત્ત્વપૂર્ણ તબક્કાઓની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે પ્રક્રિયા ચાલી રહી છે, તે હવે તા.11 ડિસેમ્બર, 2025 સુધી ચાલશે.

ચોથા દિવસે વેપારમાં તંદુરસ્ત વધારો નોંધાયો

# સોમનાથ કાર્તિકી પૂર્ણિમાના મેળામાં 2.50 લાખની જનમેદની



નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.01

પરંપરા અને ધર્મની નગરી સોમનાથ ખાતે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત વાર્ષિક કાર્તિકી પૂર્ણિમા મેળો હવે તેના અંતિમ ચરણ તરફ આગળ વધી રહ્યો છે. તારીખ ૩૦ નવેમ્બરના રોજ, મેળાના ચોથા દિવસે, રવિવારની રજા હોવાને કારણે અહીં જનમેદનીનું જબરું ઘોડાપૂર ઉમટ્યું હતું. એક જ દિવસમાં ૨.૫૦ લાખથી વધુ સહેલાણીઓએ પવિત્ર મેળાની મુલાકાત લીધી, જેના કારણે મેળાની રોનક ચાર ગણી વધી ગઈ હતી. આ માનવ મહેરામણને કારણે તમામ પ્રકારના વેપાર-ધંધામાં પણ ઉત્સાહજનક અને તંદુરસ્ત વધારો નોંધાયો, જેનાથી સ્થાનિક અર્થતંત્રને મોટો લાભ મળ્યો છે. કાર્તિકી પૂર્ણિમા મેળાનું સૌથી મોટું આકર્ષણ હંમેશા તેના રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમો રહ્યા છે. ગઈકાલે યોજાયેલા કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ લોકગાયિકા સુશ્રી સાંત્વની ત્રિવેદી અને લોકસાહિત્યના ઊંડાણપૂર્વક જાણકાર શ્રી બહાદુરભાઈ ગઢવીએ પોતાની કળાથી જબરું સામું બાંધ્યું હતું. કલાકારોએ પોતાના બુલંદ અને સુમધુર અવાજે સૌરાષ્ટ્ર અને સોમનાથના ગૌરવવંતા ઈતિહાસનું ભાવવાહી વર્ણન કર્યું હતું. આ સાથે ભજનો, લોકગીતો અને ભક્તિગીતોની એવી રમઝટ બોલાવી કે શ્રોતાઓ ખરેખર મંત્રમુગ્ધ બની ગયા હતા.

30મીના રોજ ભવ્ય ધાર્મિક કાર્યક્રમ યોજાયો

# આણંદ વિવેકાનંદ નગર ખાતે શ્રી મહાલક્ષ્મી હોમાત્મક હવન યોજાયો

અશેષ વ્યાસ | ખેડા



આણંદ નગરમાં ધાર્મિક આસ્થા અને સામૂહિક ભાવનાના ઉત્તમ દર્શન કરાવતો એક ભવ્ય કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. આણંદ મુકામે આવેલી વિવેકાનંદ નગર સોસાયટીના કોમન પ્લોટમાં આવેલા શિવશક્તિ મંદિર પરિસરમાં વિવેકાનંદ નગર મહિલા મંડળ દ્વારા શ્રી મહાલક્ષ્મી હોમાત્મક હવનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૩૦મીના રોજ યોજાયેલા આ પવિત્ર કાર્યક્રમમાં સનાતન સંસ્કૃતિની વૈદિક પરંપરા અને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર હવનની તમામ પ્રક્રિયાઓ સંપન્ન કરવામાં આવી હતી.

માતા મહાલક્ષ્મીના આશીર્વાદ મેળવવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં શ્રદ્ધાનો માહોલ છવાયો હતો. હવનના મુખ્ય યજમાન પદે સોસાયટીના આદરણીય શ્રી રાજેન્દ્રકુમાર ઈન્દુપ્રસાદ દવે બિરાજમાન થયા હતા. તેમની સાથે ૧૦ અન્ય સહ-પત્ની યજમાનો અને ૧ સિંગલ પાટલા યજમાન સહિત કુલ ૧૧ યજમાનોએ હવનમાં પવિત્ર આહુતિઓ આપી હતી. આ તમામ યજમાનોએ શ્રદ્ધાપૂર્વક ધાર્મિક વિધિમાં ભાગ લીધો હતો.

આ સંપૂર્ણ વૈદિક પરંપરા અનુસારની વિધિ પણસોરાવાળા શ્રી હાર્દિકભાઈ ભટ્ટ દ્વારા કરાવવામાં આવી હતી. તેમના સુચારુ માર્ગદર્શન હેઠળ મંત્રોચ્ચાર સાથે શ્રી મહાલક્ષ્મી હોમાત્મક હવનની પૂજા-વિધિને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

# જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દ્વારા બે આંગણવાડીની ઓચિંતી મુલાકાત

દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોની કામગીરીની ગુણવત્તા જાળવવા અને લાભાર્થીઓને યોગ્ય પોષણ મળી રહે તે હેતુથી, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણ દ્વારા દેવગઢ બારિયા તાલુકાના ઘટક-૧ ના મોટીઝરી સેજાના બે આંગણવાડી કેન્દ્રોની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો નિયમિત સમય મુજબ હાજર હતા અને કેન્દ્રનું સંચાલન વ્યવસ્થિત રીતે થઈ રહ્યું હતું. ડી.પી.ઓ. શ્રી દ્વારા મુલાકાતનો મુખ્ય હેતુ કેન્દ્રોની કામગીરીમાં પારદર્શિતા અને ગુણવત્તાની ચકાસણી કરવાનો હતો. આ દરમિયાન, કેન્દ્રમાં રહેલા બાળકોને થીમ પ્રમાણે આંગણવાડી કાર્યકર દ્વારા પ્રવૃત્તિઓ કરાવવામાં આવી રહી હતી, જે બાળકોના સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે.

કાંકરેજના કર્મીઓ સરકારી કામ અર્થે ગાંધીનગર જતા હતા

# ઘરમોડા નજીક ટર્બો સ્કોર્પીયો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો

નરેન્દ્ર દવે | જૂનાગઢ

ઝડપ અને ઓવરટેક કરવાની ઉતાવળ ક્યારેક કેટલી ઘાતક સાબિત થઈ શકે છે, તેનો એક જીવતોજાગતો દાખલો આજે ઘરમોડા નજીક જોવા મળ્યો હતો. સોમવારે સવારે આશરે સાડા આઠ વાગ્યાના સુમારે કાંકરેજ તાલુકાના કાંકરોલી ગામેથી સરકારી કામ અર્થે ગાંધીનગર જઈ રહેલા સ્કોર્પીયો ગાડીના મુસાફરોનો એક ગમખ્વાર અકસ્માતમાં આબાદ બચાવ થયો હતો. સ્કોર્પીયો ગાડી ઘરમોડા નજીકના માર્ગ પરથી પસાર થઈ રહી હતી. તે સમયે સ્કોર્પીયોના ચાલકે બાજુમાં પસાર થઈ રહેલી એક ટર્બો ગાડીને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ જ ક્ષણે સામેથી ઈકો ગાડી આવી જતાં, અથડામણ ટાળવા માટે સ્કોર્પીયોના ચાલકે પોતાની ગાડીને બાજુમાં ચાલી રહેલી ટર્બો ગાડી તરફ જોરથી દબાવી.



પરિણામે, ટર્બો ગાડીના ચાલકે નિયંત્રણ ગુમાવતાં ટર્બોની સ્કોર્પીયો ગાડી સાથે પાછળની બાજુએ ધડાકાભેર ટક્કર વાગી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે સ્કોર્પીયો ગાડી રોડસાઈડ ખેંચાઈ ગઈ હતી. આ દ્રશ્ય જોતાં ત્યાં હાજર લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જોકે, ચમત્કારિક રીતે, સ્કોર્પીયોમાં સવાર કાંકરેજ તાલુકાના કર્મચારીઓ સહિત તમામ વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો. તેમને કોઈ મોટી જાનહાનિ કે ગંભીર ઈજા થઈ નહોતી.

# ચાણસ્મામાં બીએલઓ સાથે કામગીરીની ઝીણવટપૂર્વક સમીક્ષા

નિતીન ઠાકર | ચાણસ્મા

મજબૂત અને સશક્ત લોકતંત્ર માટે શુદ્ધ મતદાર યાદી એક પાયાનો આધારસ્તંભ છે, અને આ જ હેતુસર પાટણ જિલ્લા ભાજપના અગ્રણીઓએ ચાણસ્મા નગર ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. 30 નવેમ્બર, 2025ના રોજ રવિવારે, મતદાર યાદી વિશેષ સુધારણા અભિયાન અંતર્ગત આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકશાહીના આ પવિત્ર કાર્યને વધુ સશક્ત બનાવવા અને મતદાર યાદીમાં કોઈ ક્ષતિ ન રહે તે સુનિશ્ચિત કરવા માટે ભાજપ અગ્રણીઓએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ચાણસ્મા શહેરના બુથ નંબર ૧૨૨ ખાતે આ ખાસ બેઠક યોજાઈ હતી. પાટણ જિલ્લા ભાજપના ઉપ પ્રમુખશ્રી દિલીપભાઈ જોષીએ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી, BLO અને શહેરના કાર્યકર્તાઓ સાથે ઝીણવટપૂર્વક સંવાદ કર્યો હતો.

# સાવરકુંડલા કપોળ છાત્રાલયની 116 વિદ્યાર્થીનીઓએ જાતે સફાઈ કરવી પડી

જાફરાબાદ | સાવરકુંડલા નગરપાલિકાના સફાઈ વિભાગની ઘોર બેદરકારીનો એક શરમજનક કિસ્સો સામે આવ્યો છે. શહેરને ધૂળ મુક્ત કરવાનું સ્વપ્ન જોતા ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના પ્રયાસો સામે નગરપાલિકાની નિષ્ક્રિયતા ઉડીને આંખે વળગે તેવી છે. સાવરકુંડલા શહેરના કપોળ કન્યા છાત્રાલયના આસપાસના વિસ્તારોમાં રસ્તા અને ફૂટપાથ પર ગંદકીના ગંજ ખડકાયેલા જોવા મળ્યા હતા. છેલ્લા ઘણા મહિનાઓથી આ વિસ્તારમાં સફાઈ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. છાત્રાલયમાં નિવાસ કરતી ૧૧૬ જેટલી વિદ્યાર્થીનીઓના સ્વાસ્થ્ય પર આ ગંદકીની ગંભીર અસર થઈ રહી હતી, અને મચ્છરનો ઉપદ્રવ વધી ગયો હતો.

# ડાંગના કાકડવિહીર ગામે આદિવાસી ભૂલકાઓના હક પર ઘાત


સુશિલ પવાર | ડાંગ

રાજ્યના છેવાડે આવેલા ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના કાકડવિહીર ગામ ખાતે જિલ્લા આઈસીડીએસ વિભાગની ઘોર બેદરકારી સામે આવતાં સ્થાનિક આદિવાસી સમુદાયમાં ભારે રોષ ફેલાયો છે. ડાંગ જિલ્લા પંચાયત હેઠળ આવતા આઈસીડીએસ વિભાગના પાપે, આદિવાસી માસૂમ ભૂલકાઓને આંગણવાડીના મકાનની પ્રાથમિક સુવિધા પણ મળી નથી. સ્થિતિ એવી છે કે સરકારના ગુલાબી ચિત્રો માત્ર કાગળ પર જ હોય તેવું લાગી રહ્યું છે. કાકડવિહીર ગામે છેલ્લા એક વર્ષથી આંગણવાડી મકાન ન હોય આદિવાસી બાળકો કાચા મકાનના ઓટલા પર પાયાનું શિક્ષણ મેળવવા માટે મજબૂર બન્યા છે. આનાથી પણ ગંભીર બાબત એ છે કે, માત્ર મકાનની સુવિધા જ નહીં, પણ બાળકોના પોષણના હક પર પણ ઘાત થઈ રહી છે.

આર્મી જવાનો માટે 2018થી ફ્રીમાં સારવાર

# પાટણના ડૉ.ચેતન પટેલનું પ્રેરણારૂપ સેવાકીય કાર્ય

મહેશ એલ. સોની | નખત્રાણા




સેવાકાર્યના અનેક સ્વરૂપો હોય છે, અને ઘણી વ્યક્તિઓ કોઈને કોઈ રીતે પોતાની સેવાકીય પ્રવૃત્તિમાં લીન રહેતી હોય છે. આજે વાત કરવી છે પાટણ શહેરના એક એવા ડૉક્ટરની, જેમનું કાર્ય માત્ર વંદન યોગ્ય જ નહીં, પણ સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ સેવા સમાન છે.

ડૉ. ચેતન પટેલ નામ ધરાવતા આ ડૉક્ટર છેલ્લાં ઘણાં વર્ષોથી આર્મી જવાનો પ્રત્યે પોતાનો આદરભાવ દર્શાવી રહ્યા છે. પાટણ શહેરમાં આવેલી અતિથિ હોસ્પિટલ ખાતે ડૉ. ચેતન પટેલ દ્વારા વર્ષ ૨૦૧૮થી સતત અને નિયમિત રીતે આર્મી જવાનો માટે નિશુલ્ક મેડિકલ ચેકઅપ સહિતની તમામ જરૂરી સારવાર સેવાકાર્ય આપવામાં આવી રહી છે. ડૉ. ચેતન પટેલે આ અનોખી પહેલ પણ ફરજ બને છે કે આપણે પણ તેઓના માટે આપણાથી બનતું કંઈક કરવું જોઈએ.' તેમણે વધુમાં પ્રકાશ પાડતા કહ્યું કે, આરોગ્ય સહિત અનેક ક્ષેત્રો એવા છે કે જ્યાં માત્ર વેતન નહીં, પણ સેવાના ભાવથી કાર્ય થતું હોય છે. આર્મીમાં પણ દેશ સેવાની ભાવનાથી ઘણા યુવાનો જોડાતા હોય છે, ત્યારે તેમની આ ઉમદા ભાવનાને વંદન સાથે, આપણે પણ આપણા દેશના જવાનો પ્રત્યે આદરભાવ સહ પોતાનાથી બનતું કાર્ય જરૂર કરવું જોઈએ.

ગુજરાતમાં COPDના દર્દીઓમાં 30%નો વધારો નોંધાયો

# પ્રદૂષણની ગંભીર અસર: હવે 40 વર્ષની ઉંમરમાં જ ફેફસાં નબળા પડવા લાગ્યા

મહેશ એલ. સોની | નખત્રાણા



ગુજરાતમાં વાયુ પ્રદૂષણનું સ્તર હવે માત્ર પર્યાવરણ નહીં, પણ લોકોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી રહ્યું છે. નિષ્ણાતોના મતે, હવે લોકોના ફેફસાં ૪૦ વર્ષની ઉંમરમાં જ નબળા પડવા લાગ્યા છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે. કોવિડ-૧૯ મહામારી પછીના વર્ષોમાં ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનોરી ડિસિઝ એટલે કે શ્વાસ સંબંધિત સમસ્યા ધરાવતા દર્દીઓની સંખ્યામાં ૩૦ ટકા જેટલો મોટો વધારો નોંધાયો છે. આ સ્થિતિ માટે મુખ્યત્વે ગુજરાતના શહેરોમાં સતત વધતું જતું પ્રદૂષણનું સ્તર જવાબદાર છે. પ્રદૂષણને કારણે ધૂમ્રપાન ન કરનારા લોકો અને યુવાનોમાં પણ શ્વાસની ગંભીર સમસ્યાઓ વધી રહી છે. વળી, શિયાળાની શરૂઆત થતાં જ, વાતાવરણમાં પ્રદૂષક કણોનું પ્રમાણ જળવાઈ રહેતા શ્વસન સંબંધિત સમસ્યા ધરાવતા લોકો માટે પરિસ્થિતિ વધુ જોખમી બની રહી છે.

શિયાળાના મહિનાઓમાં પ્રદૂષણ અને ઠંડી બંને ફેફસાં પર દબાણ વધારી શકે છે. આ પરિસ્થિતિમાં શ્વસન સંબધિત સમસ્યાઓથી બચવા માટે નીચે મુજબની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. ઘરની બહાર નીકળતી વખતે માસ્ક પહેરવો અનિવાર્ય છે, ખાસ કરીને જ્યાં પ્રદૂષણનું પ્રમાણ વધુ હોય ત્યાં. માસ્ક પ્રદૂષિત કણોને શ્વાસમાં જતા અટકાવે છે. શિયાળામાં વહેલી સવારે કસરત ટાળવી જોઈએ. વળી, જે સમયે વધુ પ્રદૂષણ હોય તેવા સમયે બહાર નીકળવાનું ટાળવાથી ફેફસાં ઉપરનો તણાવ ઘટે છે.

દર વર્ષે ફ્લૂ વેક્સિન લેવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે ઈન્ફેક્શન રોકવામાં મદદરૂપ બને છે. ૫૦ વર્ષથી વધુ ઉંમરની દરેક વ્યક્તિ તેમજ ગંભીર શ્વસન અને હૃદયની સમસ્યા ધરાવતા લોકોએ આ રસી અવશ્ય લેવી જોઈએ. આ રસી લેવાથી ફેફસાંને થતું નુકસાન ધીમું પડે છે તેમજ ખાસ કરીને શિયાળાના મહિનાઓમાં બિમારીમાં થતો વધારો ધીમો રહે છે.

તારીખ 9 થી 10મીના રોજ કરાશે ભવ્ય આયોજન

# નખત્રાણા સોની સમાજવાડીમાં 2 દિવસીય ન્યૂ ફેશન એક્ઝિબિશનનું આયોજન

મહેશ એલ. સોની | નખત્રાણા

નખત્રાણા અને આસપાસના વિસ્તારોની ફેશનપ્રિય જનતા માટે એક ખુશખબર આવી રહી છે. ટૂંક સમયમાં જ નખત્રાણા સોની સમાજ વાડી ખાતે બે દિવસીય ભવ્ય ન્યૂ ફેશન એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે, જેને 'આનંદ મેળો' નામ આપવામાં આવ્યું છે. આ અનોખા આયોજનના કર્તાહર્તા જૂનાગઢના પાર્થ પરમાર અને જાગૃતિબેન પરમાર છે. તેમના દ્વારા તારીખ ૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ આ બે દિવસીય એક્ઝિબિશન યોજવામાં આવશે. આયોજક જાગૃતિબેન પરમારે આ અંગે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, તેમના આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય નખત્રાણા તેમજ આસપાસના વિસ્તારોમાં રહેતી ફેશનપ્રેમી જનતાને કંઈક નવીનતમ વેરાયટી એક જ છત નીચે મળી રહે તે છે. આ ફેશન એક્ઝિબિશનમાં મુલાકાતીઓને વિવિધ પ્રકારની ફેશન અને જીવનશૈલી સંબંધિત વસ્તુઓના સ્ટોલ જોવા મળશે, આ ઉપરાંત, મુલાકાતીઓ માટે ફુડ ઝોનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી ખરીદીની સાથે સાથે સ્વાદિષ્ટ વ્યંજનોની મજા પણ માણી શકાય.

આયોજકોએ નખત્રાણા નગર અને આસપાસની ફેશનપ્રિય જનતાને આ આનંદ મેળો તરીકે ઓળખાતા ન્યૂ ફેશન એક્ઝિબિશનનો લાભ લેવા માટે સહર્ષ નિમંત્રણ પાઠવ્યું છે.

સરીગામ GIDC માટે જમીન આપનાર મૂળ માલિકોને નોકરી ન મળતાં 'આપ' આક્રમક

GIDCમાં 85% સ્થાનિક રોજગારીની માંગ

# ચૈતર વસાવાની આગેવાનીમાં ઉમરગામમાં AAPની રેલી

(એજન્સી) અમદાવાદ/વલસાડ | તા.01

આમ આદમી પાર્ટી દ્વારા આજે ધારાસભ્ય ચૈતર વસાવાની આગેવાનીમાં ઉમરગામ તાલુકામાં આવેલી બે જીઆઈડીસીમાં સ્થાનિકોના રોજગાર અને શોષણના મુદ્દે આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સરીગામ જીઆઈડીસીના કામદારો, રોજગારવાંચ્છુકો અને શ્રમિકોને ન્યાય આપવાની માંગ સાથે ભગવાન બિરસા મુંડા ચોક સરીગામ ખાતેથી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પદયાત્રાના પ્રારંભે મીડિયા સમક્ષ વાત કરતાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, જ્યારે સરીગામ GIDCની સ્થાપના થઈ, ત્યારે સરકારે મૂળ લોકોની જમીનો



લઈને તેમને રોજગારી આપવાનો વાયદો કર્યો હતો. ચૈતર વસાવાએ કંપની માલિકોને સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું હતું કે, 'જો સરકારના પરિપત્રનું પાલન આ કંપનીઓ નહીં કરે, તો આવનારા દિવસોમાં અમે આ તમામ કંપનીઓ પર જઈને જનતા રેડ કરીશું.'

આ ઉપરાંત, તેમણે સ્થાનિક આદિવાસીઓના ઘરો પર નોટિસ આપવાના મુદ્દે પણ સરકારને ઘેરી હતી. તેમણે જણાવ્યું કે, જે લોકો ત્રણ-ચાર પેઢીથી વસવાટ કરે છે, ઘર વેરો, વીજળી વેરો, પાણી વેરો ભરે છે, તેમને જ નોટિસો આપવામાં આવી છે. વસાવાએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, 'અહીંયા બહારના લોકોએ જમીનો પચાવી પાડી, ગોચર પચાવી પાડી, ગામતળ પચાવી પાડ્યું છે, તો એ લોકોને શા માટે નોટિસો મોકલવામાં આવતી નથી?' આદિવાસી સમાજના નેતાઓ અને જનપ્રતિનિધિઓને સીધો સંદેશ આપતા ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, 'આદિવાસી લોકોના વોટથી ચૂંટાયેલા નેતાઓ ચાવીથી ચાલતા રમકડા બનવાનું બંધ કરે. તમે ઉદ્યોગપતિના મતેથી ચૂંટાયા નથી, તમે આદિવાસીઓના મતથી ચૂંટાયા છો.' અંતમાં, તેમણે કડક શબ્દોમાં સરકારને ધમકી આપી હતી કે, 'જો તમે અમારા લોકોના ઘરોને તોડવાની વાત કરશો, બુલડોઝર ફેરવવાની વાત કરશો અને અમારા લોકોને હેરાન કરશો, તો હાલ તો અમે રેલી કરી રહ્યા છે, પરંતુ આવનારા દિવસોમાં અમારા બિસ્તરા પોટલા લઈને તમારા ઘરે આવીશું અને જો મહિનો તમારા ઘરે રહેવું પડે તો અમે ત્યાં રહીશું, પરંતુ અમે અમારા લોકોને હેરાન થવા નહીં દઈએ.' આમ આદમી પાર્ટીના આ આક્રમક વલણને પગલે ઉમરગામ GIDC અને વલસાડ જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

કૃષિ સહાયના ફોર્મ ભરવામાં ખેડૂતોને મુશ્કેલીઓ ન પડે તે માટે

# 79 ગામોના ઈ-ગ્રામ V.C.E.ની મિટિંગ યોજાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સાવરકુંડલા તાલુકામાં તાજેતરમાં કમોસમી ભારે વરસાદથી ખેડૂતોના પાકને વ્યાપક પ્રમાણમાં નુકસાન થવા પામ્યું છે. આ નુકસાનની ભરપાઈ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સહાય ચૂકવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. આ પ્રક્રિયામાં ખેડૂતોને કોઈ મુશ્કેલીઓ ન પડે અને સહાય તાત્કાલિક અસરગ્રસ્ત ખેડૂતો સુધી પહોંચી શકે તે માટે તંત્ર સક્રિય બન્યું છે. સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની ખાસ સૂચનાથી સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત કચેરીના મિટિંગ હોલ ખાતે યોજાયેલી આ બેઠકમાં સાવરકુંડલા તાલુકાના ૭૯ ગામોના ઈ-ગ્રામ કેન્દ્રોના વી.સી.ઈ.ને હાજર રહેવા માટે જણાવવામાં આવ્યું હતું.

મહિલા આંદોલનકારીની તબિયત લથડતાં 108 દ્વારા હોસ્પિટલ ખસેડાઈ

# કંડલા સ્થિત દીન દયાલ પોર્ટ પર ભૂખ હડતાલનો ત્રીજો દિવસ

(એજન્સી) ભુજ/કચ્છ | તા.01



કંડલા સ્થિત દીન દયાલ પોર્ટ ઓથોરિટી ખાતે ચાલુ નોકરીએ અવસાન પામેલા કર્મચારીઓના વારસદારોને નોકરી ન આપવાના મુદ્દે શરૂ થયેલા આંદોલને આજે ગંભીર વળાંક લીધો છે. રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ કચ્છ અને મૃતક વારસદારો દ્વારા તારીખ 19.11.2025થી શરૂ કરાયેલા અચોક્કસ મુદતના ધરણાં પોર્ટ પ્રશાસનના નિર્દયી વલણને કારણે તારીખ 29.11.2025ના રોજ ભૂખ હડતાળમાં પરિવર્તિત થયા હતા. 01.12.2025ના રોજ ભૂખ હડતાળનો ત્રીજો દિવસ છે અને પ્રશાસનની બેદરકારીને કારણે એક ગંભીર ઘટના બની છે. ભૂખ હડતાળમાં બેઠેલા બહેન ચેતનાબેનની તબિયત લથડતા તેમને તાત્કાલિક 108 મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આંદોલનકારીઓએ પોર્ટ પ્રશાસન અને રામબાગ હોસ્પિટલના સત્તાધીશોને લેખિત અરજી આપવા છતાં ભૂખ હડતાળમાં બેઠેલા વ્યક્તિઓની રોજેરોજની 2 ટાઈમ તપાસણી કરવાની હોય છે, તે તંત્ર દ્વારા એકપણ દિવસ કરવામાં આવી ન હતી. તંત્રના આ આંખ આડા કાન કરવાના વલણથી રોષ વધુ ફેલાયો છે.

### ઉગ્ર આંદોલન અને આત્મઘાતી પગલાની ચીમકી ઉચ્ચારી

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ અને વારસદારો દ્વારા પોર્ટ પ્રશાસનને અંતિમ ચીમકી આપવામાં આવી છે કે, જો તેમની માંગણીઓ ઉપર પોર્ટ પ્રશાસન ખરું નહીં ઉતરે તો ન છૂટકે ઉગ્ર આંદોલન, રોડ રસ્તા બંધ, કચેરી તાળાબંધી કે આત્મઘાતી પગલું ભરવું પડશે. જેની પોર્ટ પ્રશાસને ગંભીર નોંધ લેવી. આ ગંભીર પરિસ્થિતિને કારણે પોર્ટ વિસ્તારમાં તણાવનો માહોલ છે અને પ્રશાસન પર તાત્કાલિક નિર્ણય લેવાનું દબાણ વધી રહ્યું છે.

### જ્ઞાન, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનો ઉત્સવ

# મહીસાગરમાં 'વિકાસ ભી-વિરાસત ભી'ના ધ્યેય સાથે ગીતા મહોત્સવની ઉજવણી

જગદીશ ત્રિવેદી | લુણાવાડા તા.01

શું તમારી છાતી ગર્વથી ફૂલી ગઈ? જો હા, તો આ સમાચાર તમારા માટે છે! જે ગ્રંથને હજારો વર્ષથી આપણી સંસ્કૃતિનું મૂળ માનવામાં આવે છે, તે શ્રીમદ્ ભગવદ્ ગીતાના જ્ઞાનને હવે આખું વિશ્વ નમન કરી રહ્યું છે. વાત સાચી છે, ગયા વર્ષે જ એપ્રિલ, ૨૦૨૫માં આ ભવ્ય વિરાસતને યુનેસ્કોની પ્રતિષ્ઠિત 'વિશ્વ-સ્મૃતિ નોંધણી-યાદી'માં સ્થાન મળ્યું છે.

આ માત્ર કોઈ સરકારી જાહેરાત નથી, પણ ભારતના આધ્યાત્મિક ગૌરવની વૈશ્વિક જીત છે! આ જ વિજયને ઉત્સવના રૂપમાં મનાવવા માટે, ગુજરાત સરકારે ગીતા જયંતિના પાવન અવસર પર રાજ્યભરમાં 'જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવ'નું આયોજન કર્યું છે, જે ખરા અર્થમાં 'વિકાસ ભી-વિરાસત ભી'ના ધ્યેયને સાકાર કરી રહ્યો છે. મહીસાગર જિલ્લાના લુણાવાડાની



કિશાન માધ્યમિક વિદ્યાલયમાં યોજાયેલા ભવ્ય ગીતા મહોત્સવમાં જ્ઞાનની એક નવી જ ગંગા વહી રહી હતી. આ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો. તેમણે ભાવુક સ્વરે કહ્યું કે, 'આ મહોત્સવ માત્ર એક કાર્યક્રમ નથી, પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને જમીન પર ઉતારવાનો અદ્ભુત પ્રયાસ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા માત્ર એક ધાર્મિક પુસ્તક નથી, તે માનવજાતના કલ્યાણ માટેનો સાર્વજાગતિક જ્ઞાન-ગ્રંથ છે.'

આ પ્રસંગે, વિદ્યાર્થીઓથી લઈને શિક્ષકો અને અધિકારીઓ સુધી, સૌના ચહેરા પર એક અનોખો ઉત્સાહ જોવા મળ્યો. સ્થાનિક સૂત્રો અનુસાર, આ આયોજન પાછળ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણ વિભાગનો ભગીરથ પ્રયાસ છે, જેથી કરીને આપણી સંસ્કૃતિની ધરોહર યુવા પેઢી સુધી પહોંચે. મહોત્સવમાં ગીતાના બારમા અધ્યાયનું સમૂહ પઠન કરવામાં આવ્યું, જેણે વાતાવરણને આધ્યાત્મિક ઊર્જાથી ભરી દીધું.

### ભગવદ્ ગીતા જીવનનું સૌથી મોટું 'પાસપોર્ટ'!

# નરસિંહ મહેતા યુનિવર્સિટીના તેજસ્વી તારલાઓનું સન્માન, કંઠસ્થ જ્ઞાને ગર્વ વધાર્યો

નરેન્દ્ર દવે | જૂનાગઢ, તા. 01

માગશર માસની શુક્લ એકાદશી, એટલે કે શ્રીમદ્ ભગવદ્ ગીતા જયંતીના પાવન અવસર પર, જ્યારે આખું ભારત આ મહાગ્રંથને નમન કરી રહ્યું હતું, ત્યારે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના તેજસ્વી વિદ્યાર્થીઓએ સાબિત કરી દીધું કે વિરાસતનું જ્ઞાન આજે પણ આપણી સૌથી મોટી શક્તિ છે. જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવના મંચ પર, એક એવા યુવાનોનું સન્માન થયું, જેમને ગીતાના શ્લોકો મોઢે છે–આનાથી મોટું સન્માન બીજું શું હોઈ શકે? આ ભવ્ય ગીતા મહોત્સવ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, જૂનાગઢ, દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. માનનીય વડાપ્રધાનશ્રીના ધ્યેય 'વિકાસ ભી - વિરાસત ભી' ને આત્મસાત્ કરતો



આ ઉત્સવ ખરેખર ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક જ્ઞાન અને લોક-સહભાગીતાનો સમન્વય હતો. તમે વિચારી શકો છો? આ મંચ પર એક-બે નહીં, પણ કુલ ૮૪ એવા સંસ્કૃત-પ્રેમી વિદ્યાર્થીઓ અને લોકોનું સન્માન કરવામાં આવ્યું, જેમણે શ્રીમદ્ ભગવદ્ ગીતાના સંપૂર્ણ અથવા આંશિક અધ્યાયો કંઠસ્થ કર્યા છે! આ દર્શાવે છે કે આખા ગુજરાતમાં જ્ઞાનની ક્રાંતિ આવી રહી છે. આ સન્માન સમારોહમાં સૌથી વધુ ચર્ચામાં રહેલી વિદ્યાર્થીની હતી ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ગુજરાતી ભવનની છાત્રા કુ. એકતા સંચાણીયા. જે છાત્રા ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરી રહી છે, તેને આખું ગીતાજી મુખપાઠ છે!

### જ્ઞાન, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનો ઉત્સવ

# જૂનાગઢ જ્ઞાનબાગ ગુરુકુળ ખાતે ગીતા જયંતી મહોત્સવની ભવ્ય ઉજવણી

નરેન્દ્ર દવે | જૂનાગઢ, તા. 01

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, શિક્ષણ વિભાગ દ્વારા પ્રેરિત અને જૂનાગઢ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા આયોજિત ગીતા જયંતી મહોત્સવની ભવ્ય ઉજવણી જૂનાગઢના જ્ઞાનબાગ ગુરુકુળ ખાતે કરવામાં આવી હતી. વૈદિક મંત્રો સાથે મહાનુભાવોએ શ્રીમદ્ ભગવત ગીતાજીનું પુજન અને દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમરના અધ્યક્ષ સ્થાને આ જિલ્લા સ્તરનો ભવ્ય સમારોહ યોજાયો હતો.

અધ્યક્ષશ્રીય પ્રવચનમાં શ્રી હરેશભાઈ ઠુંમરે જણાવ્યું હતું કે, ગીતા જયંતી મહોત્સવના કાર્યક્રમ થકી સંસ્કૃત અને સંસ્કૃતિના જતનનું કાર્ય થઈ રહ્યું છે. તેમણે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, અભ્યાસક્રમમાં



ભગવત ગીતાને સ્થાન આપવામાં આવ્યું છે, જે ખૂબ જ ગૌરવની વાત છે. તેમણે ઉમેર્યું હતું કે, માત્ર શિક્ષણમાં જ નહીં પણ સમાજ જીવનમાં પણ આ પ્રકારના કાર્યક્રમો આપણને માનવતા તરફ અને ગીતાના સાર તરફ જીવન જીવવાનો અવસર પ્રાપ્ત કરાવે છે. તેમણે જિલ્લામાં વિદ્યાર્થીઓ સંસ્કૃત તરફ વળી રહ્યા હોવા બદલ આનંદ વ્યક્ત કરીને સુંદર આયોજન માટે શિક્ષણ પરિવારને બિરદાવ્યો હતો.

કાર્યક્રમમાં નિવૃત્ત પ્રાધ્યાપકશ્રી ડો. બી.એમ. સેલડીયાએ શ્રીમદ્ ભગવતગીતા અને માનવજીવન પર સરળ શૈલીમાં સુંદર વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત, આ પ્રસંગે શ્લોક કંઠસ્થ સ્પર્ધાના પ્રતિભાગીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર અને શીલ્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

ખાસ કરીને, સામવેદ સંસ્કૃત પાઠશાળા દ્વારા શ્રીમદ્ ભગવત ગીતાના ૧૨મા અધ્યાયનું સામૂહિક પઠન કરવામાં આવ્યું હતું, જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. સુશ્રી કોકીલાબેન ઉઘાડે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સંસ્કૃત સંવર્ધન યોજના, સંસ્કૃતિ પ્રોત્સાહન યોજના અને સંસ્કૃત સપ્તાહની ઉજવણી સહિતની કાર્યરત યોજનાઓ અંગે સૌ કોઈને પરિચિત કર્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી કિશોર શેલડીયા દ્વારા સંસ્કૃત ભાષામાં અને ભાવિશાબેન ઠાકરે કર્યું હતું. સમારોહના પ્રારંભે મહાનુભાવોએ સંસ્કૃત ભાષાને લગતી પ્રદર્શની પણ નિહાળી હતી.

## તાલાળાની આંકોલવાડી કન્યા શાળાની બાલિકાઓએ સાબિત કર્યું: ગીતા છે નારી શક્તિનો આધાર!

જૂનાગઢ/તાલાળા તા.01

તાલાળા તાલુકાની આંકોલવાડી કન્યા શાળાની બાલિકાઓએ આ ધારણા તોડી નાખી છે! રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'ગીતાંશ કંઠપાઠ યોજના'માં આ શાળાની ત્રણ તેજસ્વી દીકરીઓ અને એક શિક્ષકને જિલ્લા કક્ષાએ પસંદગી થતાં પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે, જે આખા જૂનાગઢ જિલ્લા માટે ગૌરવની વાત છે. આ બાળકોએ સાબિત કરી દીધું છે કે, શ્રીમદ્ ભગવદ્ ગીતાનું દિવ્ય જ્ઞાન હવે ગામડાંની દીકરીઓનો પણ આત્મવિશ્વાસ બની રહ્યું છે! આ ઉપલબ્ધિ પાછળ શિક્ષક અને વિદ્યાર્થીઓની તપસ્યા છુપાયેલી છે. શાળાના આચાર્યશ્રી ભરતભાઈ ભોળાએ જણાવ્યું કે, આંકોલવાડી કન્યા શાળાની ત્રણ બાલિકાઓની ગીતાંશ કંઠપાઠ યોજનામાં પસંદગી થઈ છે.

### મોક્ષદા એકાદશીએ મહાસન્માન!

# સોમનાથના ગૌલોકધામમાં ગીતાના શ્લોકો ગુંજ્યા ઉઠ્યા

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.01

જ્યાં ભગવાન શ્રીકૃષ્ણએ પોતાનું સ્વધામ ગમન કર્યું હતું, તે પવિત્ર ગૌલોકધામ તીર્થ ખાતે માર્ગશીર્ષ શુક્લ એકાદશી એટલે કે 'મોક્ષદા એકાદશી'ના પાવન અવસરે ભક્તિભાવનું અદ્ભુત વાતાવરણ સર્જાયું હતું. સમગ્ર પરિસર શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકોથી ગુંજી ઊઠ્યું, કારણ કે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગીતા જયંતિની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ એ જ પવિત્ર દિવસ છે, જ્યારે કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણએ મોહમાં ગરકાવ થયેલા અર્જુનને તેના કર્તવ્યનું ભાન કરાવવા માટે દિવ્ય ઉપદેશ આપ્યો હતો. ગીતા જયંતિના આ પાવન અવસરની વિશેષ ઉજવણી ગૌલોકધામ તીર્થ ખાતે આવેલા ભવ્ય ગીતા મંદિર ખાતે



કરવામાં આવી, જે શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૮ અધ્યાયના શ્લોકોથી અંકિત ૧૮ સ્તંભો પર નિર્મિત છે. આ મંદિર પોતે જ એક જ્ઞાનનું ધામ છે. શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરશ્રી વિજયસિંહ ચાવડાના હસ્તે શ્રીમદ્ ભગવદ્ ગીતાજીના પાવન ગ્રંથનું વિધિવત પૂજન-અર્ચન કરવામાં આવ્યું. આ દિવ્ય દૃશ્ય જોઈને ત્યાં હાજર તમામ શ્રદ્ધાળુઓ ભાવવિભોર થઈ ગયા હતા. સોમનાથ ટ્રસ્ટ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રદ્ધા અને સંસ્કૃતિનો અદ્ભુત સમન્વય જોવા મળ્યો.

### CMએ ધરમપુરની ચિંતન શિબિરમાં કર્યું ગૌરવશાળી સન્માન

# મોરબીના પૂર્વ DDO જે.એસ.પ્રજાપતિને 'બેસ્ટ કર્મયોગી પુરસ્કાર-2024-25'થી સન્માન!

(એજન્સી) | મોરબી તા.01

જ્યારે કોઈ અધિકારી રાત-દિવસ એક કરીને જનતા માટે કામ કરે છે, ત્યારે આખું રાજ્ય તેનું સન્માન કરે છે. આ વાતને સાચી ઠેરવતો એક ગૌરવશાળી સમાચાર મોરબી જિલ્લામાંથી આવ્યો છે. મોરબી જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી (DDO) તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી ચૂકેલા પૂર્વ અધિકારી શ્રી જે.એસ.પ્રજાપતિને વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજ્ય સરકાર દ્વારા સર્વોચ્ચ 'બેસ્ટ જિલ્લા વિકાસ અધિકારી એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સન્માન માત્ર શ્રી પ્રજાપતિનું નથી, પણ મોરબી જિલ્લાની પ્રગતિ અને પ્રતિબદ્ધતાનું પ્રમાણપત્ર છે! આજે જ્યારે યુવાનો સપના જુએ છે, ત્યારે આ એવોર્ડ



તેમને યાદ અપાવે છે કે ઈમાનદારી, ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ અને સખત મહેનતનું ફળ હંમેશા મીઠું હોય છે. રાજ્ય સરકારની બારમી ચિંતન શિબિર વલસાડ જિલ્લાના આદિજાતિ વિસ્તાર ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે આયોજિત કરવામાં આવી હતી. ત્રણ દિવસ સુધી ચાલેલી આ શિબિરમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રી જે.એસ. પ્રજાપતિને આ પ્રતિષ્ઠિત 'કર્મયોગી પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો.

આ પુરસ્કારમાં માત્ર શાલ અને સન્માન પત્ર નથી, પણ રૂ. ૫૧ હજારનો રોકડ પુરસ્કાર તેમજ સંબંધિત જિલ્લાના વિકાસ કાર્યો માટે રૂ. ૪૦ લાખની પ્રોત્સાહક ગ્રાન્ટ પણ આપવામાં આવે છે.

શ્રી પ્રજાપતિએ મોરબીમાં સુશાસન અને નાગરિકોને મળતી સુવિધાઓના અમલીકરણમાં આ જ માપદંડો પર ટોચનું પ્રદર્શન કર્યું હતું. મોરબીમાં સફળતાના ઝંડા લહેરાવ્યા બાદ, શ્રી જે.એસ.પ્રજાપતિ હાલમાં નવનિર્મિત વાવ-થરાદ જિલ્લાના પ્રથમ જિલ્લા કલેક્ટર તરીકેની મોટી જવાબદારી સંભાળી રહ્યા છે. આ એવોર્ડ એ વાતની ગવાહી આપે છે કે તેઓ જ્યાં પણ જાય છે, ત્યાં સુશાસન અને વિકાસની નવીન ધારા વહેતી કરે છે.

### નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે

# બનાસકાંઠામાં 27.56 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ થશે

(એજન્સી) | પાલનપુર તા.01

બનાસકાંઠાના યુવાનો માટે એક ખુશખબર છે, જે તેમની જિંદગીની દિશા બદલી નાખશે! જે યુવાનો આજે પણ સારા પુસ્તકો કે રમતગમતના સારા મેદાન માટે મોટા શહેરો તરફ જોતા હતા, તેમના માટે સરકારે ૨૭.૫૬ કરોડ રૂપિયાની 'નવજીવન' ભેટ મોકલી આપી છે. આગામી ૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે આ ભવ્ય વિકાસ કાર્યોનું લોકાર્પણ થવા જઈ રહ્યું છે. વડગામ, પાલનપુર અને ડીસા - આ ત્રણ જગ્યાઓ પર જે સુવિધાઓ ખૂલી રહી છે, તે આખા જિલ્લાની શાન બની જશે! કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં કાર્યક્રમના સુચારુ આયોજનને આખરી ઓપ અપાયો, જે બતાવે છે કે સરકાર આ વિકાસને લઈને કેટલી ગંભીર છે. પહેલા વાત કરીએ વડગામની. અહીં અંદાજે ૪ કરોડના ખર્ચે તાલુકા કક્ષાની આધુનિક લાઈબ્રેરી શરૂ થઈ છે. ૬૯૮ ચો. મી.થી વધુ જમીન પર બનેલી આ G+1 ઈમારત માત્ર પુસ્તકોનું ઘર નથી, પણ ૧૬૯ વિદ્યાર્થીઓ માટે 'સપનાની પાઠશાળા' છે. આ લાઈબ્રેરીમાં ૨૦ હજારથી વધુ પુસ્તકો રાખવાની ક્ષમતા છે અને અહીં વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકો માટે અલગ જગ્યાઓ પણ છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, સરકારે સ્પષ્ટ કહ્યું છે કે આ લાઈબ્રેરીનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં મદદ કરવાનો છે.

### રોગની નહીં, પણ જ્ઞાનની જાગૃતિ જરૂરી!

# માળીયાહાટીના ખાતે વિશ્વ એઇડ્સ દિવસની ઊજવણી

(એજન્સી) | માળીયાહાટીના તા.01

જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના તાલુકામાં વિશ્વ એઇડ્સ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ૧લી ડિસેમ્બરના આ પાવન દિવસે આરોગ્ય વિભાગ દ્વારા એક મોટું અભિયાન ચલાવવામાં આવ્યું, જેણે આખા તાલુકાને જનજાગૃતિના રંગે રંગી દીધું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જૂનાગઢ અને તાલુકા હેલ્થ ઓફિસરશ્રી, માળિયાના ડૉ. ડાભીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓની ટીમે ઘર-ઘર સુધી પહોંચવાનો અને લોકોના મનમાં રહેલા એઇડ્સ



વિશેના ભ્રમને દૂર કરવાનો સંકલ્પ લીધો. આ કાર્યક્રમ માત્ર સરકારી ઓફિસ પૂરતો સીમિત નહોતો. માળીયાહાટીના તાલુકાના વિવિધ આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે આરોગ્ય કર્મચારીઓએ પૂરા ઉત્સાહથી 'જાગૃતિના યજ્ઞ'માં આહુતિ આપી.




કેટલીક વિદુષિ મહિલાઓ નવલિકા, બાળવાર્તા, લેખન,નવલકથા, નાટ્ય અને ચિત્રકલા ક્ષેત્રે કાર્યરત છે. તેવાંજ જાજરમાન વ્યક્તિત્વ ધરાવતાં બોપલમાં રહેતાં જૂનાગઢ જિલ્લાના બંટિયા ગામના ખેડૂત પુત્રી રમાબેન મણવર ના એક્રેલિકથા કલર કેનવાસ પર ગ્રામ્ય સંસ્કૃત - જીવનને અને પૌરાણિક કથાઓને જીવંત કરતું પેઇન્ટિંગનું પ્રદર્શન કનોરિયા આર્ટ સેન્ટર ખાતે યોજાઈ ગયું. આ પ્રસંગે... ડાબેથી શ્રી રતિલાલ કાંસોદરીયા, (પ્રિન્સીપાલ સી. એન. વિધાલય) શ્રી કુલીન પટેલ ( ડિઝાઈનર, એબ્સ્ટ્રેક્ટ આર્ટિસ્ટ, વિસ્યુલીસર) IPS શ્રી અજય ચોધરી, શ્રીમતિ ચૌલા દોશી ( આર્ટિસ્ટ, ફોટોગ્રાફર, ફિલ્મ મેકર) ખાસ ઉપસ્થિત રહી પ્રસંગને યાદગાર બનાવ્યો હતો. (તસવીર: ભાર્ગવ શ્રીમાળી)

### સરદાર પટેલનો સંકલ્પ સિદ્ધ થયો

# સોમનાથના ભવ્ય મંદિરની સંપૂર્ણતાને થયા 30 વર્ષ!

(એજન્સી) સોમનાથ તા.01

સોમનાથ એટલે માત્ર મંદિર નહીં, પણ ભારતની અસ્મિતા અને રાષ્ટ્રીય સંકલ્પની જીવંત ગાથા! આજે ૧ ડિસેમ્બરના રોજ, રત્નાકર સાગરના કિનારે, શ્રી સોમનાથ મંદિરની સંપૂર્ણતાને ૩૦ વર્ષ પૂર્ણ થયા છે. આ ઐતિહાસિક દિવસને ટ્રસ્ટ દ્વારા 'સંકલ્પ સિદ્ધિ દિવસ' તરીકે ભક્તિભાવ પૂર્વક ઉજવવામાં આવ્યો.

આ એ જ સંકલ્પ હતો, જે સ્વતંત્રતા બાદ દેશના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે લીધો હતો: ભગ્ન અવસ્થામાં રહેલા આ પાવન ધામનો જીર્ણોદ્ધાર કરવો!



સરદારનો સંકલ્પ કાળક્રમે એક વિશાળ 'વટ વૃક્ષ' બન્યો. ૧૧ મે, ૧૯૫૧ના રોજ માત્ર ગર્ભગ્રહનું નિર્માણ થયું અને દેશના પ્રથમ મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર પ્રસાદ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પરંતુ, ટ્રસ્ટનું સ્વપ્ન ભવ્ય હતું. નાગર સ્થાપત્ય શૈલીનું 'કૈલાશ મહામેરુ પ્રસાદ' પ્રકારનું ભવ્ય સોમનાથ મંદિર નિર્માણ કરવાનું કાર્ય પ્રારંભ કરવામાં આવ્યું.

# સોમનાથમાં J&Kના ઉપરાજ્યપાલ LG મનોજ સિંહાએ શીશ નમાવ્યું

સોમનાથ | દ્વાદશ જ્યોતિર્લિંગમાં પ્રથમ એવા શ્રી સોમનાથ મહાદેવના દર્શને જમ્મુ અને કાશ્મીરના માનનીય ઉપરાજ્યપાલ (LG) શ્રી મનોજ સિંહા પધાર્યા હતા. કાશ્મીરથી ગુજરાત સુધીનું આ આધ્યાત્મિક જોડાણ ખરેખર પ્રેરણાદાયી હતું. મહાદેવના દર્શન કરીને શ્રી સિંહાએ ધન્યતા અનુભવી હતી અને તેમની મુલાકાતે આખા સોમનાથના



વાતાવરણને એક વિશેષ દિવ્યતા બક્ષી હતી. શાસ્ત્રોક્ત જલાભિષેક અને લોકકલ્યાણની પ્રાર્થના શ્રી મનોજ સિંહાએ માત્ર સામાન્ય દર્શન જ નહોતા કર્યા, પણ તેમણે પૂરા ભક્તિભાવપૂર્વક શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે મહાદેવનો જલાભિષેક કર્યો હતો. કાશ્મીરની ભક્તિ જ્યારે સોમનાથના સાગર કિનારે વસેલા મહાદેવના ચરણોમાં ઝૂકી, ત્યારે દરેક દર્શનાર્થીએ આ દ્રશ્યને શ્રદ્ધાથી નિહાળ્યું. તેમણે મહાદેવને વિશેષ પૂજા સામગ્રી અર્પણ કરી અને દેશ તથા લોકકલ્યાણ માટે પ્રાર્થના કરી. આ દર્શાવે છે કે, વહીવટી જવાબદારીઓ વચ્ચે પણ ધર્મ પ્રત્યેનો તેમનો વિશ્વાસ કેટલો અતુટ છે.

# લગ્ન સમારંભ બદલાયા કે પછી 'ઝેન્ઝી' અને 'મિલેનિયલ' પેઢીની જિંદગી?



પ્રથમ શ્રી ગણેશ બેસાડો ને

આજ થી પચાસ વર્ષ પહેલા ના લગ્ન સમારંભ અને પ્રથા વિશે વિચારશો તો સમજાશે કે બે દિવસ મંડપ મુહૂર્ત અને લગ્ન પ્રસંગ માં મતલબ દોઢ દિવસની અવધિ માં લગ્ન પ્રસંગો પૂરા થઈ જતા હતા. ઘઉં ની ઢગલી પર ગણપતિ બાપ્પા ને બેસાડીને ગોર મહારાજ દસ પંદર મિનિટની વિધિ કરાવી ને ભાગતા થતા હતા.ગણપતિ સ્થાપન બાદ મંડપ મુહૂર્ત,પસ પીઠી અને પાપડ પન્ના નો રિવાજ બૈરાંઓ ગળા પર જોર લગાવીને કલાક માં પૂરો કરતી હતી.સાંજે સાંજી ના ગીત ગાવામાં આજુબાજુ વાળા અને મહેમાનો મોખરે રહેતા હતા. ગીત ગાવા આવનાર બધાના હાથ માં બે ત્રણ પતાસા કે સાકર ના ગાંગડા મુક્તા તો પણ કોઈને ખરાબ લાગતું નહતું. મગ અને લાપસી ના જમણ માં સગા સબંધીઓ થી લઈને આડોશ પડોશ વાળા બધા ખુશ ખુશાલ થઈ જતા હતા. જો ભોજન વધ્યું તો ફેંકો કે દાન માં આપી દેતા નહતા "અન્ન બ્રહ્મ" ભોજન નું મૂલ્ય સમજીને એને ગરમ કરીને પરિવાર થી લઈને મહેમાનો પણ પ્રેમ થી આરોગતા હતા. દિકરી ને શું આપ્યું કે દિકરા વાળા એ કેમ આટલું જ આપ્યું? આવા પ્રશ્ન કોઈને થતા નહતા.

મોટાભાગે મંડપ મુહૂર્ત અને લગ્ન પ્રસંગ માં મહેમાન બની ને આવેલી સ્ત્રીઓ જ રસોડાનો કારભાર સાંભળી લેતી હતી.પચાસ વર્ષ પહેલા ના લગ્ન પ્રસંગ એકદમ સાદા અને સરળ ભભકા વગર ના હતા.આ કારણોસર લગ્ન પ્રસંગ એ દીકરીવાળા કે દીકરાવાળા ને મન ચિંતા,ટેન્શન કે બોજ નહતા.ઘર ના આંગણે રસોડું ને પીરસનાર અને ખાનાર બધા પોતાના એટલે ખોટું લાગવાનો સવાલ રહેતો નહતો.

થોડા દિવસ પહેલા મારે પરિવાર ના લગ્ન સમારંભ માં જવાનું થયું ત્યારે મારા બન્ને મોટાભાઈ બોલ્યા હતા કે આપણા લગ્ન પ્રસંગ યાદ કરતા થાય છે કે ભલે લગ્ન આપણા થતા હતા પણ કન્યા થી લઈને જમણવાર બધું બાબાપુજી ની પસંદગી મુજબનું હતું.ખરેખર ઝેન્ઝી અને મિલેનિયમ જનરેશન ભાગ્યશાળી છે એટલે તો લગ્ન પ્રસંગ માં બધું એની મરજી અનુસાર નું થાય છે. "નો કોમ્પ્રોમાઇઝ" શબ્દ માં જીવતી આ પેઢી ને છોકરા છોકરી ના મિલન મુલાકાત થી લઈને સગાઈ,સગાઈ થી લઈને ચાર પાંચ દિવસ ચાલતા લગ્ન પ્રસંગો માં નાનકડી અમથી પણ બાંધ છોડ પસંદ નથી. કદાચ ઝેન્ઝી અને મિલેનિયમ પેઢીનો ઉછેર "મુક્ત વાતાવરણમાં" થયો છે એટલે જ આ પેઢી માં ઉછરેલ યુવક યુવતીઓ ભણવા થી લઈને પોતાના શોખ,ગમા અણગમા નો નિર્ણય પોતેજ કરતા હોય છે. બન્ને ભાઈઓની વાત સાંભળતા થયું કે વાત તો સાચી છે પરંતુ વર્તમાન પેઢી ની ખુશી એ બુમર અને ઝેન x પેઢી ની સ્વતંત્ર વિચારધારા વગર અશક્ય છે.

ભારતીય હિન્દુ લગ્ન સંસ્થા એ પરિવાર લક્ષી વધારે છે એટલે રામનામ ના સ્મરણ માં એક પત્નીત્વ ના રિવાજ ને અનુસરે છે. આપણા ત્યાં સ્ત્રી પુરુષ બન્ને માટે લગ્ન પહેલાના અને બાદ ના અમુક ખાસ નિયમો સમાજ એ બનાવેલા છે. ૧૯૦૧ થી ૧૯૨૭ અને ૧૯૨૮ થી ૧૯૪૫ના ગાળા દરમિયાન જન્મેલ યુવક યુવતીઓને પોતાના જીવન સાથી ને પસંદ કરવાની કે લગ્ન પહેલા થનાર જીવનસાથી ને મળવાની છૂટ નહતી. મારા પપ્પા ના મુખે થી સાંભળેલ એના સાહેબ નો એક કિસ્સો યાદ આવે છે ત્યારે મને ખડખડાટ હસવું આવે છે:



પેઢીગત લગ્ન પરંપરા

- રુપાલી દવે

કિસ્સો : બાપા એ સાહેબ ના લગ્ન એ ભણતાં હતા ત્યારે જ નક્કી કરી નાખ્યા હતા.૧૯૦૧ થી ૧૯૨૭ ના જમાના માં છોકરા છોકરીઓના લગ્ન એને પૂછ્યા વગર કુળ અને પરિવાર જોઈને થઈ ગયા બાદ છોકરા છોકરીઓ ને માત્ર જાણ જ કરવામાં આવતી હતી. આ સમય માં લગ્ન તો દસ થી પંદર વર્ષની ઉંમરે થઈ જતા હતા પરંતુ સાસરે આવી ને બીજેજ દિવસે વહુ પિયર જતી રહેતી હતી.ઘૂંઘટ કાઢવા નો રિવાજ એટલે થનાર પત્ની નું મુખડું પતિદેવ એની પત્ની અઢાર વર્ષની ન થાય ને ત્યાં સુધી જોઈ શકતા નહતા. સાહેબ એ હોંશે હોંશે લગ્ન ના લાડુ તો ખાઈ લીધા પણ ઘૂંઘટ ની અંદર પત્નીનો ચહેરો એણે ચાર વર્ષ બાદ જોયો ત્યારે એના દિલો દિમાગ પર દર્દ ની તિરાડ પડી જતા એણે નક્કી કર્યું કે કૂવામાં પડીને જીવન સમાપ્ત કરી નાખીશ પણ પત્ની નું મુખ પુનઃ જોઈશ નહી. જીવન નો અંત આણવા સાહેબ કૂવા સુધી તો ગયા પણ ખરા પરંતુ કુવા આગળ ઊભેલ ખડૂશ બાપા નો ચોકીફેરો વટાવી શક્યા નહી.સાહેબ એ બાપા ના ભય માં લગ્નના ૬૦ વર્ષ ત્રણ છોકરા અને બે છોકરીઓ ના પિતા બનીને મને ક મને પૂરા કર્યા. સાહેબ નો ગુનો એ હતો કે એનો જન્મ ગ્રેટેસ્ટ જનરેશન અને સાઈલન્ટ જનરેશન માં થયો હતો એટલે આ પેઢીમાં લગ્ન એ લોટરી ની ટિકિટ જેવું મતલબ "લાગી તો લોટરી" સમજો.

૧૯૬૫ થી ૧૯૮૦ ની પેઢી અમુક કડવા અનુભવે શીખી કે લગ્ન એ રમત નથી બે વ્યક્તિના જીવનનો અધિકાર છે એટલે લગ્ન અંતર્ગત અમુક કડક નિયમો ને હળવા કર્યા હતા.૧૯૬૫થી ૧૯૮૦ના સમયગાળા ની પેઢી ને હળવા થયેલ લગ્ન ના નિયમો નો લાભ થયો.આમ તો લગ્ન માબાપ ની પસંદગી ના જ પરિવાર માંજ કરવા પડતા હતા પરંતુ લગ્ન પહેલા યુવક યુવતીઓ ને એકબીજા ને જોવા અને સગાઈ બાદ મળવાની છૂટ મળી હતી.આ ઉપરાંત લગ્ન પ્રસંગની ધામધૂમ માં બે દિવસ રસોયો રસોઈ માટે રાખવામાં આવતો હતો જેથી પરિવારની સ્ત્રીઓ ને રસોડા માંથી છૂટ્ટી મળતા પ્રસંગ નો આનંદ ભરપુર લઈ શકતી હતી.

૧૯૮૧ થી ૧૯૯૬ અને ૧૯૯૭ થી ૨૦૧૦ આ સમય ગાળા દરમિયાન જન્મેલ પેઢી મિલેનિયલ અને ઝેન્ઝી નામ થી ઓળખાય છે. આ પેઢી માં જન્મેલ બાળકો ખૂબ નસીબદાર છે,કેમ? આ બન્ને પેઢીમાં જન્મેલ મોટાભાગના બાળકો ના માતાપિતા શિક્ષિત,આધુનિક અને લિબરલ સ્વભાવના હશે એટલે તો ભણતર થી લઈને લગ્ન વગેરે વગેરે નિર્ણયો બાળકોની પસંદગી મુજબ થતા હોય છે. માતાપિતાના સંપૂર્ણ સાથ સહયોગ સહકાર વગર કશુંય શક્ય નથી.

બાળકો સમાધાનકારી વલણ ધરાવતા નથી એની પાછળ નું મુખ્ય કારણ લાઈફ માબાપ તરફથી મળેલ પૂર્ણપણે ફ્રીડમ છે.બે દિવસ નો લગ્ન પ્રસંગ ચાર દિવસ ચાલે એ સમૃદ્ધ પરિવાર ની બાળકો પ્રત્યેની લાગણીઓ છે.આમપણ ચીલાચાલુ લગ્ન પ્રસંગને બદલે ઈવેન્ટમેનેજમેન્ટ ના આવિષ્કાર ને લીધે પ્રસંગ ની રોનક પર ચાર ચાંદ લાગી ગયા છે. લગ્નો ખર્ચાળ થયા છે પરંતુ લગ્ન પ્રસંગ ની મજા પણ ડબલ ટ્રિપલ થઈ ગઈ છે.ખબર છે ચીલાચાલુ લગ્ન પ્રસંગનું મેનૂ બદલાઈ ને બત્રીસ પકવાન ના રસથાળ માં પરિવર્તિત થયું છે. જો ભૂલેચૂકે રશિયન ગુજરાતી લગ્ન પ્રસંગ માં ભૂલો પડ્યો તો રશિયન સલાડ ના સ્વાદ માં પાણી પાણી થઈ જશે એટલું નક્કી. મેલેનિયલ અને ઝેન્ઝી ને ખુદના લગ્ન માં રોમેન્ટિક મૂવીના સોંગ પર નાચવા ને બદલે ડીજે ના તાલ પર આધુનિક વસ્ત્ર પરિધાન માં સગા સબંધીઓ અને મિત્રો ની સાથે મન મૂકીને નાચતાં નિહાળું છું ને ત્યારે થાય છે કે કાશ હું પણ ઝેન્ઝી કે મિલેલિયમ પેઢી માં જન્મી હોત.. તો..તો.

સર્જન કર્યું છે તારું તો શાને રિસાઇ ને ફરે છે ફિકરમાં,
સમય છું!કાળ બદલાયા કરે એમાં કાયમ બદલાયા કરું..



# સ્વરા ભાસ્કરના સસરાને બ્રેઈન હેમરેજ, તાત્કાલિક સર્જરી કરાઈ!

### એક્ટ્રેસે સોશિયલ મીડિયા પર ઈમોશનલ નોટ લખી, દુઆઓ માંગી, સ્વરા ભાસ્કર અને પતિ ફહદ હોસ્પિટલમાં જ હાજર છે

બોલિવૂડ અભિનેત્રી સ્વરા ભાસ્કર હાલમાં મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. રવિવારે મોડી સાંજે તેમણે સોશિયલ મીડિયા પર જાણકારી આપી કે તેમના સસરાને અચાનક બ્રેઈન હેમરેજ થયું છે, જેના કારણે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરીને સર્જરી કરવી પડી છે. આ મુશ્કેલ ઘડીમાં અભિનેત્રીએ પરિવાર વતી સૌ લોકો પાસે દુઆઓ માંગી છે. સ્વરા ભાસ્કરએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરી હતી. તેમણે લખ્યું કે રાત્રે સસરાની તબિયત અચાનક બગડી અને સવારમાં જ ઑપરેશન કરવું પડ્યું. સ્વરાએ જણાવ્યું કે તે અને તેના પતિ ફહદ અહમદ છેલ્લા ઘણા કલાકોથી હોસ્પિટલમાં છે અને આગામી દિવસોમાં તેઓ કોઈપણ કામ માટે ઉપલબ્ધ રહેશે નહીં. સ્વરાએ પોતાના સંદેશમાં ફક્ત એટલું જ કહ્યું, 'કૃપા કરીને અંકલને તમારી દુઆઓમાં રાખો.' અભિનેત્રીએ પોતાની પોસ્ટમાં સ્પષ્ટ કર્યું હતું કે પરિવાર અત્યારે ખૂબ જ સંવેદનશીલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે, તેથી તેઓ કોઈપણ પ્રકારની અટકળો કે વધુ પૂછપરછથી દૂર રહેવા વિનંતી કરે છે. જોકે, તેમણે સર્જરી પછીની સ્થિતિ વિશે કોઈ વિગતવાર માહિતી આપી નથી, પરંતુ તેમના સંદેશ પરથી સ્પષ્ટ થાય છે કે પરિસ્થિતિ ગંભીર છે અને પરિવાર તેમના સ્વાસ્થ્ય સુધારણા માટે આશા રાખી રહ્યો છે. સ્વરા ભાસ્કર અને ફહદ અહમદે ફેબ્રુઆરી ૨૦૨૩માં કોર્ટ મેરેજ કર્યા હતા. તેઓ હંમેશા પોતાના અંગત જીવનને જાહેરમાં લાવવાથી દૂર રહ્યા છે. ઓક્ટોબર ૨૦૨૩માં બંને એક દીકરી રાબિયાના માતા-પિતા બન્યા હતા.



### જી ક્યૂ ઈવેન્ટમાં અનન્યાનો સ્ટાઈલિશ અંદાજ, તસવીરો થઈ વાયરલ

# અનન્યા પાંડેના સિઝલિંગ અવતારે મચાવી ધમાલ, ડીપનેક આઉટફિટમાં કમાલ!

બોલિવૂડની યુવા અને સ્ટાઈલિશ અભિનેત્રીઓની યાદીમાં જેનું નામ મોખરે છે, તે અનન્યા પાંડે ફરી એકવાર પોતાના સિઝલિંગ અવતારના કારણે ચર્ચામાં આવી છે. તાજેતરમાં જ, તે એક પ્રતિષ્ઠિત 'જી ક્યૂ ઈવેન્ટ'નો ભાગ બની હતી, જ્યાં તેના ગ્લેમરસ લૂકે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તેના આ લૂકની તસવીરો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહી છે. અનન્યા પાંડે લૂકની વાત કરીએ તો, તેણે એકદમ યુનિક અને આકર્ષક આઉટફિટ પહેર્યો હતો. આ ડ્રેસનો ઉપરનો ભાગ ડીપનેક સાથે ટાઈટ-ફીટેડ (ચુસ્ત) હતો, જેમાં નેટ ફેબ્રિકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને સફેદ સ્ટોન્સથી સુંદર ડિઝાઈન બનાવવામાં આવી હતી. આ ડ્રેસનો નીચેનો ભાગ ફ્લોઇ (હળવો) રાખવામાં આવ્યો હતો, જે તેના ફિગરને પરફેક્ટલી ફ્લોન્ટ કરતો હતો. અનન્યાએ પોતાના આ સ્ટાઈલિશ આઉટફિટને વધુ યુનિક બનાવવા માટે તેના જ

## વ્હાઈટ સ્ટોન્સ અને નેટ ફેબ્રિકનો યુનિક ડ્રેસ પહેર્યો

કલરનો કોટ પણ સાથે કેરી કર્યો હતો. તેણે સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ (ભારે બુટ્ટીઓ) અને શાઈની મેકઅપથી પોતાનો અનન્યા પાંડે લૂક પૂર્ણ કર્યો હતો. અભિનેત્રી દરેક તસવીરમાં બલાની હસીન અને આકર્ષક લાગી રહી હતી. અહેવાલ મુજબ, આ ઈવેન્ટમાં અનન્યાના કઝિન અહાન પાંડેને 'જી ક્યૂ મેન ઓફ ધ યર'ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો, જેમાં અનન્યા પણ હાજર રહી હતી. જો વર્કફ્રન્ટની વાત કરીએ તો, અનન્યા પાંડે હાલમાં કાર્તિક આર્યન સાથે તેની આગામી ફિલ્મ 'તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી'ને લઈને વ્યસ્ત છે. આ ફિલ્મ ૨૫ ડિસેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે, જેના માટે તેના ફેન્સ ઉત્સાહિત છે.



# અશનૂરે બિગ બોસમાંથી અચાનક બેઘર, એવિક્શન પર તોડ્યું મૌન!

રિયાલિટી શો 'બિગ બોસ ૧૯'માં તાજેતરનો વીકેન્ડ કા વાર એક મોટો વળાંક લઈને આવ્યો, જ્યારે લોકપ્રિય ટીવી અભિનેત્રી અશનૂર કૌરને અચાનક શોમાંથી બહાર કરી દેવામાં આવી. આ એવિક્શનથી માત્ર ફેન્સ જ નહીં, પણ સોશિયલ મીડિયા પર પણ મોટી ચર્ચા શરૂ થઈ ગઈ હતી. શોમાંથી બહાર આવ્યા પછી પહેલીવાર અશનૂર કૌર બિગ બોસના આ નિર્ણય પર ખુલીને વાત કરી છે. રવિવારે, શોમાંથી બહાર આવ્યા પછી અશનૂરે તરત જ તેના ફેન્સ સાથે ઈન્સ્ટાગ્રામ લાઈવ દ્વારા વાતચીત કરી. લાંબા સમય સુધી ઘરની અંદર રહ્યા બાદ તેના અવાજમાં રાહત પણ હતી અને સાથે થોડો દુખાવો પણ. તેણે સ્વીકાર્યું કે ફિનાલેના માત્ર એક અઠવાડિયા પહેલા બહાર નીકળવાનો નિર્ણય તેના માટે પણ એટલો જ અચાનક હતો જેટલો દર્શકો માટે. અશનૂરે કહ્યું કે, 'બહાર આવતાની સાથે જ ફેન્સે જે પ્રેમ આપ્યો, તેણે મને સંભાળી લીધી. ફિનાલે સુધી જવાનું સપનું હતું, પરંતુ હવે જે થઈ ગયું છે તેને બદલી શકાતું નથી. હું આ ફેંસલાને સ્વીકારું છું અને હવે બધું ઠીક છે.' અશનૂર કૌર બિગ બોસના ઘરની વિદાય એક ટાસ્ક દરમિયાન બનેલી ઘટનાને કારણે થઈ હતી. તેના પર આરોપ લાગ્યો હતો કે તેણે તાન્યા મિત્તલને લાકડીના પટ્ટાથી ઈજા પહોંચાડી હતી. શોના હોસ્ટ સલમાન ખાને તેને નિયમોનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું. ભલે અશનૂરે આને 'અજાણતાં થયેલી ભૂલ' ગણાવી, પણ શોની ટીમે તેને શારીરિક હિંસા (ફિઝિકલ વાયોલન્સ) ની શ્રેણીમાં મૂકીને સખ્ત કાર્યવાહી કરી.

### શ્યામાલી ડેએ લખ્યું: 'નિરાશ લોકો નિરાશાજનક કામ કરે છે'

# સામંથા અને રાજ નિદિમોરુના લગ્નની ચર્ચા વચ્ચે પૂર્વ પત્નીનો ગુપ્ત પોસ્ટ

સાઉથની લોકપ્રિય અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ અને જાણીતા નિર્માતા-નિર્દેશક રાજ નિદિમોરુ (રાજ અને ડીકેની જોડી) તેમના અફેરને લઈને સતત ચર્ચામાં છે. જોકે, બંનેએ ક્યારેય જાહેરમાં પોતાના સંબંધો સ્વીકાર્યા નથી, પરંતુ તેમને અવારનવાર સાથે જોવામાં આવે છે. હવે તો એવા અહેવાલો પણ ઉઠી રહ્યા છે કે આ બંને જલ્દી જ લગ્નના બંધનમાં બંધાઈ શકે છે. આ લગ્નની અફવાઓ વચ્ચે, રાજ નિદિમોરુની પૂર્વ પત્ની શ્યામાલી ડેએ પોતાના ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક 'ક્રિપ્ટિક પોસ્ટ' (ગુપ્ત સંદેશ) શેર કરી છે, જેનાથી આ ચર્ચાઓને વધુ હવા મળી છે. શ્યામાલી ડેએ લેખક માઈકલ બ્રૂક્સનો એક સંદેશ શેર કર્યો છે, જેમાં લખ્યું છે કે, 'નિરાશ લોકો નિરાશાજનક કામ કરે છે.' (Desperate people do desperate things). શ્યામાલીની આ પોસ્ટને સામંથા રાજ નિદિમોરુના કથિત સંબંધો સાથે જોડીને જોવામાં આવી રહી છે. આ પહેલા પણ શ્યામાલી અવારનવાર આવી ગુપ્ત પોસ્ટ કરતી રહી છે, જે આ સંબંધો તરફ ઈશારો કરે છે. કેટલાક મીડિયા અહેવાલ મુજબ, સામંથા રૂથ પ્રભુ અને રાજ નિદિમોરુ આજે, એટલે કે ૧ ડિસેમ્બરે જ સત્તાવાર રીતે લગ્ન કરી શકે છે. રિપોર્ટ્સમાં તો ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે આ સમારોહ કોયમ્બતૂરના ઈશા યોગ કેન્દ્રમાં યોજવામાં આવશે. જોકે, આ અંગે બંનેમાંથી કોઈએ હજી સુધી સત્તાવાર પુષ્ટિ કરી નથી. વર્કફ્રન્ટની વાત કરીએ તો, સામંથા અને રાજ નિદિમોરુ (રાજ અને ડીકે) સાથે કામ કરી ચૂક્યા છે. સામંથા તેમના હિટ શો 'ધ ફેમિલી મેન ૨'માં અને 'સિટાડેલ હની બની'માં જોવા મળી હતી. આ સિવાય, આવનારા દિવસોમાં પણ સામંથા તેમની આગામી વેબ સિરીઝ 'રક્ત બ્રહ્માંડ'માં નજર આવશે.



## ક્રિપ્ટિક પોસ્ટથી સામંથા-રાજની અફેરની ચર્ચાને બળ મળ્યું

## ધનુષ કૃતિ સેનન: પુણેના સ્ટ્રીટ ફૂડના દીવાના થયા, ખાધો તીખો વડા પાંઉ!





સાઉથ સુપરસ્ટાર ધનુષ અને અભિનેત્રી કૃતિ સેનન તેમની આગામી ફિલ્મ 'તેરે ઈશ્ક મેં'ને લઈને ચર્ચામાં છે. ફિલ્મના પ્રમોશન માટે હાલમાં આ જોડી ડિરેક્ટર આનંદ એલ. રાય સાથે પુણેમાં હાજર હતી. આ દરમિયાન ત્રણેયે પુણેના પ્રખ્યાત સ્ટ્રીટ ફૂડનો ભરપૂર આનંદ માણ્યો હતો, જેનો વીડિયો ખુદ ધનુષે સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. ધનુષ અને આનંદ એલ. રાય કારમાં બેસીને ગરમા-ગરમ વડા પાંઉ ખાતા દેખાયા હતા. જ્યારે કૃતિ સેનને પૂછ્યું કે 'કેવું લાગ્યું?' ત્યારે ધનુષે તરત જ જવાબ આપ્યો, 'બેહતરીન, અવિશ્વસનીય!' એટલે કે ખૂબ જ સરસ, માન્યામાં ન આવે તેવો સ્વાદ! ડિરેક્ટર આનંદ એલ. રાયે પણ વડા પાંઉને 'શાનદાર' ગણાવ્યો હતો. આ વીડિયો સાથે કૃતિએ મજેદાર કેપ્શન આપ્યું: 'પુણેમાં આવો તો ખાવાના ઈશ્કમાં પડી જાઓ.' બીજી એક ક્લિપમાં કૃતિ સેનન પોતે ટિક્કીની રાહ જોતી જોવા મળી હતી અને ઉત્સાહમાં લખ્યું હતું, 'મને ટિક્કી જોઈએ છે.



# શનાયા કપૂરનો નવો લૂક વાયરલ

બોલિવૂડની હસીન અભિનેત્રીઓમાંની એક, શનાયા કપૂર અવારનવાર પોતાની સુંદરતા અને ફેશનેબલ લુક્સથી લાઈમલાઈટમાં રહે છે. તાજેતરમાં જ શનાયાને મીડિયા અહેવાલ દ્વારા પેપ્સ (ફોટોગ્રાફરો) દ્વારા સ્પોટ કરવામાં આવી હતી, અને તેની આ તસવીરો હાલમાં સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહી છે. આ તસવીરોમાં શનાયા કપૂર લૂક એકદમ સાદગીભર્યો અને મેકઅપ વગરનો જોવા મળ્યો છે. જ્યારે સામાન્ય રીતે એક્ટ્રેસિસ સ્ટાઈલિશ અને ગ્લેમરસ અવતારમાં જોવા મળતી હોય છે, ત્યારે શનાયાનો આ 'નો-મેકઅપ લૂક' (મેકઅપ વિનાનો દેખાવ) નેટીઝન્સના દિલમાં વસી ગયો છે. તેણે બ્લુ કલરનો ટૅન્ક ટૉપ પહેર્યો છે, જેની સાથે ગ્રે કલરના લૂઝ ટ્રાઉઝર્સનું પેરિંગ કર્યું છે. પોતાના આ આરામદાયક અને કેઝ્યુઅલ લૂકને તેણે ખુલ્લા વાળ અને સ્ટેટમેન્ટ વૉચ (ઘડિયાળ) સાથે પૂરો કર્યો છે. શનાયા કપૂર લૂકની સૌથી આકર્ષક વાત તેની સુંદર અને મીઠી સ્માઈલ હતી. એક્ટ્રેસે ફોટોગ્રાફરો સામે પણ હસતા મુખે પોઝ આપ્યા હતા. ટૂંકા વાળની આ સ્ટાઈલ પણ તેના પર ખૂબ જ સરસ લાગી રહી છે.



# 'ઝૂટોપિયા ૨'ને લાગ્યા પંખ, શ્રદ્ધા કપૂરની આવાજ આવી કામે!

હોલિવૂડની લોકપ્રિય એનિમેટેડ ફિલ્મ 'ઝૂટોપિયા'નો બીજો ભાગ, 'ઝૂટોપિયા ૨' દુનિયાભરમાં ધમાકેદાર કમાણી કરી રહ્યો છે, અને ભારતીય બોક્સ ઓફિસ પર પણ તેને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મે એ જ દિવસે ભારતીય થિયેટર્સમાં એન્ટ્રી લીધી જે દિવસે ધનુષની મોટી કમાણીવાળી ફિલ્મ 'તેરે ઈશ્ક મેં' રિલીઝ થઈ હતી. એક મોટી ફિલ્મ સામે હોવા છતાં, **'ઝૂટોપિયા ૨ કમાણી'**ના મામલે આગળ વધી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, આ ફિલ્મે ઓપનિંગ ડે પર ૧.૬ કરોડનું ઠીકઠાક કલેક્શન કર્યું હતું, પરંતુ બીજા દિવસે ફિલ્મની કમાણીમાં જોરદાર વધારો થયો. બીજા દિવસે ફિલ્મે ૩.૨૫ કરોડની કમાણી કરી, જે પહેલા દિવસ કરતાં બમણી છે. ત્રીજા દિવસ એટલે કે રવિવારની રજાનો પણ ફિલ્મને ફાયદો મળી રહ્યો છે. હાલના આંકડા મુજબ, ફિલ્મનું કુલ કલેક્શન ૮.૧૭ કરોડ સુધી પહોંચી ચૂક્યું છે. ફિલ્મને માઉથ વર્ડ (લોકો દ્વારા પ્રશંસા) પોઝિટિવ મળી રહ્યો છે, જેના કારણે ઝૂટોપિયા ૨ કમાણી સતત વધતી દેખાઈ રહી છે. 'ઝૂટોપિયા ૨'નું બજેટ લગભગ ૧૩૨૫ કરોડ હોવાનું માનવામાં આવે છે. મીડિયા અહેવાલ અનુસાર, ફિલ્મે તેની રિલીઝના થોડા જ દિવસોમાં સમગ્ર વિશ્વમાં ૨૫૦ મિલિયન ડોલરથી વધુની કમાણી કરી લીધી છે. જો આ રકમને ભારતીય રૂપિયામાં બદલીએ તો તે લગભગ ૨૨૩૩ કરોડ થાય છે. આનો અર્થ એ થયો કે ફિલ્મે પહેલા વીકેન્ડ પહેલા જ પોતાના બજેટ કરતાં લગભગ બમણી કમાણી કરી લીધી છે. ભારતીય દર્શકો માટે 'ઝૂટોપિયા ૨' ખાસ છે.



# એક્ટરે હાથમાં જ કરી દીધી હતી ઊલટી! : રવિના ટંડન

મુંબઈ: બોલિવૂડની દિગ્ગજ અભિનેત્રી રવિના ટંડન પોતાના શાનદાર અભિનય અને સુંદરતાને કારણે હંમેશા ચર્ચામાં રહે છે. જોકે, તાજેતરમાં તેમણે એક ચોકલેટ એડના શૂટિંગ દરમિયાન બનેલા એક રમુજી અને વિચિત્ર કિસ્સાનો ખુલાસો કર્યો છે, જેમાં નાનકડા આફતાબ શિવદાસાનીએ તેમના હાથમાં ઊલટી કરી દીધી હતી. એક મીડિયા અહેવાલ મુજબ, 'જી ટીવી'ના ટૉક શો 'જીના ઈસી કા નામ હૈ'માં રવિના ટંડનએ પોતાના અનુભવ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે આ ઘટના એક ચોકલેટ એડના શૂટિંગ દરમિયાન બની હતી, જેમાં તે સમયના બાળ કલાકાર અને હાલના હીરો આફતાબ શિવદાસાની (ત્યારે ૧૦ વર્ષના) તેમની સાથે કામ કરી રહ્યા હતા. રવિનાએ જણાવ્યું કે એડમાં આફતાબને ઘણી બધી ચોકલેટ ખાવી પડતી હતી. સતત રીટેક્સના કારણે આફતાબની તબિયત બગડી અને તેને ઊલટી આવવા લાગી. રવિનાએ સમજાવ્યું કે સેટ સંપૂર્ણપણે સફેદ હતો અને મેકર્સ (જેમાં પ્રહલાદનો સમાવેશ થાય છે) કોઈપણ ભોગે તેને ગંદો થવા દેવા માંગતા ન હતા.



# આયશા ખાન ધર્મ પર બોલી: "જે તમને યોગ્ય લાગે, તે જ કરવું જોઈએ"

મુંબઈ: 'બિગ બોસ ૧૭' માંથી લોકપ્રિયતા મેળવનાર અભિનેત્રી આયશા ખાન હવે ફિલ્મી દુનિયામાં ધમાલ મચાવવા તૈયાર છે. તે ટૂંક સમયમાં જ કપિલ શર્માની ફિલ્મ 'કિસ્સ કિસ્સ કો પ્યાર કરું ૨'માં તેની પત્નીના રોલમાં જોવા મળશે. હાલમાં ફિલ્મનું જોરશોરથી પ્રમોશન ચાલી રહ્યું છે, ત્યારે આયશા ખાનએ એક ઈન્ટરવ્યુમાં ધર્મને લઈને સ્પષ્ટવક્તા નિવેદન આપ્યું છે, જે વાયરલ થઈ રહ્યું છે. એક મીડિયા અહેવાલ સાથેની વાતચીતમાં આયશા ખાને કબૂલ્યું કે તે પોતાના ધર્મને સંપૂર્ણપણે અનુસરી શકતી નથી. અભિનેત્રીએ જણાવ્યું, 'મને નથી લાગતું કે હું સંપૂર્ણપણે મારા ધર્મને ફોલો કરી શકું છું. મને તેમાં ખૂબ માર્ગદર્શનની જરૂર છે. ઘણી બધી માહિતી હોવાને કારણે ઘણીવાર સમજાતું નથી કે શું સાચું છે અને શું ખોટું.' જો કે, તેણે અલ્લાહમાં વિશ્વાસ વ્યક્ત કરતાં ઉમેર્યું, 'હું માનું છું કે ઉપરવાળો છે. હું અલ્લાહમાં વિશ્વાસ રાખું છું. મને લાગે છે કે તેમના વિના હું કંઈ નથી. જો તમે સુરક્ષિત છો, જો તમે એવા છો કે જે તમે છો, તો તે માત્ર તેમની જ કૃપા છે. હું હંમેશા અનુભવું છું કે તમારે તે કરવું જોઈએ જે તમને યોગ્ય લાગે, અને સાથે જ બીજા લોકોના વિશ્વાસની પણ ઈજ્જત કરવી જોઈએ.' આયશા ખાનને 'બિગ બોસ ૧૭' માં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રીથી મોટી ઓળખ મળી હતી. શોમાં તેણે મુનવ્વર ફારૂકીની એક્સ ગર્લફ્રેન્ડ તરીકે એન્ટ્રી લઈને ઘણો હોબાળો મચાવ્યો હતો. બિગ બોસ પછી તે સતત ચર્ચામાં રહી છે. તેના સોશિયલ મીડિયા વીડિયોઝ વાયરલ થતા રહે છે અને તેણે ઘણા મ્યુઝિક વીડિયોઝમાં પણ કામ કર્યું છે. હવે તે કપિલ શર્માની કોમેડી ફિલ્મ 'કિસ્સ કિસ્સ કો પ્યાર કરું ૨'માં જોવા મળશે, જેનું ટ્રેલર તાજેતરમાં રિલીઝ થયું છે અને ફેન્સને તે ખૂબ જ પસંદ આવી રહ્યું છે.

## 'કિસ્સ કિસ્સ કો પ્યાર કરું ૨'ની એક્ટ્રેસનું નિવેદન વાયરલ થયું, આયશા ખાને અલ્લાહમાં વિશ્વાસ વ્યક્ત કર્યો

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# સચિન વિ. વિરાટ કોહલી: ગાવસ્કરે કોને કહ્યો વનડેનો સૌથી મહાન બેટ્સમેન?


● 52મી સદી પછી કોહલી હવે સર્વશ્રેષ્ઠ: સુનીલ ગાવસ્કરનું મોટું નિવેદન, ઓસ્ટ્રેલિયન કેપ્ટન રિકી પોન્ટિંગનો પણ કોહલીને ટેકો



મુંબઈ

વિરાટ કોહલીએ તાજેતરમાં રાંચીમાં પોતાની ૫૨મી વનડે સદી ફટકાર્યા બાદ ક્રિકેટ જગતમાં તેમની મહાન બેટ્સમેન સચિન તેંડુલકર સાથેની સરખામણી અનિવાર્ય બની ગઈ છે. સચિનના ૫૧ વનડે શતકોના રેકોર્ડને લાંબા સમયથી એક એવો માઈલસ્ટોન માનવામાં આવતો હતો જેને કોઈ નહીં તોડી શકે. પરંતુ હવે કોહલી તે રેકોર્ડને પાર કરી ચૂક્યા છે. આ વિષય પર પૂર્વ ભારતીય કેપ્ટન અને મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરે સ્પષ્ટપણે પોતાનો અભિપ્રાય રજૂ કર્યો છે. સામાન્ય રીતે ક્રિકેટના મહાન ખેલાડીઓની તુલના કરવામાં જરાય ખચકાટ ન અનુભવતા સુનીલ ગાવસ્કરએ રવિવારે સ્પષ્ટ શબ્દોમાં વિરાટ કોહલીને અત્યાર સુધીના સૌથી મહાન વનડે ક્રિકેટર ગણાવ્યા. ગાવસ્કરે જણાવ્યું કે વનડે ફોર્મેટમાં કોહલીના શતકોનો વિશ્વ રેકોર્ડ આ ફોર્મેટમાં તેમના બેજોડ કદને દર્શાવે છે. ગાવસ્કરે મીડિયા રિપોર્ટ સાથે વાત કરતાં કહ્યું, 'મને નથી લાગતું કે આમાં કોઈ શંકા હોય. મારો કહેવાનો અર્થ એ છે કે માત્ર હું જ નહીં, પણ મને લાગે છે કે જે ખેલાડીઓ તેમની સાથે અને તેમની વિરુદ્ધ રમ્યા છે, તે બધા આ વાત સાથે સહમત થશે કે તે વનડે ફોર્મેટમાં સૌથી મહાન છે.' ગાવસ્કરે આ દરમિયાન ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગના નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, 'મેં હમણાં જ સાંભળ્યું કે રિકી પોન્ટિંગે કહ્યું કે તેમણે જેને જોયા છે, તેમાં કોહલી વનડે ક્રિકેટમાં સર્વશ્રેષ્ઠ છે.' ગાવસ્કરે ભારપૂર્વક કહ્યું કે જ્યારે કોઈ ઓસ્ટ્રેલિયન કેપ્ટન વિરાટ કોહલીના વખાણ કરે, ત્યારે આ ચર્ચાને વધારે અવકાશ રહેતો નથી, કારણ કે ઓસ્ટ્રેલિયન તરફથી વખાણ મળવા ખૂબ જ દુર્લભ હોય છે.

## મેકલેરેન ટીમ બોસની મોટી ભૂલ, કતાર જીપીમાં વ્યૂહાત્મક 'બ્લંડર' સ્વીકાર્યો



કતાર: ફોર્મ્યુલા વન ની ટીમ મેકલેરેનના ચીફ આંદ્રેઆ સ્ટેલાએ સ્વીકાર્યું છે કે કતાર ગ્રાં પ્રિ) માં તેમની ટીમે એક મોટી અને મોંઘી વ્યૂહાત્મક ભૂલ કરી હતી. આ ભૂલને કારણે ટાઈટલ માટે લડી રહેલા તેમના ડ્રાઈવરોએ જીત અને પોડિયમ ફિનિશ ગુમાવ્યું. મેકલેરેનના આ ખોટા નિર્ણયને કારણે રેડ બુલના ચાર વખતના વિશ્વ ચેમ્પિયન મેક્સ વર્સ્ટાપેને નિયંત્રણ મેળવ્યું અને કારકિર્દીની ૭૦મી જીત હાંસલ કરી. ઘટના એ હતી કે રેસમાં વહેલા સેફ્ટી કારના હસ્તક્ષેપ દરમિયાન અન્ય તમામ ટીમોએ તેમના બંને ડ્રાઈવરોને પિટમાં બોલાવ્યા, પરંતુ મેકલેરેન ટીમે પિટ ન કરવાનો નિર્ણય લીધો. આ નિર્ણયે તેમની જીતની આશા પર પાણી ફેરવી દીધું. ડ્રાઈવર્સ ટાઈટલ રેસમાં મેક્સ વર્સ્ટાપેન હવે લાન્ડો નોરિસથી માત્ર ૧૨ પોઈન્ટ પાછળ આવી ગયો છે. આ ભૂલનો સૌથી મોટો ભોગ ઓસ્કાર પિઆસ્ટ્રી બન્યો, જે જીતવાની ખાતરી લાગતી હતી. ટીમ બોસ સ્ટેલાએ પોતાની ભૂલ સ્વીકારતા કહ્યું, 'તે પિટ ન કરવાનો નિર્ણય હતો અને પ્રમાણિકપણે કહીએ તો, અમે અપેક્ષા રાખી ન હતી કે અન્ય દરેક જણ પિટ કરશે. સ્પષ્ટપણે, એકવાર બધાએ પિટ કર્યું, પછી તે કરવું યોગ્ય હતું. જ્યારે તમે લીડ કાર ધરાવતા હોવ, ત્યારે તમને ખબર નથી હોતી કે અન્ય લોકો શું કરશે. મુખ્ય કારણ એ હતું કે અમે અપેક્ષા નહોતી રાખી કે બધા પિટ કરશે, તેથી આ નિર્ણય લેવાયો, અને હકીકત એ છે કે તે યોગ્ય નિર્ણય નહોતો.' સ્ટેલાની આ સ્વીકૃતિથી ડ્રાઈવરો, ખાસ કરીને ઓસ્કાર પિઆસ્ટ્રીને ઓછી રાહત મળી. જો પિઆસ્ટ્રી જીત્યો હોત, તો તે સીઝન-એન્ડિંગ અબુ ધાબી ગ્રાં પ્રિ પહેલા નોરિસથી માત્ર સાત પોઈન્ટના અંતરે આવી ગયો હોત.

સચિન તેંડુલકરને ફરી પાછળ છોડી વિરાટે ૩૨મી વખત એવોર્ડ જીત્યો

# ઘરમાં સૌથી વધુ 'પ્લેયર ઓફ ધ મેચ' જીતનાર બેટ્સમેન બન્યો વિરાટ કોહલી



રાંચી:

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ વનડે મેચમાં પોતાના શાનદાર પ્રદર્શનથી વધુ એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. રાંચીના મેદાન પર રમાયેલા આ મુકાબલામાં કિંગ કોહલીએ વિસ્ફોટક સદી ફટકારી અને ટીમને જીત અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ પ્રદર્શન માટે તેમને 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા, અને આ સાથે જ તેમણે ઘરમાં (હોમ ગ્રાઉન્ડ) રમાયેલા આંતરરાષ્ટ્રીય મુકાબલાઓમાં સૌથી વધુ વખત 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ જીતવાનો રેકોર્ડ હાંસલ કર્યો. વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઘરમાં રમાયેલી મેચોમાં ૩૨મી વખત આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીતીને મહાન બેટ્સમેન સચિન તેંડુલકરને પાછળ છોડી દીધા છે. આ મામલે સચિન તેંડુલકર અને દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ખેલાડી જેક્સ કૅલિસ સંયુક્ત રીતે બીજા સ્થાને છે, જેમણે ૩૧ વખત આ એવોર્ડ જીત્યો છે. આ મેચમાં કોહલીએ ૧૦૨ બોલમાં પોતાના વનડે કરિયરની ૫૨મી અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટની કુલ ૮૩મી સદી પૂરી કરી હતી. તેમણે ૧૨૦ બોલમાં ૧૧ ચોગ્ગા અને સાત છગ્ગાની મદદથી ૧૩૫ રન ફટકાર્યા હતા.

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સર્વાધિક સદી

વિરાટ કોહલીએ સચિન તેંડુલકરનો વધુ એક મોટો રેકોર્ડ તોડ્યો છે. કોહલી હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કોઈ પણ ફોર્મેટમાં સર્વાધિક સદી લગાવનારા બેટ્સમેન બની ગયા છે. સચિનના નામે ટેસ્ટમાં ૫૧ સદીનો રેકોર્ડ હતો, જેને કોહલીએ વટાવી દીધો છે. વિરાટ કોહલી વનડે ફોર્મેટમાં પણ ૫૨ સદી સાથે સચિનના ૪૯ શતકના રેકોર્ડને પહેલા જ પાછળ છોડી ચૂક્યા છે.

### માનસિક તૈયારી પર ભાર...

'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ જીત્યા બાદ વિરાટ કોહલીએ પોતાના પ્રદર્શનનું શ્રેય માનસિક તૈયારીને આપ્યું. તેમણે કહ્યું, 'પીચ શરૂઆતમાં સારી હતી, પણ ૨૦-૨૫ ઓવર પછી ધીમી થઈ ગઈ હતી. મેં વિચાર્યું કે વધારે વિચારવાની જરૂર નથી. બસ બોલને જોવો અને રમતનો આનંદ લેવો. મેં ક્રિકેટ રમવાનું શરૂ કર્યું હતું તેનું આ જ કારણ હતું.' કોહલીએ સ્પષ્ટ કર્યું કે તે વધુ નેટ સેશનમાં વિશ્વાસ નથી કરતા. તેમણે કહ્યું, 'જ્યાં સુધી હું માનસિક રીતે તીવ્ર, ફિટ અને ગેમને વિઝ્યુઅલાઈઝ કરી શકું છું, ત્યાં સુધી બધું બરાબર છે. જે દિવસે સારી શરૂઆત મળે છે, રન આપોઆપ આવે છે.'

**મેચનું પરિણામ...**ભારતે દક્ષિણ આફ્રિકાને ૧૭ રનથી હરાવીને ત્રણ મેચની વનડે સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. ભારતે પહેલા બેટિંગ કરીને ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૩૪૯ રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ ૪૯.૨ ઓવરમાં ૩૩૨ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી કુલદીપ યાદવે ૪ અને હર્ષિત રાણાએ ૩ વિકેટ ઝડપી હતી. હવે બંને ટીમો ૩ ડિસેમ્બરના રોજ રાયપુરમાં બીજા મુકાબલામાં ટકરાશે.

# વિરાટ કોહલી: ૨૦૨૭ વર્લ્ડ કપની તૈયારી? રાંચીમાં જોવા મળ્યો નવો અંદાજ

રવિવાર, ૩૦ નવેમ્બરના રોજ રાંચીના મેદાન પર કંઈક એવું બન્યું જેણે ક્રિકેટ જગતમાં નવી ચર્ચા જગાવી છે. નિયંત્રિત બેટિંગ, વિકેટો વચ્ચેની દોડ અને ધીરજપૂર્વક ઈનિંગ્સનું નિર્માણ કરવા માટે જાણીતા બેટ્સમેન વિરાટ કોહલી એક અલગ જ રૂપમાં જોવા મળ્યા. તેમની સદીની શરૂઆત જ બે ધમાકેદાર છગ્ગા સાથે થઈ હતી, જે સામાન્ય રીતે કોહલી ઈનિંગ્સના શરૂઆતના ઓવરોમાં ભાગ્યે જ કરે છે. આ અણધાર્યા બદલાવે સવાલ ઉઠાવ્યો છે કે શું વિરાટ કોહલી પોતાના કૌશલ્યને નવા સ્તરે લઈ જઈ રહ્યા છે? અને શું આ ૨૦૨૭ના આગામી વનડે વિશ્વકપની તૈયારીનો એક ભાગ છે? યશસ્વી જયસ્વાલની વિકેટ વહેલી પડ્યા પછી સામાન્ય રીતે કોહલી ઈનિંગ્સને સંભાળવાની જવાબદારી લે છે, પણ આ વખતે તેમણે શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું. તેમણે દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલરોને ફ્રન્ટફૂટ અને બેકફૂટ પર જોરદાર પડકાર ફેંક્યો અને પિચનો મિજાજ પારખીને તુરંત પોતાની બેટિંગનો ગિયર બદલ્યો. આ એ જ વિરાટ કોહલીનો અંદાજ છે, જેને તેમણે બહુ ઓછા પ્રસંગોએ અપનાવ્યો છે, પરંતુ જ્યારે પણ અપનાવ્યો છે, ત્યારે ક્રિકેટ જગતને આશ્ચર્યચકિત કરી દીધું છે.

# આઈસીસી વનડે રેન્કિંગ: સદી પછી પણ વિરાટ કોહલી 5મા સ્થાને યથાવત

રોહિત શર્મા હજી પણ નંબર-૧ બેટ્સમેન બની રહ્યા, ગિલ ચોથા સ્થાને

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ સાઉથ આફ્રિકા સામેની પ્રથમ વનડે મેચમાં વિસ્ફોટક સદી ફટકારીને ફરી એકવાર સાબિત કર્યું છે કે તે આધુનિક ક્રિકેટના સૌથી વિશ્વસનીય ખેલાડીઓમાંના એક છે. રાંચીમાં રમાયેલા મુકાબલામાં કોહલીએ શાનદાર ૧૦૦ રન પૂરા કરીને ટીમ ઈન્ડિયાની ઈનિંગ્સને મજબૂતી આપી હતી. તેમના આ દમદાર પ્રદર્શન પછી ક્રિકેટ ચાહકોમાં પહેલો સવાલ એ જ હતો કે શું આઈસીસી વનડે રેન્કિંગમાં તેમનું સ્થાન બદલાઈ ગયું છે? આઈસીસી પુરુષ વનડે બેટિંગ રેન્કિંગ મુજબ, સદી ફટકાર્યા હોવા છતાં વિરાટ કોહલી હાલમાં પાંચમા સ્થાને જ યથાવત રહ્યા છે. તેમની પાસે ૭૨૫ રેટિંગ પોઈન્ટ છે. જોકે, તેમના પ્રદર્શનને કારણે તેમના પોઈન્ટ્સમાં વધારો થયો હશે, પરંતુ રેન્કિંગમાં કોઈ મોટો ઉલટફેર જોવા મળ્યો નથી. કોહલીએ ૨૦૧૮માં ઈંગ્લેન્ડ સામે ૯૦૯નો કરિયર-બેસ્ટ રેટિંગ હાંસલ કર્યો હતો. આઈસીસી વનડે રેન્કિંગમાં ભારતીય કેપ્ટન રોહિત શર્મા હજી પણ ૭૮૧ રેટિંગ પોઈન્ટ સાથે નંબર-૧ બેટ્સમેન બની રહ્યા છે. બીજી તરફ, ભારતના યુવા સ્ટાર શુભમન ગિલ ૭૪૫ પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે. ગિલે છેલ્લા બે વર્ષમાં વનડેમાં સતત શાનદાર દેખાવ કરીને પોતાને ટોચના ખેલાડીઓમાં સામેલ કર્યો છે. આઈસીસી વનડે રેન્કિંગમાં ટોચના ૧૦ બેટ્સમેનોમાં ભારતના ચાર ખેલાડીઓનો સમાવેશ થાય છે, જે ટીમ ઈન્ડિયાના વનડે ફોર્મેટમાં વર્ચસ્વને દર્શાવે છે.

| ક્રમ | બેટ્સમેન | દેશ | રેટિંગ પોઈન્ટ્સ |
|---|---|---|---|
| ૧ | રોહિત શર્મા | ભારત | ૭૮૧ |
| ૪ | શુભમન ગિલ | ભારત | ૭૪૫ |
| ૫ | વિરાટ કોહલી | ભારત | ૭૨૫ |
| ૯ | શ્રેયસ ઐયર | ભારત | ૭૦૦ |

યુવા ઓપનરે આંધ્ર પ્રદેશ સામે ૫૯ બોલમાં અણનમ ૧૦૪ રન ફટકાર્યા | સૂર્યકુમાર સાથે ૧૦૫ રનની વિજયી ભાગીદારી કરી

# સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં આયુષ મ્હાત્રેનો ધમાકો, બેક ટુ બેક બીજું શતક



મુંબઈ

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી (SMAT) ૨૦૨૫ માં, મુંબઈના યુવા ઓપનર અને ભારતની અંડર-૧૯ ટીમના કેપ્ટન આયુષ મ્હાત્રેએ પોતાની બેટિંગથી સનસનાટી મચાવી દીધી છે. ૧૮ વર્ષના આ પ્રતિભાશાળી ખેલાડીએ રવિવાર, ૩૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ગ્રુપ-એ ની મેચમાં આંધ્ર પ્રદેશ સામે સતત બીજો શતક ફટકાર્યો, અને મુંબઈને નવ વિકેટથી શાનદાર જીત અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી. ચેન્નઈ સુપર કિંગ્સના ખેલાડી આયુષ મ્હાત્રેએ આંધ્ર પ્રદેશ સામે માત્ર ૫૯ બોલમાં અણનમ ૧૦૪ રનની તોફાની ઈનિંગ્સ રમી. આ વિસ્ફોટક ઈનિંગ્સમાં ૯ ગગનચુંબી છગ્ગા અને ૫ ચોગ્ગાનો સમાવેશ થાય છે. મ્હાત્રેએ ટ્રોફીની માત્ર ૩ મેચોમાં જ બે શતક લગાવી દીધા છે અને આ સિઝનમાં તેમના બેટમાંથી અત્યાર સુધીમાં ૧૯ છગ્ગા નીકળી ચૂક્યા છે. તેમની આ ફોર્મ જાળવી રાખવાની ક્ષમતાના કારણે જ ચેન્નઈ સુપર કિંગ્સે તેમને આઈપીએલ ૨૦૨૬ સીઝન માટે રિટેન કર્યા છે. આ મેચમાં આયુષ મ્હાત્રેએ ટીમ ઈન્ડિયાના ટી૨૦ ઈન્ટરનેશનલના કેપ્ટન સૂર્યકુમાર યાદવ સાથે મળીને બીજી વિકેટ માટે ૧૦૫ રનની શાનદાર શતકીય ભાગીદારી કરી. આ જોરદાર ભાગીદારીને કારણે મુંબઈએ ૧૬૦ રનનો લક્ષ્યાંક ખૂબ જ સરળતાથી હાંસલ કરી લીધો. મુકાબલામાં મુંબઈએ ટોસ જીતીને પહેલા આંધ્ર પ્રદેશને બેટિંગ માટે આમંત્રણ આપ્યું. આંધ્ર પ્રદેશે કેપ્ટન રિકી ભુઈના ૪૮ રનની મદદથી ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૫૯ રન બનાવ્યા. જવાબમાં, આયુષ મ્હાત્રે અને સૂર્યકુમારની ધમાકેદાર બેટિંગને કારણે મુંબઈ આ લક્ષ્યાંક ૯ વિકેટે ચેઝ કરવામાં સફળ રહ્યું. આ પહેલા આયુષ મ્હાત્રેએ વિદર્ભ સામે લખનઉના ઈકાના ક્રિકેટ સ્ટેડિયમમાં માત્ર ૫૩ બોલમાં ૧૧૦ રનની જોરદાર શતકીય ઈનિંગ્સ રમીને પોતાની ફોર્મનો પરિચય આપ્યો હતો, જેમાં ૮ છગ્ગા અને ૮ ચોગ્ગા સામેલ હતા. આયુષ મ્હાત્રેનું આ પ્રદર્શન ચોક્કસપણે ભારતીય ક્રિકેટ અને ચેન્નઈ સુપર કિંગ્સ માટે એક સારો સંકેત છે.

ભારતની જીત છતાં કોચ અને રોહિતની ગંભીર વાતચીતે ચર્ચા જગાવી | મેચ પછીના ફોટાએ સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવ્યો

# રોહિત અને ગૌતમ ગંભીર વચ્ચે તીખી ચર્ચા? ડ્રેસિંગ રૂમની તસવીરો વાયરલ



રાંચી

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રાંચીમાં રમાયેલી પ્રથમ વનડે મેચમાં ટીમ ઈન્ડિયાએ ૧૭ રનથી શાનદાર જીત નોંધાવી. વિરાટ કોહલીની દમદાર સદી અને રોહિત શર્માની અડધી સદીએ ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડી. જોકે, આ જીતની ઉજવણીની સાથે જ સોશિયલ મીડિયા પર એક અન્ય મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે - ડ્રેસિંગ રૂમમાંથી વાયરલ થયેલા કેપ્ટન રોહિત શર્મા અને હેડ કોચ ગૌતમ ગંભીરના ફોટા. મેચ સમાપ્ત થયા પછી ડ્રેસિંગ રૂમમાંથી રોહિત શર્મા અને કોચ ગૌતમ ગંભીરની કેટલીક તસવીરો સામે આવી છે, જેમાં બંને ખૂબ જ ગંભીર મુદ્રામાં વાતચીત કરતા જોવા મળી રહ્યા છે. આ તસવીરોને કારણે સોશિયલ મીડિયા પર તરત જ ચર્ચાઓ શરૂ થઈ ગઈ કે શું બંને દિગ્ગજ વચ્ચે કોઈ બાબતને લઈને 'તીખી દલીલ' કે 'બહેસ' થઈ છે? જોકે, માત્ર તસવીરો જોઈને કોઈ પણ નિષ્કર્ષ પર પહોંચવું યોગ્ય નથી, કારણ કે આ પ્રકારના ફોટા સમગ્ર વાતચીતનો સંદર્ભ દર્શાવતા નથી. પરંતુ આ વાયરલ તસવીરો ચોક્કસપણે દર્શાવે છે કે બંને વચ્ચે કોઈ મહત્વપૂર્ણ કે ગંભીર વિષય પર ચર્ચા ચાલી રહી હતી. પ્રથમ વનડે મેચની વાત કરીએ તો, ટોસ હારીને પહેલા બેટિંગ કરતા ભારતે ૮ વિકેટ ગુમાવીને ૩૪૯ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. વિરાટ કોહલીએ ૧૨૦ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૭ છગ્ગાની મદદથી ધમાકેદાર ૧૩૫ રન બનાવ્યા. રોહિત શર્માએ ૫૭ અને કેએલ રાહુલે ૬૦ રનનું મહત્વનું યોગદાન આપ્યું. જવાબમાં, ભારતીય બોલરોએ આફ્રિકન ટીમને ૩૩૨ રન પર રોકીને મેચ ભારતની ઝોળીમાં નાખી. કુલ્દીપ યાદવએ ૪ વિકેટ ઝડપીને વિપક્ષી બેટ્સમેનોને ખૂબ પરેશાન કર્યા, જ્યારે હર્ષિત રાણાએ શરૂઆતમાં જ બે મોટી વિકેટ લઈને મેચનો માર્ગ બદલી નાખ્યો. અર્શદીપ સિંહે પણ ૨ મહત્ત્વપૂર્ણ વિકેટ લીધી. દક્ષિણ આફ્રિકા તરફથી મેથ્યુ બ્રેટ્ઝકે (૭૨), માર્કો જાનસેન (૭૦) અને કોર્બિન બોશે (૬૭) અડધી સદી ફટકારીને લડત આપી, પરંતુ તે પૂરતું નહોતું.

ટીમ ઈન્ડિયાની ધમાકેદાર જીત // કોહલી, રાણા અને કુલદીપની ત્રિપુટીએ સાઉથ આફ્રિકાને ૧૭ રને હરાવ્યું

# રાંચી વનડેના 3 હીરો જેમણે મેચ પલટી નાખ્યો

રાંચી : ટેસ્ટ સીરીઝમાં મળેલી હાર બાદ ભારતીય ટીમ પર વનડેમાં દબાણ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. જોકે, રાંચીમાં સાઉથ આફ્રિકા સામેની પ્રથમ વનડે મેચમાં ટીમ ઈન્ડિયાએ જે પ્રદર્શન કર્યું, તે દર્શાવે છે કે આ સીરીઝને હળવાશથી લેવામાં આવી નથી. ૩૪૯ રનનો વિશાળ સ્કોર ઊભો કર્યા પછી સાઉથ આફ્રિકાને ૧૭ રનથી હરાવીને ભારતે સીરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી. આ રોમાંચક જીતમાં ત્રણ ખેલાડીઓ એવા હતા જેમણે પોતાના પ્રદર્શનથી મુકાબલાનો માર્ગ સંપૂર્ણપણે ભારત તરફ વાળી દીધો.



**વિરાટ કોહલી: ઈનિંગ્સનો આધાર...**લાંબા સમય પછી વનડે ટીમમાં પાછા ફરેલા વિરાટ કોહલીએ એ જ કર્યું, જેની ચાહકોને અપેક્ષા હતી. શરૂઆતમાં સાવધાની, મધ્યમાં ક્લાસિક કવર ડ્રાઈવ્સ અને અંતમાં મોટા શૉટ્સ. વિરાટની ૧૩૫ રનની ઈનિંગ્સ ભારતીય બેટિંગનો મુખ્ય આધાર બની. ૧૨૦ બોલની આ ઈનિંગ્સમાં ૧૧ ચોગ્ગા અને ૭ શાનદાર છગ્ગા સામેલ હતા. કોહલીએ માત્ર પોતાની ૫૨મી વનડે સદી જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય કરિયરની ૮૨મી સદી પણ પૂરી કરી. તેમની આ ઈનિંગ્સ મેચનો સૌથી મહત્વપૂર્ણ પરિબળ સાબિત થઈ અને તેમને 'પ્લેયર ઑફ ધ મેચ'નો એવોર્ડ મળ્યો.

**હર્ષિત રાણા: શરૂઆતી ઝટકા...**યુવા ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ પોતાના પહેલા જ ઓવરમાં બે મોટી વિકેટ લઈને દક્ષિણ આફ્રિકા પર જોરદાર દબાણ ઊભું કરી દીધું. તેમણે પહેલી જ બોલ પર રેયાન રિકેલ્ટનને ક્લીન બોલ્ડ કર્યો અને ત્રીજી બોલ પર ક્વિન્ટન ડી કોકને પણ શૂન્ય રને આઉટ કર્યો. એટલું જ નહીં, રાણાએ પાછળથી ડેવાલ્ડ બ્રેવિસ જેવા ખતરનાક બેટ્સમેનને પણ પેવેલિયન ભેગો કર્યો. રાણાના ૧૦ ઓવરમાં ૬૫ રન આપીને ૩ વિકેટ લેવાના પ્રદર્શને ટીમ ઈન્ડિયાની જીતનો મજબૂત પાયો નાખ્યો.





**કુલદીપ યાદવ: મિડલ ઓર્ડરનો વિનાશક...** જ્યારે મેચ મધ્ય ઓવરોમાં થોડી ખેંચાતી દેખાઈ, ત્યારે કુલદીપ યાદવએ પોતાની જાદુઈ સ્પિનથી સાઉથ આફ્રિકાની ઈનિંગ્સને ધ્વસ્ત કરી દીધી. તેમણે ૧૦ ઓવરમાં ૬૮ રન આપીને મેથ્યુ બ્રેટ્ઝકે, ટોની ડી જોરજી, માર્કો જાનસન અને પ્રેનલેન સુબ્રાયન સહિત ચાર મહત્ત્વપૂર્ણ વિકેટો ઝડપી. કુલદીપની સતત અંતરાલ પરની સફળતાએ દક્ષિણ આફ્રિકાના મિડલ ઓર્ડરને સંપૂર્ણપણે તોડી નાખ્યું અને તેમની રન ગતિ ધીમી કરી દીધી, જે ભારતીય જીતમાં નિર્ણાયક સાબિત થઈ.

ગૌતમ ગંભીર કોચિંગ: રોહિત, કોહલી, દ્રવિડે ટીમ બનાવી હતી, હવે આગળ વધો

# લા લિગા: રિયલ મેડ્રિડ ટોચ પરથી ખસ્યું, બાર્સેલોના એક પોઈન્ટથી આગળ!



મેડ્રિડ

સ્પેનિશ ફૂટબોલ લીગ લા લિગામાં ૧૪ ગેમ પછી ટોચના સ્થાન માટે જબરદસ્ત સંઘર્ષ જોવા મળી રહ્યો છે. રિયલ મેડ્રિડ, બાર્સેલોના, વીઆરિયલ અને એથ્લેટિકો મેડ્રિડ જેવી ટોચની ચાર ટીમો વચ્ચે માત્ર ત્રણ પોઈન્ટનો તફાવત છે. રવિવારે રિયલ મેડ્રિડને રેલિગેશનના જોખમવાળી ટીમ જીરોના સામે ૧-૧થી ડ્રો રમવા મજબૂર થવું પડ્યું, જેના કારણે તે લીગ ટેબલમાં ટોચનું સ્થાન પાછું મેળવી શકી નહીં. મોન્ટિલીવી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં, જીરોના તરફથી અઝેડિન ઉનાહીએ ૪૫મી મિનિટે ગોલ કરીને હોસ્ટ ટીમને લીડ અપાવી હતી. જોકે, કાઈલિયન એમબાપેએ ૬૭મી મિનિટે પેનલ્ટીને ગોલમાં ફેરવીને મેડ્રિડ માટે સ્કોર સરભર કર્યો હતો. એમબાપે, જેણે ચેમ્પિયન્સ લીગમાં મિડવીક દરમિયાન ચાર ગોલ કર્યા હતા, તેણે ઈજા સમયમાં પણ જીતનો ગોલ ફટકારવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે ચૂકી ગયો. રિયલ મેડ્રિડના કોચ ઝાબી અલોન્સોએ ટીમની પ્રતિક્રિયાને વખાણી, પરંતુ જીત ન મળવાથી નિરાશા વ્યક્ત કરી. મેડ્રિડે ૮૦મી મિનિટે રોડ્રિગો પર ફાઉલ બદલ પેનલ્ટી ન આપવા પર પણ ફરિયાદ કરી હતી. રિયલ મેડ્રિડનો આ લીગમાં સતત ત્રીજો ડ્રો હતો. શનિવારે બાર્સેલોનાએ અલાવેસને ૩-૧થી હરાવીને લા લિગામાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. ૧૪ મેચો પછી બાર્સેલોના એક પોઈન્ટના માર્જિનથી રિયલ મેડ્રિડથી આગળ છે. જીરોના હાલમાં ૧૮મા સ્થાને છે. ત્રીજા સ્થાને રહેલી વીઆરિયલ ટીમે રિયલ સોસિએદાદને ૩-૨થી હરાવીને લીગમાં સતત પાંચમી જીત હાંસલ કરી. વીઆરિયલ ૨-૦થી આગળ હતું, પરંતુ સોસિએદાદે ૬૦મી અને ૮૭મી મિનિટમાં ગોલ કરીને બરાબરી કરી. જોકે, આલ્બર્ટો મોલેરોએ ઈજાના સમયમાં (૯૫મી મિનિટે) વિજેતા ગોલ ફટકાર્યો. વીઆરિયલ હવે મેડ્રિડથી માત્ર એક પોઈન્ટ પાછળ અને ચોથા સ્થાને રહેલા એથ્લેટિકો મેડ્રિડથી એક પોઈન્ટ આગળ છે.

### ઈમિગ્રેશન કલમ ૨૧૨(એફ) હેઠળ વિદેશીઓને હાંકી કાઢવાની ટ્રમ્પની તૈયારી

# ડોનાલ્ડ ટ્રમ્પ વિદેશી પ્રવાસીઓ પર પ્રતિબંધ મૂકશે?

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 01

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં મોટો ધમાકો કર્યો છે. અમેરિકામાં વિદેશી પ્રવાસીઓના પ્રવેશને સંપૂર્ણપણે અટકાવવાની તૈયારીના સંકેતો આપતા તેમણે કરેલા ટ્વિટે વિશ્વભરના દેશોમાં ખળભળાટ મચાવી દીધો છે. ટ્રમ્પે જણાવ્યું છે કે, તેઓ અમેરિકામાં ગેરકાદેસર અને 'નક્કામાં' પ્રવાસીઓને હાંકી કાઢવા માંગે છે, કારણ કે તેમના મતે આવા લોકો દેશનું વાતાવરણ ખરાબ કરી રહ્યા છે અને અમેરિકન નાગરિકોના હિતોને નુકસાન પહોંચાડી રહ્યા છે. આ હેતુ માટે તેમણે 'રાષ્ટ્રપ્રમુખને મળેલી સત્તાની કલમ'ને લાગુ કરવાની સ્પષ્ટપણે ઈચ્છા વ્યક્ત કરી છે, જે સીધો ટ્રમ્પ વિદેશી પ્રવાસીઓ પર પ્રતિબંધ મૂકવાનો સંકેત આપે છે.

ટ્રમ્પે જે કાયદાકીય જોગવાઈનો ઉલ્લેખ કર્યો છે તે છે ઈમિગ્રેશન કલમ ૨૧૨(એફ). આ કલમ રાષ્ટ્રપ્રમુખને વિશેષ સત્તા આપે છે. ટ્રમ્પે પોતાના ટ્વિટમાં આ કલમનો ઉલ્લેખ કરતા લખ્યું હતું કે, "જ્યારે પણ રાષ્ટ્રપતિને એમ લાગે કે, કોઈપણ વિદેશીઓને અથવા વિદેશીઓના વર્ગને અમેરિકામાં વિદેશીઓની એન્ટ્રી અટકાવવી અમેરિકાના હિતો માટે નુકસાનકારક છે, ત્યારે રાષ્ટ્રપ્રમુખ જાહેરાત કરીને વિદેશીઓના પ્રવેશને સ્થગિત કરી શકે છે અથવા તેના પર નિયંત્રણો લાદી શકે છે." જોકે, ઈમિગ્રેશન અને નેશનાલિટી એક્ટની કલમ ૨૧૨(એફ) હેઠળ રાષ્ટ્રપ્રમુખને મર્યાદિત અધિકાર છે. આ કાયદો રાષ્ટ્રપ્રમુખને જ્યાં સુધી જરૂરી જણાય ત્યાં સુધી વિદેશી પ્રવાસીઓને અટકાવવાની સત્તા આપે છે. આ ટ્વિટ દ્વારા ટ્રમ્પે એવા તમામ વિદેશીઓ અને તેમના સમુદાયોને ચેતવણી આપી દીધી છે જે અમેરિકામાં સ્થાયી થવા માંગે છે અથવા હાલમાં ત્યાં ગેરકાયદેસર રીતે વસવાટ કરી રહ્યા છે.

ટ્રમ્પે અમેરિકામાં વિદેશીઓની વધતી જતી સંખ્યા પર પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે દાવો કર્યો કે "અમેરિકાના ઈતિહાસનાં કોઈપણ વર્ષની તુલનાએ



વર્તમાન સમયમાં અમેરિકામાં વિદેશીઓ સૌથી વધુ છે." ટ્રમ્પે આંકડો આપતા કહ્યું કે, હાલમાં લગભગ છ અમેરિકન નાગરિકોની તુલનાએ એક વિદેશી પ્રવાસી છે. આ સંખ્યાને અટકાવવા અને નિયંત્રિત કરવા માટે કડક પગલાં ભરવા અનિવાર્ય હોવાનું ટ્રમ્પ માને છે.

ટ્રમ્પનું આ નિવેદન ૨૬ નવેમ્બરના રોજ વોશિંગ્ટનમાં થયેલા આતંકવાદી હુમલાના બે દિવસ બાદ આવ્યું છે. આ હુમલામાં અફઘાનિસ્તાનના એક યુવકે અમેરિકન નેશનલ ગાર્ડ્સને નિશાન બનાવીને ફાયરિંગ કર્યું હતું, જેમાં એક મહિલા સુરક્ષા કર્મચારીનું મોત થયું હતું. આ ઘટના બાદ ટ્રમ્પે ૨૮ નવેમ્બરે જાહેરાત કરી હતી કે તેઓ ત્રીજી દુનિયા અથવા ગરીબ દેશોના પ્રવાસ પર કાયમી પ્રતિબંધ મૂકશે.

તેમણે અફઘાનિસ્તાન, વેનેઝુએલા, હૈતી, સોમાલિયા, આફ્રિકન અને એશિયન દેશોના લોકોની અમેરિકામાં વિદેશીઓની એન્ટ્રી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત, આતંકી હુમલા બાદ અમેરિકામાં શરણ લેવા માટે કરવામાં આવેલી લગભગ ૨૨૩ અરજીઓની મંજૂરી પણ અટકાવી દેવાઈ છે અને અફઘાન પાસપોર્ટ ધારકોને નવા વિઝા આપવાનો પણ ઈનકાર કરવામાં આવ્યો છે. ટ્રમ્પે ૧૯ દેશોના ૩૩ લાખ ગ્રીન કાર્ડ ધારકોની તપાસ કરવા અને શંકાસ્પદોને દેશનિકાલ (ડિપોર્ટ) કરવાનો આદેશ આપ્યો છે. બાઈડેનના કાર્યકાળ દરમિયાન અમેરિકા આવેલા ૨.૩૩ લાખ અફઘાનિસ્તાનના શરણાર્થીઓની ફરીથી તપાસ કરવાનો આદેશ પણ તેમના રડાર પર છે.

### માસૂમ બાળકની પાર્ટીમાં લોહીયાળ ગોળીબાર

# કેલિફોર્નિયા ગોળીબારમાં ૪નાં મોત, ૧૦થી વધુ ઘાયલ

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 01

અમેરિકામાં ગન કલ્ચરની ભયાનક અસર ફરી એકવાર સામે આવી છે. કેલિફોર્નિયાના સ્ટોકટોન શહેરમાં એક બેન્ક્વેટ હોલમાં માસૂમ બાળકની જન્મદિનની પાર્ટી ચાલી રહી હતી, ત્યારે અચાનક થયેલા અંધાધૂંધ ગોળીબારથી ભારે અફરાતફરી મચી ગઈ. આ લોહીયાળ કેલિફોર્નિયા ગોળીબારની ઘટનામાં ૪ લોકોનાં કરૂણ મોત થયાં છે, જ્યારે ૧૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

સાન જેકીન કાઉન્ટીમાં લ્યુસીલે એવન્યુના બ્લોક નંબર ૧૯૦૦માં આ દુઃખદ ઘટના બની હતી. કાઉન્ટી શેરિફ ઓફિસના પ્રવક્તા હીથર બ્રેન્ટે માહિતી આપતા જણાવ્યું હતું કે, માર્યા ગયેલાઓ તેમજ ઈજાગ્રસ્તોમાં બાળકો, યુવક-યુવતીઓ અને વડીલોનો સમાવેશ થાય છે, જેઓ આ સ્ટોકટોન બર્થડે પાર્ટીમાં આનંદમગ્ન હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

#### નાયબ મેયરનો આક્રોશ: 'ગન કલ્ચર' પર સવાલ

આ ઘટનાએ સમગ્ર શહેરમાં ગમગીની ફેલાવી દીધી છે. સ્ટોકટોનના વાઈસ મેયર જેસન લી એ પણ ફેસબુક ઉપર પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે, "આ ઘટના વિષે જાણી મારું હૃદય ભરાઈ આવ્યું છે, મને ગુસ્સો પણ આવે છે અને સાથે માનસિક રીતે હું વ્યગ્ર પણ થઈ ગયો છું."

જોકે, આ ગોળીબાર પાછળનો હેતુ શું હતો, તે હજી સુધી સ્પષ્ટ થઈ શક્યો નથી. પ્રવક્તા બ્રેન્ટે જણાવ્યું કે, હત્યારો શખ્સ કે શખ્સો હજી સુધી પકડાયા નથી. તેમણે શોક વ્યક્ત કરતાં કહ્યું કે, "આ ગોળીબાર શા કારણે થયો તેનો હેતુ હજી જાણી શકાયો નથી. તે તો ગોળીબાર કરી નાસી છૂટેલો શખ્સ પકડાશે ત્યારે જ જાણી શકાશે, પરંતુ જે કાંઈ બન્યું તે ઘણું જ દુઃખદ છે. માર્યા ગયેલાઓનાં કુટુંબીજનો પ્રત્યે મારી પૂરી સહાનુભૂતિ છે."

## ન્યૂઝ બ્રીફ

### અફઘાનિસ્તાન ભૂકંપના ઉપરા-છાપરી બે આંચકા, એકની તીવ્રતા ૪.૪ નોંધાઈ



કાબુલ | અફઘાનિસ્તાન ભૂકંપીય ગતિવિધિઓથી ઘેરાયેલો પ્રદેશ છે, અને સોમવારે અહીં એક જ દિવસમાં ભૂકંપના ઉપરા-છાપરી બે આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર (NCS) દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, સોમવારે સવારે ૧૦:૨૧ કલાકે ૪.૪ ની તીવ્રતાનો એક ભૂકંપ આવ્યો હતો, જેની ઊંડાઈ ધરતીની સપાટીથી ૧૬૩ કિલોમીટર નોંધાઈ હતી. આ અગાઉ સવારે ૭:૩૬ કલાકે ૪.૩ ની તીવ્રતાનો બીજો આંચકો પણ નોંધાયો હતો, જેની ઊંડાઈ ૯૦ કિલોમીટર હતી. અફઘાનિસ્તાન ભૂકંપના આ વારંવારના આંચકાઓએ પ્રદેશમાં ફરી એકવાર ડરનો માહોલ પેદા કર્યો છે, કારણ કે આ વિસ્તાર ભૂતકાળમાં વિનાશક ભૂકંપનો ભોગ બની ચૂક્યો છે.

### પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને મ્યાંમારમાં ફિનલેન્ડ દૂતાવાસ બંધ

હેલસિંકી (ફિનલેન્ડ) | ફિનલેન્ડે તેની વિદેશ નીતિ અને રાજદ્વારી સંબંધો અંગે એક મોટો ફેરફાર કર્યો છે. વ્યૂહાત્મક જરૂરિયાતો અને નવી પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે, ફિનલેન્ડે એશિયાના ત્રણ મહત્ત્વપૂર્ણ દેશો - પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને મ્યાંમાર - માં તેના દૂતાવાસો બંધ કરવાનો નિર્ણય લીધો છે. ફિનલેન્ડના વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ ત્રણેય સ્થળોએ ફિનલેન્ડ દૂતાવાસ બંધ કરવાની પ્રક્રિયા ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી સત્તાવાર રીતે લાગુ થશે, જોકે દૂતાવાસોએ અત્યારથી જ સમેટો કરવાની શરૂઆત કરી દીધી છે. ફિનલેન્ડના વિદેશમંત્રી એલિના વાલ્તોનેને આ નિર્ણયની પુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વ્યૂહાત્મક કારણોસર આ દૂતાવાસો બંધ કરવામાં આવશે.

### એઆઈ ટૂલ્સને કારણે કોઇ પણ વ્યકિત પ્રોગ્રામિંગ કરી શકશે



કેલિફોર્નિયા । ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ વાઈબ કોડિંગના ફેન છે. વાઈબ કોડિંગ એક એવો કોન્સેપ્ટ છે જેમાં, કોઈપણ વ્યક્તિ કોઈ ટેકનીકલ જાણકારી વિના કોડિંગ કરી શકે છે અને એપ તથા વેબસાઈટ બનાવી શકે છે. ઓપનએઆઈના કો-ફાઉન્ડર એન્ડ્રેજ કાર્પેથીએ વાઈબ કોડિંગ શબ્દનો પહેલી વાર ઉપયોગ કર્યો હતો. વાઈબ કોડિંગમાં નોન-ટેકનિકલ વર્કર કોઈપણ બ્રેકગ્રાઉન્ડ વગર કોડિંગ શીખી શકે છે અને પોતાના ફ્રી ટાઈમમાં પ્રોજેક્ટ બનાવી શકે છે. વાઈબ કોડિંગમાં તમે એઆઈ પાવર્ડ કોડિંગ પ્લેટફોર્મ જેવા કે, વિંડસર્ફ, ઓપનએઆઈના કોડેક્સ, અથવા કર્સર દ્વારા પ્રોજેક્ટ ડેવલપ કરી શકો છો અને એ પણ સામાન્ય ભાષામાં પ્રોમ્પ્ટ આપીને.

### હાઈ કમિશનમાં ઘૂસણખોરી અંગેની કાર્યવાહી; ભારતીય ઉત્પાદનોનો બહિષ્કાર

# ઈલોન મસ્ક ભારતીય કનેક્શન: ઈલોન મસ્ક શિવોન ઝિલિસને 'હાફ ઈન્ડિયન' ગણાવતા દુનિયાભરમાં ચર્ચા

(એજન્સી) જેરુસલેમ । તા. 01

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ, ટેસ્લા અને સ્પેસએક્સ જેવી ક્રાંતિકારી કંપનીઓના માલિક ઈલોન મસ્કે તાજેતરમાં એક અંગત અને રસપ્રદ ખુલાસો કરીને દુનિયાભરના મીડિયામાં ચકચાર મચાવી દીધી છે. ઈલોન મસ્કે જાહેર કર્યું છે કે તેમની પાર્ટનર શિવોન ઝિલિસ 'હાફ ઈન્ડિયન' છે, જે અંગે કદાચ બહુ ઓછા લોકો જાણતા હશે. આ ખુલાસો તેમણે ઝેરોધાના સંસ્થાપક નિખિલ કામથ સાથેના એક પોડકાસ્ટ દરમિયાન કર્યો હતો. આ માહિતી ઈલોન મસ્ક શિવોન ઝિલિસ ના અંગત જીવનમાં એક નવું અને અણધાર્યું પરિમાણ જોડે છે.

#### પુત્રના નામમાં 'શેખર': એક મહાન વૈજ્ઞાનિકને શ્રદ્ધાંજલિ

માત્ર શિવોન ઝિલિસનું મૂળ જ નહીં, પરંતુ મસ્કે તેમના પુત્રના નામ વિશે પણ એક અદભૂત ઈલોન મસ્ક ભારતીય કનેક્શન જાહેર કર્યું. મસ્કે જણાવ્યું કે, ઝિલિસ અને તેમને ચાર બાળકો છે, જેમાંથી એક પુત્રનું મધ્યમ નામ (મિડલ નેમ) 'શેખર' છે. આ નામ ભારતીય અમેરિકન ભૌતિકશાસ્ત્રી અને નોબેલ પુરસ્કાર વિજેતા સુબ્રમણ્યમ ચંદ્રશેખરના નામ પરથી પ્રેરિત છે. આ મહાન વૈજ્ઞાનિકે તારાઓના ઉત્ક્રાંતિ અને બ્લેક હોલના સિદ્ધાંતોમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. મસ્કના પુત્રનું પૂરું નામ સેલ્ડન લાઈકર્ગસ 'શેખર' છે. આ પગલું દર્શાવે છે કે વૈજ્ઞાનિકો પ્રત્યે મસ્કને કેટલો આદર છે, ખાસ કરીને ભારતીય પ્રતિભા પ્રત્યે.

#### કેનેડામાં ઉછેર અને દત્તક કથા

પોડકાસ્ટ દરમિયાન જ્યારે મસ્કને પૂછવામાં આવ્યું કે શું શિવોન ઝિલિસ ક્યારેય ભારતમાં રહી છે, ત્યારે તેમણે સ્પષ્ટતા કરી કે જ્યારે તે નાની હતી ત્યારે જ એક દંપતી દ્વારા તેને દત્તક લેવામાં આવી હતી અને તેનો ઉછેર કેનેડામાં થયો હતો. મસ્કે સ્વીકાર્યું કે તેઓ શિવોનના ભારતીય મૂળ વિશે વધુ વિગતો જાણતા નથી, પરંતુ તે 'હાફ ઈન્ડિયન' છે તે હકીકત તેમણે સ્વીકારી. શિવોન ઝિલિસ હાલમાં મસ્કની માલિકીની ન્યુરાલિંક કંપનીમાં ઓપરેશન્સ અને વિશેષ પ્રોજેક્ટ્સના ડિરેક્ટર તરીકે કાર્યરત છે. તેમના અન્ય ત્રણ બાળકોના નામ જોડિયા સ્ટ્રાઈડર



**આ વાતચીત દરમિયાન ઈલોન મસ્કે એક મહત્ત્વપૂર્ણ મુદ્દા પર પણ ભાર મૂક્યો. તેમણે નિખિલ કામથ સમક્ષ સ્વીકાર્યું કે, અમેરિકાને ભારતીય પ્રતિભાથી ઘણો ફાયદો થયો છે**

અને એઝ્યોર તથા પુત્રી અર્કાડિયા છે.

આ વાતચીત દરમિયાન ઈલોન મસ્કે એક મહત્ત્વપૂર્ણ મુદ્દા પર પણ ભાર મૂક્યો. તેમણે નિખિલ કામથ સમક્ષ સ્વીકાર્યું કે, અમેરિકાને ભારતીય પ્રતિભાથી ઘણો ફાયદો થયો છે. મસ્કે ખાસ કરીને ભારતીય ઈજનેરો, વૈજ્ઞાનિકો અને ઉદ્યોગસાહસિકોની પ્રશંસા કરી હતી, જેમણે અમેરિકાના ટેક્નોલોજીકલ અને વ્યવસાયિક વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. આ વૈશ્વિક ટેક્નોલોજીકલ લીડરે H1-B વિઝા કાર્યક્રમને ચાલુ રાખવાનું ખુલ્લું સમર્થન કર્યું, જે ભારતીય ટેક્નોલોજી પ્રોફેશનલ્સ માટે અમેરિકામાં કામ કરવાનો મુખ્ય માર્ગ છે. આ ખુલાસાઓ દર્શાવે છે કે વિશ્વના સૌથી શક્તિશાળી ટેક્નોલોજી અગ્રણીના અંગત જીવનમાં ભારતનું જોડાણ માત્ર સાંકેતિક નથી, પરંતુ તે ભારતીય પ્રતિભા અને વિજ્ઞાન પ્રત્યેના તેમના આદરને પણ પ્રતિબિંબિત કરે છે. 'હાફ ઈન્ડિયન' પાર્ટનરનો ખુલાસો ઈલોન મસ્ક હાફ ઈન્ડિયન અંગે વૈશ્વિક સ્તરે ઉત્સુકતા વધારશે અને દત્તક લેવાયેલા લોકોના ભારતીય મૂળની વાર્તાઓને એક નવો મંચ પૂરો પાડશે.

#### ઈલોન મસ્કનું સ્પષ્ટ સમર્થન: ભારતીય ટેલેન્ટનો અમેરિકાએ વર્ષોથી ભરપૂર ફાયદો ઉઠાવ્યો

વોશિંગ્ટન | વિશ્વના સૌથી ધનવાન વ્યક્તિઓમાં સામેલ ટેસ્લા, સ્પેસએક્સ અને એક્સ (અગાઉનું ટ્વિટર)ના માલિક ઈલોન મસ્કએ અમેરિકાની ઈમિગ્રેશન નીતિઓ અને ખાસ કરીને H-1B વિઝા મુદ્દે ભારતને સ્પષ્ટ સમર્થન આપ્યું છે. ભૂતકાળમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ ગણાતા મસ્કે હવે ટ્રમ્પની કડક વિઝા નીતિઓનો વિરોધ કરીને મોટું નિવેદન આપ્યું છે. મસ્કે ભારપૂર્વક જણાવ્યું છે કે અમેરિકાએ વર્ષો સુધી ભારતીયોના ટેલેન્ટ અને કુશળતાનો ખુબ ફાયદો ઉઠાવ્યો છે અને તેથી H-1B વિઝા પ્રોગ્રામ બંધ ના થવો જોઈએ.ભારતીય ઉદ્યોગસાહસિક નિખિલ કામથ સાથેના એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન ઈલોન મસ્કે આ વાત કરી હતી. તેમણે કહ્યું કે ભારતમાંથી જે ટેલેન્ટ અમેરિકામાં આવી રહ્યું છે, તેનાથી દેશને ઘણો ફાયદો થયો છે. અમેરિકાના જમણેરી જુથોમાં એવી માન્યતા છે કે કુશળ વિદેશી વ્યક્તિઓએ અમેરિકનોની નોકરીઓ પર કબજો કરી લીધો છે. પરંતુ મસ્કનું વ્યક્તિગત અવલોકન આ ધારણાથી તદ્દન વિપરીત છે. મસ્કે પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું કે, "ટેલેન્ટેડ વ્યક્તિની હંમેશા અછત રહેવાની છે. જો તમારે તમારો ટાસ્ક પૂરો કરાવવો હોય તો તેમાં કુશળ હોય તેવી વ્યક્તિની તમને જરૂર પડશે. જેટલા વધુ ટેલેન્ટેડ લોકો હશે, તેટલો વધુ ફાયદો થશે." તેમણે ઉમેર્યું કે તેમની કંપનીઓ પણ વિશ્વના સૌથી કુશળ વ્યક્તિઓની જ ખોજ કરતી હોય છે. મસ્કનું આ નિવેદન સ્પષ્ટ સંકેત આપે છે કે ટેકનોલોજી અને એન્જિનિયરિંગ ક્ષેત્રે ભારતીય ટેલેન્ટનું મહત્ત્વ અમેરિકા માટે અનિવાર્ય છે. મસ્કે ચેતવણી આપી કે, "જે લોકો H-1B વિઝા બંધ કરવા માગે છે.

### ભ્રષ્ટાચારના કેસમાં ફસાયેલા

# બેન્જામિન નેતન્યાહૂએ રાષ્ટ્રપતિ પાસે ક્ષમા માગી



(એજન્સી) જેરુસલેમ । તા. 01

પોતાના વિરોધી દેશો પર તાબડતોડ હુમલા કરવા માટે જાણીતા ઈઝરાયલના શક્તિશાળી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ હવે પોતાના જ દેશમાં ભ્રષ્ટાચારના ગંભીર આરોપોને કારણે મુશ્કેલીમાં મુકાયા છે. પોતાની વિરુદ્ધ ચાલી રહેલા કેસ પર રોક લગાવવા અને રાજકીય કારકિર્દી બચાવવા માટે તેમણે રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગ સમક્ષ 'ક્ષમાદાન' (માફી) માટે વિનંતી કરી છે. ઈઝરાયલના ઈતિહાસમાં આ એક અસાધારણ ઘટના છે, જ્યાં એક વર્તમાન વડાપ્રધાન સામે કેસ ચાલી રહ્યો હોય અને તેઓ આ પ્રકારે કાયદાકીય પ્રક્રિયામાંથી બહાર નીકળવા માટે પ્રયાસ કરી રહ્યા હોય.

બેન્જામિન નેતન્યાહૂ સામે વિશ્વાસઘાત, લાંચ લેવા અને છેતરપિંડી સહિતના ત્રણ કેસ ચાલી રહ્યા છે. તેમના પર મુખ્યત્વે પૈસાના બદલામાં ટેલિકોમ કંપનીઓ તેમજ હોલિવૂડ પ્રોડ્યુસર્સ પાસેથી રાજકીય સમર્થન અને અનુકૂળ કાયદાકીય નિર્ણયો મેળવવાનો આરોપ છે. જોકે, અત્યાર સુધી કોઈ પણ કેસમાં તેમને દોષિત ઠેરવવામાં નથી આવ્યા, પરંતુ આ કેસોને લીધે તેમની દાયકાઓ જૂની કરિયર દાવ પર લાગી છે. જો તે દોષિત સાબિત થશે, તો તેમણે તાત્કાલિક રાજીનામું આપવું પડશે, જે તેમની રાજકીય સત્તાનો અંત લાવશે. વડાપ્રધાન કાર્યાલય દ્વારા રવિવારે એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, નેતન્યાહૂએ રાષ્ટ્રપતિ કાર્યાલયના કાનૂની વિભાગને માફી માટે વિનંતી કરી છે.

બેન્જામિન નેતન્યાહૂએ આ આરોપો અને ન્યાયિક પ્રક્રિયાને પક્ષપાતી ગણાવીને દેશની ન્યાય વ્યવસ્થા સામે મોરચો ખોલ્યો છે. તેમણે સતત એવો આક્ષેપ કર્યો છે કે આ કેસ મીડિયા, પોલીસ અને ન્યાયતંત્ર દ્વારા તેમને જાણીજોઈને ષડયંત્ર હેઠળ ટાર્ગેટ કરવા માટે રચવામાં આવ્યો છે.

# સૂર્ય કિરણ કવાયત 19મી આવૃત્તિ ઉત્તરાખંડના પિથોરાગઢમાં શરૂ

(એજન્સી) જીનીવા । તા. 01

ભારત અને નેપાળની સેનાઓ વચ્ચેના મજબૂત લશ્કરી સંબંધોને વધુ મજબૂત કરવા માટે દ્વિ-વાર્ષિક સંયુક્ત સૈન્ય અભ્યાસ 'સૂર્ય કિરણ'ની ૧૯મી આવૃત્તિ ઉત્તરાખંડના પિથોરાગઢ ખાતે સંપૂર્ણ જોશમાં શરૂ થઈ ગઈ છે. ભારતીય સેનાના સેન્ટ્રલ કમાન્ડે સોમવારે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ અભ્યાસ જંગલ યુદ્ધ અને પહાડી પ્રદેશોમાં આતંકવાદ વિરોધી ઓપરેશન્સ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. 'ટ્રસ્ટ', 'સૌહાર્દ' અને શાંતિ તેમજ સુરક્ષા પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતા પર બનેલા ભારત નેપાળ સૈન્ય અભ્યાસ ને વધુ ગાઢ બનાવવાનું લક્ષ્ય છે.

આ મહત્ત્વપૂર્ણ કવાયતમાં ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ ૩૩૪ જવાનો કરી રહ્યા છે, જે મુખ્યત્વે આસામ રેજિમેન્ટના છે. સામે પક્ષે, નેપાળની સેનાનું પ્રતિનિધિત્વ દેવી દત્તા



રેજિમેન્ટના ૩૩૪ જવાનો કરી રહ્યા છે. કુલ ૬૬૮ જવાનો આ સૂર્ય કિરણ કવાયત ૧૯મી આવૃત્તિ માં ભાગ લઈ રહ્યા છે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ સંયુક્ત રાષ્ટ્રના મેન્ડેટના પ્રકરણ VII હેઠળ ઉપ-પરંપરાગત કામગીરીના સંચાલન માટે સંયુક્ત રીતે રિહર્સલ કરવાનો છે. આ કવાયત માત્ર સૈન્ય તાલીમ પૂરતી મર્યાદિત નથી, પરંતુ બંને પડોશી રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને પણ મજબૂત બનાવશે.

### બ્રિટનમાં સ્ટ્રીટ એટેક: 30 વર્ષીય ભારતીય વિદ્યાર્થીની હત્યા, પાંચની ધરપકડ

લંડન | અભ્યાસ અર્થે વિદેશ ગયેલા ભારતીય યુવાનોની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા કરતી એક ચોંકાવનારી ઘટના મધ્ય ઈંગ્લેન્ડના વૉર્સેસ્ટર શહેરમાં સામે આવી છે. અહીં રસ્તા પર થયેલા એક ખૂની હુમલા દરમિયાન ૩૦ વર્ષીય એક ભારતીય વિદ્યાર્થીની હત્યા કરવામાં આવી છે. હરિયાણાના ચરખી દાદરી જિલ્લાના વતની વિજય કુમાર શ્યોરાણ તરીકે થઈ છે. છરીના ગંભીર ઘા વાગવાને કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. આ ઘટનાથી બ્રિટનમાં રહેતા ભારતીય સમુદાયમાં ભય અને શોકની લાગણી ફેલાઈ છે. વેસ્ટ મર્સિયા પોલીસના નિવેદન મુજબ, આ કરુણ ઘટના ગયા સપ્તાહની શરૂઆતમાં બની હતી. મંગળવારની સવારે વૉર્સેસ્ટરના બાર્બોર્ન રોડ પર પોલીસ અધિકારીઓને ૩૦ વર્ષીય એક વ્યક્તિ ગંભીર ઈજાઓ સાથે મળી આવ્યો હતો.

# અમેરિકામાં H-1B વિઝાની મંજૂરીમાં 70%નો મોટો ઘટાડો

#### અમેરિકામાં નોકરી કરતા ભારતીય આઈટી પ્રોફેશનલ્સ માટે હવે કપરા દિવસો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 01

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાગુ કરવામાં આવેલી આકરી ઈમિગ્રેશન નીતિની સૌથી ગંભીર અસર ભારતીય ટેક્નોલોજી (IT) પ્રોફેશનલ્સ પર જોવા મળી રહી છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, H-1B વિઝાની મંજૂરીમાં છેલ્લા એક વર્ષમાં લગભગ ૪૦%નો મોટો ઘટાડો નોંધાયો છે, જ્યારે વર્ષ ૨૦૧૫ થી અત્યાર સુધીમાં તો આ ઘટાડો કુલ ૭૦% પર પહોંચી ગયો છે. આ ચિંતાજનક ઘટાડાને કારણે ભારતીય કંપનીઓ આ દાયકામાં સૌથી ઓછા એટલે કે માત્ર ૪.૫ હજાર H-1B વિઝા જ મેળવી શકી છે, જેનાથી અમેરિકામાં કામ કરવાની ઈચ્છા ધરાવતા ભારતીય આઈટી પ્રોફેશનલ્સનું ભવિષ્ય ધૂંધળું બન્યું છે.

H-1B વિઝા સંકટની સીધી અસર ભારતીય IT કંપનીઓના અમેરિકન કામકાજ પર પડી છે. આંકડાઓ દર્શાવે છે કે, ભારતીય કંપનીઓમાં TCSના કર્મચારીઓને સૌથી વધુ વિઝા મળ્યા છે, તેમ છતાં TCSનો વિઝા રિજેક્શન રેટ ૨૦૨૪માં ૪% થી વધીને ૭% થયો છે. જોકે TCSના ૫,૨૯૩ કર્મચારીઓને અમેરિકામાં નોકરી ચાલુ રાખવાની મંજૂરી મળી છે, પરંતુ સૌથી મોટો ફટકો નવા કર્મચારીઓને લાગ્યો છે. ભારતમાંથી નવા વિઝા મેળવનાર કર્મચારીઓની સંખ્યા ૨૦૨૪ના ૧,૪૫૨ની સરખામણીએ ઘટીને માત્ર ૮૪૬ થઈ ગઈ છે - જે લગભગ ૪૦%નો ઘટાડો સૂચવે છે.

ઈન્ફોસિસ, HCL અમેરિકા, LTI માઈન્ડટ્રી અને વિપ્રો જેવી અન્ય મોટી ભારતીય કંપનીઓનો રિજેક્શન રેટ ઓછો હોવાનું દેખાય છે.


### આક્રોશ | યુએન ફોરમમાં ચીનનો પર્દાફાશ થતાં પ્રતિનિધિ મંડળ આક્રોશમાં ઉકળી ઉઠ્યું

# જીનીવામાં ચીનના નરસંહારની હકીકત ખુલ્લેઆમ રજૂ કરી

(એજન્સી) જીનીવા । તા. 01

વિશ્વના રાજકારણનું કેન્દ્ર ગણાતા જીનીવામાં લઘુમતીઓના મુદ્દા પર આયોજિત સંયુક્ત રાષ્ટ્ર ફોરમ દરમિયાન એક નાટકીય ઘટના બની, જેણે ચીનના માનવાધિકાર રેકોર્ડનો અસલી ચહેરો સમગ્ર દુનિયા સમક્ષ બેનકાબ કરી દીધો છે. ઉઇગુર નેતા અને ઉઇગુર સેન્ટર ફોર ડેમોક્રસી એન્ડ હ્યુમન રાઈટ્સના અધ્યક્ષ ડોલ્કુન ઈસાએ સ્ટેજ પરથી ઉત્તર પશ્ચિમ ચીન સ્થિત શિનજિયાંગ (સિકંગ્યાંગ) પ્રદેશમાં વસતા ઈસ્લામ ધર્મી ઉઇગુર પ્રજા પર વરસાવવામાં આવતા જોર-જુલ્મ અને સુનિયોજિત નરસંહારની વિગતો જરાય અચકાયા સિવાય રજૂ કરી હતી.

ડોલ્કુન ઈસા જ્યારે ચીન દ્વારા ઉઇગુર સમુદાયના ધાર્મિક અને સાંસ્કૃતિક કેન્દ્રોના વિનાશની તથા તેમના ઉપર થઈ રહેલા અમાનુષ ત્રાસની હકીકત ખુલ્લેઆમ જણાવી રહ્યા હતા, ત્યારે સભાખંડમાં હાજર ચીની પ્રતિનિધિ મંડળના નેતા ઉકળી ઉઠ્યા હતા. ગુસ્સામાં લાલચોળ થયેલા ચીની પ્રતિનિધિએ મોટેથી બૂમ પાડીને



આદેશ આપ્યો કે, "તેને બોલતો બંધ કરો." જોકે, પરિષદના અધ્યક્ષે ચીનના આ તાનાશાહી પ્રયાસને ગણકાર્યો નહીં અને ડોલ્કુન ઈસાને પોતાનું વક્તવ્ય ચાલુ રાખવાની મંજૂરી આપી.

ઉઇગુર નેતાએ ચીની પ્રતિનિધિઓની આ રાડારાડી અને ગિન્નાહટની જરા પણ પરવા કર્યા વિના પોતાનું પ્રવચન ચાલુ રાખ્યું, અને ચીન દ્વારા પોતાના જ નાગરિકો પર ગુજારવામાં આવતા દમનની હકીકતને જગત સમક્ષ મૂકી દીધી. ચીનનો પર્દાફાશ થતાં ચીની પ્રતિનિધિ મંડળ સખત ગુસ્સે ભરાયું હતું, પરંતુ સંયુક્ત રાષ્ટ્રની આંતરરાષ્ટ્રીય ફોરમમાં તેમની આક્રમકતા નકામી સાબિત થઈ. વિશ્વ સમુદાયને સંબોધિત કરતાં ડોલ્કુન ઈસાએ એક મહત્ત્વનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે જણાવ્યું કે, બૈજિંગ સરકારે ઉઇગુર પ્રજાનાં તમામ સાંસ્કૃતિક અને સામાજિક કેન્દ્રોનો નાશ કરી નાખ્યો છે, પરંતુ વિદેશોમાં વસતા ઉઇગુર ડાયસ્પોરા (દેશવટો ભોગવતા લોકો)એ વિદેશી ભૂમિ પર પોતાની સંસ્કૃતિને પુનર્જિવિત કરી છે. ઈસાએ ગર્વ સાથે કહ્યું કે, દુનિયાભરમાં ફેલાયેલા ઉઇગુર સમુદાયોએ પોતાની ભાષા, ધર્મ, લોકકલા અને સાહિત્યને પુનર્જિવિત કરીને તેમની સંસ્કૃતિને નવું જીવન આપ્યું છે. તેઓ માત્ર તેમની વીરાસતને સંરક્ષિત જ નથી રાખતા, પરંતુ જે દેશોમાં વસે છે અને જે સમાજોમાં ભળી જાય છે, તે દેશો અને સમાજોને પણ પોતાની સંસ્કૃતિ અને મહેનતથી સમૃદ્ધ કરે છે. આ નિવેદન ચીનના એ દાવાને પડકારે છે કે ઉઇગુર સંસ્કૃતિને ચીનની બહાર કોઈ સ્થાન નથી.

# સિંધુ નદીનું ચરાણ અને વન્યજીવન ઝોન જોખમમાં સમાન

(એજન્સી) ડેરા ગાઝી ખાન । તા. 01

પાકિસ્તાનના ડેરા ગાઝી ખાન જિલ્લામાં સિંધુ નદીના પૂરના મેદાનો અને નદીકાંઠાના વિસ્તારોમાં ચાલી રહેલા 'માફિયા-પ્રેરિત' વિનાશને કારણે સ્થાનિક સમુદાયો અને પર્યાવરણ સંરક્ષકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ઈંટના ભઠ્ઠા ચલાવતા ઓપરેટરો દ્વારા કથિત રીતે મોટા પાયે વનસ્પતિની સફાઈ કરવામાં આવી રહી છે, જેનાથી વન્યજીવનના કુદરતી રહેઠાણો અને પરંપરાગત સિંધુ નદીનું ચરાણ ક્ષેત્રો જોખમમાં મુકાયા છે.

સ્થાનિક રહેવાસીઓ દ્વારા મીડિયા અહેવાલ મારફતે જણાવવામાં આવ્યું છે કે ઉનાળાના મહિનાઓ દરમિયાન સિંધુ નદીની પહોળાઈ આશરે ૧૫ થી ૨૦ કિલોમીટર સુધી વિસ્તરી શકે છે. આ પૂરના મેદાનોમાં કુદરતી રીતે ઘાસ, ઝાડીઓ, રીડ્સ (શરકંડા) અને વિવિધ મૂળ છોડ પુષ્કળ પ્રમાણમાં ઉગે છે. આ લીલાછમ વિસ્તારો શિયાળામાં સ્થળાંતરિત જળપક્ષીઓ અને વન્યજીવ માટે મહત્ત્વપૂર્ણ આશ્રયસ્થાન છે, જ્યારે તે સ્થાનિક પશુધનને ચરવા માટેની જગ્યા પણ પૂરી પાડે છે. જોકે, સરકારે ઈંટના ભઠ્ઠાઓમાં ઘઉંનો ભૂસો, ચોખાના પરાળ અને કપાસની લાકડીઓ જેવા ઈંધણના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતાં, ઘણા ભઠ્ઠા માલિકોએ હવે વિકલ્પ તરીકે નદીકાંઠાના આ ચરાણ વિસ્તારોનું શોષણ કરવાનું શરૂ કર્યું છે.


એક સ્થાનિક ખેડૂતે માહિતી આપી છે કે, ઈંટ ભઠ્ઠા માફિયા હવે યાંત્રિક ચોપરનો ઉપયોગ કરીને 'કુંદર', 'સરકંડા' અને અન્ય કુદરતી ઝાડીઓના મોટા વિસ્તારોને સાફ કરી રહ્યા છે. કાપવામાં આવેલી આ સામગ્રીને ભઠ્ઠાઓમાં ઈંધણ તરીકે ઉપયોગ કરવા લઈ જવામાં આવી રહી છે.

**ઈતિહાસ રચાયો** બારામુલ્લા અને બાંદીપોરા જિલ્લાના 262 યુવાનોએ ભારતીય સેનાની પાસિંગ-આઉટ પરેડમાં ભાગ લીધો

# આ છે આજનું કાશ્મીર ! 262 યુવાનો ભારતીય સેનામાં જોડાયા

(એજન્સી) બારામુલ્લા । તા. 01

સોમવારે, જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા અને બાંદીપોરા જિલ્લાના 262 યુવાનોએ ભારતીય સેનાની પાસિંગ-આઉટ પરેડમાં ભાગ લીધો. સૈનિકોએ પોતાનો આનંદ વ્યક્ત કરતા કહ્યું કે તેમનું પહેલું મિશન આતંકવાદીઓને ખતમ કરવાનું છે. સૈનિકોના પરિવારોએ ગર્વ વ્યક્ત કર્યો કે તેમનો બાળક રાષ્ટ્રની સેવા કરવા માટે સેનામાં જોડાયો છે. ઉત્તર કાશ્મીરના 262 યુવાનોએ ભારતીય સેનામાં જોડાઈને ઈતિહાસ રચ્યો છે. બારામુલ્લા અને બાંદીપોરા જિલ્લાના 262 યુવાનોએ ભારતીય સેનાની પાસિંગ-આઉટ પરેડમાં ભાગ લીધો હતો. નોંધપાત્ર રીતે, કલમ 370 રદ કર્યા પછી અને જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો સમાપ્ત થયા પછી આ એક સાથે સેનામાં જોડાનાર સૌથી મોટું જૂથ છે. આ ખીણનો નવો ચહેરો દર્શાવે છે. દરેક વ્યક્તિ અત્યંત ઉત્સાહિત દેખાતા હતા. તેઓએ કહ્યું કે 31 અઠવાડિયાની કઠોર તાલીમ પછી, તેઓ પાકિસ્તાની આતંકવાદીઓને ખતમ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું, 'અમે દિવસ-રાત સખત મહેનત કરી છે અને હવે આતંકવાદ સામે લડવા માટે તૈયાર છીએ.' સૈનિકોએ ખીણમાં શાંતિની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આતંકવાદીઓને ખતમ કરવું એ તેમનું પહેલું મિશન છે.



**સેનાના અધિકારીઓએ કહ્યું...** આ દરમિયાન, સેનાના અધિકારીઓએ અહેવાલ આપ્યો કે છેલ્લા પાંચ વર્ષમાં કાશ્મીર ખીણમાંથી સેનામાં જોડાનારા યુવાનોની સંખ્યામાં 400 ટકાથી વધુનો વધારો થયો છે. તેમણે કહ્યું કે સરહદી વિસ્તારો, ખાસ કરીને કુપવાડા અને તંગધારમાંથી સૌથી વધુ યુવાનો આગળ આવી રહ્યા છે. અધિકારીઓ કહે છે કે આ ચિત્ર જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ, વિકાસ અને મુખ્ય પ્રવાહમાં આવવાની નવી વાર્તા લખી રહ્યું છે. જ્યાં એક સમયે પથ્થરમારો અને બંધ માટે પોસ્ટરો હતા, આજે ભારત માતા કી જયના નારા ત્રિરંગા સાથે ગુંજી રહ્યા છે.

## પરિવારો અને ગામડાઓમાં ખુશીનો માહોલ

આ પ્રસંગે, ફક્ત સૈનિકો જ નહીં પરંતુ તેમના પરિવારો અને ગામડાઓ પણ ખુશીથી ભરાઈ ગયા છે. પરિવારો કહે છે કે તેમના પુત્રો દેશની સેવા કરશે. આનાથી વધુ આનંદ શું હોઈ શકે? પરિવારોએ કહ્યું, 'અમને ખુશી છે કે અમારા બાળકો પથ્થરબાજ બન્યા નહીં પરંતુ દેશની સેવા કરવા માટે સેનામાં જોડાયા.'

## "આ કલમ 370 દૂર કરવાની વાસ્તવિક અસર છે"

આ દરમિયાન, કુપવાડાના એક સૈનિકના પિતા, જે પોતે નિવૃત્ત સૈન્ય અધિકારી છે, તેમણે ખુશી વ્યક્ત કરી અને ગર્વથી કહ્યું, 'હું પોતે સેનામાંથી નિવૃત્ત થયો છું. મને ખુશી છે કે મારા મૂલ્યો અને મારું લોહી હવે આગળ વધી રહ્યું છે.' તેમણે કહ્યું કે અમારા વિસ્તારના બાળકો પહેલા ગેરમાર્ગે દોરાતા હતા અને પથ્થરો ઉપાડતા હતા, પરંતુ આજે તેઓ રાઈફલ પકડી રહ્યા છે. તેમણે કહ્યું કે આ કલમ 370 રદ કરવાની સાચી અસર છે.

AIMPLB અસદુદ્દીન ઓવૈસીની અરજી ફગાવી

## વક્ફ સંપત્તિ UMEED પોર્ટલ પર અપલોડ નહીં થાય તો સજા અને દંડ થશે




નવી દિલ્હી | દેશની સર્વોચ્ચ અદાલત, સુપ્રીમ કોર્ટે વક્ફ સંપત્તિના ડિજિટલાઈઝેશનના મામલે એક મહત્ત્વપૂર્ણ અને કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે વક્ફ સંપત્તિ UMEED પોર્ટલ પર અપલોડ કરવાની સમયમર્યાદા લંબાવવાની માંગ કરતી અરજીઓ પર સ્પષ્ટપણે ઈન્કાર કરી દીધો છે. આ અરજીઓમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ અને AIMIMના નેતા અસદુદ્દીન ઓવૈસી દ્વારા કરવામાં આવેલી અરજીઓનો પણ સમાવેશ થતો હતો. કોર્ટના આ સ્પષ્ટ વલણના કારણે સુપ્રીમ કોર્ટ વક્ફ ડેડલાઈન હવે ૫ ડિસેમ્બર ૨૦૨૫ જ જાળવી રાખવામાં આવી છે, અને તેનું પાલન ન કરનાર વ્યક્તિ કે સંસ્થાને કાયદા મુજબ દંડ અને સજા થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે અરજદારોને આ મામલે ટ્રિબ્યુનલમાં જઈને પોતાનો પક્ષ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આનો અર્થ સ્પષ્ટ છે કે હવે કોઈ પણ પક્ષને પોર્ટલ પર ડેટા અપલોડ કરવાની ડેડલાઈનમાં કોઈ રાહત મળશે નહીં. ૫ ડિસેમ્બરની સમયમર્યાદામાં જો વક્ફની સંપત્તિઓની વિગતો પોર્ટલ પર અપલોડ કરવામાં નહીં આવે તો કાયદાકીય કાર્યવાહી શરૂ થઈ શકે છે.

## સંસદના પરિસરમાં પાલતું કૂતરું લાવ્યા કોંગ્રેસના મહિલા સાંસદ, ભાજપના વિરોધ પર આપ્યો જવાબ

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

સંસદમાં શિયાળા સત્રની શરુઆત થઈ જે લગભગ 19 દિવસનો રહેશે પરંતુ તેમાં 15 જ બેઠકો થશે જેના કારણે આ સત્ર સૌથી ટૂંકું હોવાનો ઈતિહાસ બનાવશે. વિપક્ષ દળો આ વખતે સંસદ સત્રમાં SIR, આંતરિક સુરક્ષા અને લેબર કોડ અંગે ચર્ચાની માગ કરી રહ્યા છે. તેમજ સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરી તેમના પાલતું કૂતરાંને ગાડીમાં લઈને સંસદ ભવન પહોંચતા જ એક મોટો વિવાદ ઊભો થયો હતો, જેના પગલે ભાજપે તેમની સામે તાત્કાલિક કાર્યવાહીની માગણી કરી છે.



જ્યારે આ મામલે રેણુકા ચૌધરીને સવાલ કરવામાં આવ્યો, ત્યારે તેમણે વળતો પ્રહાર કરતાં કહ્યું હતું કે, 'આમાં શું તકલીફ છે? મૂંગું જાનવર અંદર આવી ગયું તો શું તકલીફ છે, આ કરડવાવાળું નથી, કરડવાવાળા તો સંસદની અંદર છે!'

કોંગ્રેસ સાંસદના આ નિવેદન પર ભાજપના સાંસદ જગદંબિકા પાલે આકરી પ્રતિક્રિયા આપી હતી. જગદંબિકા પાલે આ સમગ્ર ઘટનાને લોકતંત્ર પર પ્રહાર અને સંસદનું અપમાન ગણાવતાં રેણુકા ચૌધરી સામે કાર્યવાહીની માગણી કરી. તેમજ પાલે ભારપૂર્વક જણાવ્યું કે, 'સંસદ એ દેશની નીતિઓ પર ચર્ચા કરવાનું સ્થળ છે, તેથી સાંસદોને મળેલા વિશેષાધિકારોનો દુરુપયોગ ન થવો જોઈએ. સંસદમાં પોતાના ડોગને લઈને આવ્યા અને તેના પર જે પ્રકારનું નિવેદન આપી રહ્યા છે, તે દેશને શરમાવે છે... તેમની સામે કાર્યવાહી થવી જ જોઈએ.'

## દિલ્હી બ્લાસ્ટ NIA: ત્રણ મુખ્ય આરોપીઓના કાશ્મીરમાં ઠેકાણાઓ પર મોટા દરોડા

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

દેશની રાજધાની દિલ્હીમાં ૧૦ નવેમ્બરના રોજ લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક થયેલા આતંકી હુમલાના સંબંધમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા મોટા પાયે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ આતંકી મોડ્યુલને તેના મૂળમાંથી નાબૂદ કરવાના ભાગરૂપે દિલ્હી બ્લાસ્ટ NIA દ્વારા તપાસનો વ્યાપ અનેક રાજ્યોમાં વધારવામાં આવ્યો છે. સોમવારે NIAએ કાશ્મીર ઘાટીના વિવિધ વિસ્તારોમાં ત્રણ મુખ્ય આરોપીઓના ઠેકાણાઓ પર સઘન દરોડા પાડ્યા હતા, જે આ આંતરરાજ્ય ષડયંત્રને ઉકેલવા માટેનું એક મહત્ત્વનું પગલું છે.




NIA દ્વારા કાશ્મીરમાં NIAના દરોડા કાઝીગુંડ સહિત ઘાટીના અન્ય વિસ્તારોમાં પાડવામાં આવ્યા હતા. આ દરોડા દિલ્હી બ્લાસ્ટના મુખ્ય આરોપીઓ ડૉ. અદીલ, ડૉ. મુઝફ્ફર અને જસિફના રહેણાંક વિસ્તારોમાં કેન્દ્રિત હતા. તપાસ એજન્સીએ કાઝીગુંડમાં ડૉ. અદીલ અને જાસિર બિલાલના ઘર, શોપિયાંમાં મૌલવી ઈરફાનના ઘર, તેમજ પુલવામાના કોઈલમાં ડૉ. મુઝમ્મિલ અને સાંબુરામાં આમિર રશીદના ઘરે તલાશી લીધી હતી. આમાંના કેટલાક આરોપીઓ 'વ્હાઈટ કોલર' બેકગ્રાઉન્ડ ધરાવતા હોવાથી, જમ્મુ-કાશ્મીર પોલીસ અને SIA પણ અગાઉ જૈશના આંતરરાજ્ય 'વ્હાઈટ કોલર મોડ્યુલ'ના ષડયંત્રની તપાસ કરી ચૂક્યા છે. આ મોડ્યુલ સાથે જોડાયેલા લોકો પાસેથી, ખાસ કરીને હરિયાણાના ફરીદાબાદમાંથી, લગભગ ૩,૦૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ સહિતનો વિસ્ફોટક જથ્થો મળી આવ્યો હતો.

## કોમર્શિયલ LPGના ભાવમાં નજીવો ઘટાડો, ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર નહીં

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

1 ડિસેમ્બર, 2025 ના રોજ કોમર્શિયલ LPG (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ) સિલિન્ડર અને ઘરેલું સિલિન્ડરના નવા દરો અપડેટ કરવામાં આવ્યા છે. કોમર્શિયલ સિલિન્ડરના ગ્રાહકોને નજીવી રાહત મળી છે, જ્યારે ઘરેલું LPG સિલિન્ડરના દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કોમર્શિયલ LPG સિલિન્ડરના ગ્રાહકોને 1 ડિસેમ્બર, 2025 ના રોજ નજીવી રાહત મળી છે, જ્યારે ઘરેલું LPG સિલિન્ડરના દરો સ્થિર રહ્યા છે. 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં દિલ્હીથી પટના સુધી 10નો ઘટાડો નોંધાયો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં 19 કિલોનો સિલિન્ડર હવે 1,590.50 ની જગ્યાએ 1,580.50 માં મળશે. કોલકાતામાં પણ 10ની રાહત સાથે નવો દર 1,684 થયો છે.



આ જ રીતે, મુંબઈમાં કોમર્શિયલ સિલિન્ડર હવે 1,531.50 માં અને ચેન્નઈમાં 1,739.50 માં ઉપલબ્ધ છે.

### ઘરેલુ એલપીજીના ભાવ યથાવત્

બીજી તરફ, 14.2 કિલોગ્રામ વજનના ઘરેલું LPG સિલિન્ડરના દરોમાં આજે કોઈ ફેરફાર થયો નથી. દેશના મુખ્ય મેટ્રો શહેરોમાં ભાવ આ પ્રમાણે છે: દિલ્હીમાં 853, મુંબઈમાં 852.50, કોલકાતામાં 879 અને ચેન્નઈમાં 868.50. અન્ય શહેરોમાં, પટનામાં 951 અને લખનઉમાં 890.50 ના દરે ઘરેલું સિલિન્ડર મળી રહ્યો છે. અંતરિયાળ અને પહાડી વિસ્તારોમાં, જેમ કે કારગિલમાં 985.5 અને પુલવામામાં 969 છે.

સોનાલી ભારતીય નાગરિક

## ગર્ભવતી મહિલા બાંગ્લાદેશની જેલમાં અટકાયતમાં



નવી દિલ્હી | ભારતીય નાગરિકોના માનવાધિકાર અને સંવેદનશીલ સરહદી મુદ્દાને લગતા એક અત્યંત ગંભીર મામલાની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટમાં સોમવારે ભારે ઉગ્રતા જોવા મળી હતી. એક ભારતીય નાગરિકતા ધરાવતી ગર્ભવતી મહિલાને યોગ્ય વેરિફિકેશન પ્રક્રિયા વિના જ બળજબરીથી બાંગ્લાદેશ મોકલી દેવાના કથિત કૃત્ય પર ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સૂર્યકાંતે ભડકી ઊઠ્યા હતા. આ મામલે CJI દીકરી બાંગ્લાદેશ સાથેના કનેક્શનને કારણે તાત્કાલિક દખલગીરી કરતાં CJIએ સ્પષ્ટ નિર્દેશો જારી કર્યા છે. વરિષ્ઠ એડ્વોકેટ સંજય હેગડેએ કોર્ટ સમક્ષ રજૂઆત કરી કે મહિલાનું નામ સોનાલી છે, જે ગર્ભવતી છે. તે અને તેનો આખો પરિવાર હાલમાં બાંગ્લાદેશની સરહદથી આશરે ૪૦ કિલોમીટર દૂર એક જેલમાં અટકાયતમાં છે. મહિલાના પિતા, જેઓ પોતે ભારતીય નાગરિક છે, તેમણે કોર્ટ સમક્ષ ભાવુક અપીલ કરી હતી.

**ત્રિકુટા હાઈટ્સ દીક્ષા પરેડ:** લેફ્ટનન્ટ જનરલ પીકે મિશ્રાની હાજરી

## જમ્મુ કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રી: ત્રિકુટાની છાયામાં 262 વીર પુત્રોની પરેડ



(એજન્સી) નવી દિલ્હી । તા. 01

જમ્મુ-કાશ્મીરના ડાંસલ ખાતે આજે એક ભવ્ય અને ગૌરવપૂર્ણ ક્ષણનું આયોજન થયું હતું, જ્યાં ૨૬૨ વીર જવાનોને ભારતીય સેનાના 'ગાર્ડિયન્સ ઑફ ધ નેશન' તરીકે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યા. જમ્મુ અને કાશ્મીર લાઈટ ઈન્ફન્ટ્રી રેજિમેન્ટલ સેન્ટરના વિન્ટર આઉટપોસ્ટ ડાંસલ ખાતે, ત્રિકુટા પહાડોની ગૌરવશાળી ઊંચાઈઓ નીચે આ યુવાનોએ શપથ લીધા. ઠંડી હવાને ચીરતા શૌર્ય સંગીત સાથે, હિંમત અને ગર્વના વસ્ત્રોમાં સજ્જ આ યુવાનોએ અડગ ભાવના સાથે કદમ મિલાવ્યા, જે રાષ્ટ્રના અદમ્ય સંરક્ષકોનું પ્રતીક છે.

વ્હાઈટ નાઈટ કોર્પ્સના જી.ઓ.સી., લેફ્ટનન્ટ જનરલ પી.કે. મિશ્રાની ગૌરવભરી ઉપસ્થિતિએ આ પરેડને વિશેષ ગંભીરતા પૂરી પાડી હતી. આ કાર્યક્રમ માત્ર ઔપચારિક નહોતો, પરંતુ તાજેતરની ઘટનાઓને ધ્યાનમાં લેતા, ભારતની સંપ્રભુતાને નબળી પાડતા કોઈપણ જોખમ સામે અડગતાનું એક શક્તિશાળી પ્રતિક હતું. ત્રિકુટા હાઈટ્સ દીક્ષા પરેડ માં, જવાનોની ઓલિવ ગ્રીન યુનિફોર્મમાંથી પસાર થતી અખંડિત એકતા અને પ્રખર દેશભક્તિનું જીવંત પ્રમાણ જોવા મળ્યું હતું. જનરલ મિશ્રાએ પોતાના સંબોધનમાં ઊંડી પ્રતિબદ્ધતાનો સંદેશ આપ્યો કે આ જવાનો માત્ર યુનિફોર્મની સેવા નથી કરી રહ્યા, પરંતુ ભારત દેશના સાચા અર્થની સેવા કરી રહ્યા છે.

### ગૌરવ પદક સાથે પરિવારોનું સન્માન

અંતિમ સલામીની ગુંજ સાથે, ત્રિરંગો ગૌરવભેર ઊંચે લહેરાયો, જે યુવાનોની દ્રઢ માર્ગ પર આગળ વધવાની પ્રતિબદ્ધતાનું પ્રતીક હતું. આ વીર પુત્રોના ગૌરવશાળી પરિવારોને તેમના નિઃસ્વાર્થ સમર્થનની માન્યતામાં 'ગૌરવ પદક'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ માતા-પિતાએ તેમના સંતાનોને ઉત્સાહી ભરતીમાંથી શક્તિશાળી રાષ્ટ્ર રક્ષકોમાં પરિવર્તિત થતા જોયા, જે રાષ્ટ્રના આત્મામાં અંકિત થયેલી હિંમત, સ્થિતિસ્થાપકતા અને આશાની કાયમી દ્રષ્ટિ રજૂ કરે છે.

### નવતર પ્રયોગ: યુવાનો માટે તકનીકી મોકો

દેશની સુરક્ષાને આધુનિકતા સાથે જોડતા, ભારતીય સેનાએ એક અનોખી પહેલ શરૂ કરી છે: આર્મી ઈન્ટર્નશિપ પ્રોગ્રામ. આ પોતાની રીતે પ્રથમ એવો કાર્યક્રમ છે, જે યુવાનોને ટેક્નોલોજી, સાયબર કૌશલ્યો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડ્રોન જેવા અદ્યતન ક્ષેત્રોમાં સેના સાથે કામ કરવાની તક પૂરી પાડે છે. આર્મી સ્ટાફના ડેપ્યુટી ચીફ લેફ્ટનન્ટ જનરલ રાકેશ કપૂરે મીડિયા અહેવાલો દ્વારા માહિતી આપતા કહ્યું કે, "આ આર્મી ઈન્ટર્નશિપ પ્રોગ્રામ દેશના યુવાનોને પરસ્પર લાભદાયી રીતે તેમની સેના સાથે કામ કરવાની તક આપવાનો એક પ્રયાસ છે. સેના સાથે ઈન્ટર્નશિપ મેળવવી એ કોઈપણ વ્યક્તિના બાયોડેટામાં એક સન્માનજનક પ્રવેશ હશે." તેમણે ઉમેર્યું કે આ વર્ષે હાથ ધરાયેલા પાયલોટ પેઈડ પ્રોગ્રામનો અનુભવ ખૂબ પ્રોત્સાહક રહ્યો છે અને તે હવેથી એક વાર્ષિક વિશેષતા બનશે. આ વાર્ષિક કાર્યક્રમ શૈક્ષણિક શિક્ષણ અને વાસ્તવિક દુનિયાના ઉપયોગ વચ્ચેના અંતરને દૂર કરવા માટે રચાયેલ છે, જે રાષ્ટ્રીય વિકાસ અને સંરક્ષણ આધુનિકીકરણ માટે નિર્ણાયક ક્ષેત્રોમાં પ્રત્યક્ષ અનુભવ પ્રદાન કરશે.

**સરકારી બેદરકારી:** માહોલ બગડ્યા પછી અધિકારીઓનો કાફલો દોડતો થયો

# મધ્યપ્રદેશ: 50 વર્ષ જૂનો જર્જરિત પુલ ધરાશાયી

(એજન્સી) રાયસેલ । તા. 01

મધ્યપ્રદેશમાં સરકારી ભ્રષ્ટાચાર અને બેદરકારીના કારણે જનતાએ પોતાના જીવનું જોખમ ઉઠાવવું પડ્યું હોય તેવો વધુ એક ચિંતાજનક બનાવ સામે આવ્યો છે. રાયસેલ જિલ્લાના બરેલી તાલુકામાં સોમવારે સવારે બરેલી-પિપરિયા સ્ટેટ હાઈવે પર આવેલો નયાગાંવ પુલ ધરાશાયી થઈ ગયો. આશરે ૫૦ વર્ષ જૂના આ પુલનો એક ભાગ અચાનક તૂટી પડતાં ઉપરથી પસાર થઈ રહેલા વાહનો સહિત ૪ લોકો નીચે પટકાયા હતા, જ્યારે નીચે 'સમારકામ' કરી રહેલા ૮ મજૂરો કાટમાળ નીચે દટાયા હતા. આ ભયાનક મધ્યપ્રદેશ પુલ ધરાશાયી દુર્ઘટનામાં ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી રહી છે, જે પૈકી એકની હાલત ગંભીર હોવાથી તેને ભોપાલ રિફર કરવામાં આવ્યો છે. આ દુર્ઘટનાને કોઈ કુદરતી આફત ગણાવી શકાય નહીં, પરંતુ તે મધ્યપ્રદેશ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (MPRDC)ની ઘોર સરકારી બેદરકારીનું સીધું પરિણામ છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, આ ૫૦ વર્ષ જૂનો પુલ ઘણા સમયથી જર્જરિત હાલતમાં હતો અને



માળખાકીય રીતે જોખમી બની ચૂક્યો હતો.

પરંતુ જનતાના પૈસે ચાલતા 'વિકાસ'ના નામે જવાબદાર અધિકારીઓએ નવા પુલનું નિર્માણ કરવાની જહેમત ઉઠાવવાને બદલે, માત્ર તેના પર એક નવો રોડ પાથરી દીધો હતો. આ પગલું માત્ર એક 'કોસ્મેટિક' રિપેર હતું, જેણે પુલની આંતરિક નબળાઈઓને છુપાવીને 'સબ સલામત'નો ખોટો દેખાવ ઊભો કર્યો હતો. આ બેદરકારીએ જ આ રાયસેલ પુલ દુર્ઘટના ને આમંત્રણ આપ્યું. વહીવટી તંત્રની બેદરકારીની હદ તો જુઓ! આ જોખમી અને ચાલુ પુલની નીચે સેન્ટિંગ લગાવીને સમારકામ ચાલી રહ્યું હતું, જ્યારે ઉપરથી વાહનવ્યવહાર બેરોકટોક ચાલુ રખાયો હતો. કોઈ પણ તકનીકી નિષ્ણાત જાણે છે કે, જ્યારે પુલનું સમારકામ કે નવનિર્માણ ચાલતું હોય ત્યારે તેના પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે અટકાવી દેવો જોઈએ. તેમ છતાં, પ્રશાસને આ નિયમની ઘોર અવગણના કરી અને જાણે કોઈ મોટી દુર્ઘટના ઘટવાની જ રાહ જોઈ રહ્યું હોય તેમ વર્તન કર્યું હતું. સોમવારે સવારે બનેલી ઘટનામાં પુલનો એક મોટો ભાગ ધડામ કરતો તૂટી પડ્યો અને ઉપરના વાહનચાલકો તેમજ નીચે કામ કરી રહેલા મજૂરોને ગંભીર ઈજાઓ પહોંચી. દુર્ઘટના ઘટ્યાના તરત જ, દર વખતની જેમ પરંપરાગત પ્રક્રિયા શરૂ થઈ ગઈ. જિલ્લા કલેક્ટર અને એસપી સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હવે પ્રશાસન તરફથી આ સમગ્ર મામલે તપાસના આદેશો અપાશે, તપાસ સમિતિઓ રચાશે અને અંતે કોઈ નાના અધિકારી કે એન્જિનિયર પર દોષનો ટોપલો ઢોળીને ભ્રષ્ટાચારની ફાઈલો પર પડદો પાડી દેવામાં આવશે.

## મિલિટરી સિવિલ ફ્યુઝન ટ્રેનિંગ 2025 પુણેમાં સંપન્ન, સંકલિત શાસન પર ભાર

(એજન્સી) પુણે । તા. 01

ભારતીય સેના અને નાગરિક વહીવટી તંત્ર વચ્ચેના સહકારને વધુ ગાઢ બનાવવાના ઉદ્દેશ્ય સાથે આયોજિત 'મિલિટરી-સિવિલ ફ્યુઝન ટ્રેનિંગ કેપ્સ્યુલ ૨૦૨૫'નું પુણે ખાતે સફળતાપૂર્વક સમાપન થયું છે. યશવંતરાવ ચવ્હાણ એકેડમી ઓફ ડેવલપમેન્ટ એડમિનિસ્ટ્રેશન (YASHADA) ના સહયોગથી ભારતીય સેના સિવિલ વહીવટ માટે આ કેપ્સ્યુલનું આયોજન દક્ષિણી કમાન્ડના નેજા હેઠળ મિલિટરી-સિવિલ ફ્યુઝન ટ્રેનિંગ નોડ, ઔંધ, પુણે ખાતે કરવામાં આવ્યું હતું. એક અઠવાડિયા સુધી ચાલેલા આ કાર્યક્રમનો હેતુ સશસ્ત્ર દળો અને નાગરિક અધિકારીઓ વચ્ચે પરસ્પર સમજણ, સંસ્થાકીય વિશ્વાસ અને રાષ્ટ્ર નિર્માણ સહયોગ પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરવાનો હતો. આ તાલીમ કેપ્સ્યુલમાં કુલ ૧૪૪ મહારાષ્ટ્ર લોક સેવા આયોગના પ્રોબેશનરી અધિકારીઓએ ભાગ લીધો હતો.

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life
ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, ગીફ્ટ ટાવર વન
ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯
ઈમેલ આઈડી-Zo.gandhinagar@psb.co.in

**જગ્યાઓ જોઈએ**

પંજાબ અને સિંધ બેંક ગાંધીનગર બે બિડ (ટેકનિકલ + ફાઈનાન્શિયલ) સિસ્ટમ હેઠળ, યોગ્ય જગ્યા બનાવવા માટે તૈયાર અને કાર્પેટ એરિયા (એટીએમ માટેની જગ્યા સહિત) ધરાવતી સારી રીતે બાંધેલી હોલ પ્રકારની ઈમારત માટે, ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝ ધોરણે ઓફર આમંત્રિત કરે છે. જગ્યાઓ નીચે દર્શાવેલ સ્થળોએ ગ્રાઉન્ડ ફલોર પર હોવી જોઈએ:

| ક્રમ | જિલ્લો વિસ્તાર | સ્થળો | વિસ્તાર (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | શેલા | ૧૦૦૦-૧૨૦૦ |

ઓફર કરાયેલ જગ્યાઓ પાસે કાનૂની સત્તાવાળાઓ તરફથી તમામ ક્લિયરન્સ પ્રમાણપત્રો હોવા જોઈએ. ઈચ્છિત વિસ્તારમાં આવા જગ્યાઓના રસ ધરાવતા માલિકો/રજિસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય માટે લાંબા ગાળાના લીઝ ધોરણે તેમની સરળતાથી ઉપલબ્ધ જગ્યા ભાડે આપવા તૈયાર છે, તેઓ બેંકની વેબસાઈટ www.punjabandsind.bank.in પર ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં તેમની ઓફર મોકલી શકે છે અથવા તે **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર પરથી ઓફિસ સમય દરમિયાન** મેળવી શકાય છે. સંપૂર્ણ ઓફર યોગ્ય રીતે સીલબંધ અને સહી થયેલ છે અને **૧૬-૧૨-૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫:૦૦** વાગ્યા સુધીમાં **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર** ખાતે પહોંચવી જોઈએ.

બેંક દ્વારા કોઈ દલાલી ચૂકવવામાં આવશે નહીં. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરોને પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

**તારીખ : ૦૧-૧૨-૨૦૨૫** **ઝોનલ મેનેજર**

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life
ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, ગીફ્ટ ટાવર વન
ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯
ઈમેલ આઈડી-Zo.gandhinagar@psb.co.in

**જગ્યાઓ જોઈએ**

પંજાબ અને સિંધ બેંક ગાંધીનગર બે બિડ (ટેકનિકલ + ફાઈનાન્શિયલ) સિસ્ટમ હેઠળ, યોગ્ય જગ્યા બનાવવા માટે તૈયાર અને કાર્પેટ એરિયા (એટીએમ માટેની જગ્યા સહિત) ધરાવતી સારી રીતે બાંધેલી હોલ પ્રકારની ઈમારત માટે, ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝ ધોરણે ઓફર આમંત્રિત કરે છે. જગ્યાઓ નીચે દર્શાવેલ સ્થળોએ ગ્રાઉન્ડ ફલોર પર હોવી જોઈએ:

| ક્રમ | જિલ્લો વિસ્તાર | સ્થળો | વિસ્તાર (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | સેકટર - ૧૬ | ૧૦૦૦-૧૨૦૦ |

ઓફર કરાયેલ જગ્યાઓ પાસે કાનૂની સત્તાવાળાઓ તરફથી તમામ ક્લિયરન્સ પ્રમાણપત્રો હોવા જોઈએ. ઈચ્છિત વિસ્તારમાં આવા જગ્યાઓના રસ ધરાવતા માલિકો/રજિસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય માટે લાંબા ગાળાના લીઝ ધોરણે તેમની સરળતાથી ઉપલબ્ધ જગ્યા ભાડે આપવા તૈયાર છે, તેઓ બેંકની વેબસાઈટ www.punjabandsind.bank.in પર ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં તેમની ઓફર મોકલી શકે છે અથવા તે **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર પરથી ઓફિસ સમય દરમિયાન** મેળવી શકાય છે. સંપૂર્ણ ઓફર યોગ્ય રીતે સીલબંધ અને સહી થયેલ છે અને **૦૯-૧૨-૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫:૦૦** વાગ્યા સુધીમાં **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર** ખાતે પહોંચવી જોઈએ.

બેંક દ્વારા કોઈ દલાલી ચૂકવવામાં આવશે નહીં. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરોને પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

**તારીખ : ૦૧-૧૨-૨૦૨૫** **ઝોનલ મેનેજર**

## 10.4 ડિગ્રી સાથે કંડલા સૌથી વધુ ઠંડુ : 1.2 ડિગ્રીનો વધારો

અમદાવાદ : રાજ્યમાં 10.4 ડિગ્રી સેલ્સિયસ સાથે કંડલા સૌથી વધુ ઠંડુ રહ્યું છે. છેલ્લા 24 કલાકમાં નલિયાના લઘુત્તમ તાપમાનમાં 1.2 ડિગ્રી સેલ્સિયસનો વધારો છે. અનેક શહેરોમાં તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો વધારો જોવા મળ્યો છે, તો કેટલાંક શહેરોમાં ઠંડીનો પારો ગગડ્યો છે. હાલ રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, જ્યારે બપોરના સમયમાં ગરમી અનુભવાઈ રહી છે. સતત ઠંડુ રહેતું શહેર નલિયામાં ગઈકાલે 14.8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

## મેઘાણીનગરમાં પ્રેમ સંબંધની શંકામાં યુવકની હત્યા

અમદાવાદ : અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં ફરી એકવાર હત્યાનો બનાવ બન્યો છે, જેના કારણે આ વિસ્તારમાં એક જ અઠવાડિયામાં બે હત્યાની ઘટનાઓ નોંધાઈ છે. ગઈકાલે મોડી રાતે મેઘાણીનગરના ભાર્ગવ રોડ પર ચંદ્રશેખર તોમર નામના યુવકને અજાણ્યા શખસ દ્વારા પીઠના ભાગે છરીના આડેધડ ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. આ હત્યા પાછળ પ્રેમ સંબંધ જવાબદાર હોવાની શંકાના આધારે પોલીસે તપાસનો દોર શરૂ કર્યો છે. મળતી માહિતી અનુસાર, ચંદ્રશેખર તોમર સંયુક્ત પરિવારમાં રહેતો હતો અને નોકરી કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો.

## સાક્ષી નાદુરસ્ત તબિયતનું કારણ આપી જુબાની ન આપી શક્યો, ગ્રામ્ય કોર્ટે કહ્યું-કોઈ તમને ધમકી આપે છે?

# ઈસ્કોન અકસ્માત કેસમાં તથ્ય પટેલ સામેની ટ્રાયલ શરૂ

અમદાવાદ | વર્ષ 2023માં 20 જુલાઈની રાત્રે અમદાવાદમાં બેફામ સ્પીડે જેગુઆર કાર દોડાવી ઈસ્કોનબ્રિજ પર અકસ્માત સર્જી 9 લોકોનાં મોત નિપજાવનારા તથ્ય પટેલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. એમાં સુપ્રીમ કોર્ટે તથ્ય પટેલ સામે 3 સપ્તાહમાં ચાર્જફ્રેમ કરવા અને સાક્ષીઓનાં નિવેદન લેવાની શરૂઆત કરવા હુકમ કર્યો હતો. જેને પગલે 18 નવેમ્બરે તથ્ય અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સામે ચાર્જ ફ્રેમ થયો હતો. ત્યાર બાદ આજે(1 ડિસેમ્બર, 2025) ટ્રાયલ શરૂ કરવામાં આવી છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આ કેસની ટ્રાયલ શરૂ થતાની સાથે જ એક સાક્ષીની તબિયત લથડી હતી.

**સાક્ષીને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવા કોર્ટનો આદેશ :** સમગ્ર ઘટના નજરે જોનાર સાક્ષી હાલ જુબાની ન આપી શકતા તાત્કાલિક હોસ્પિટલ લઈ જવા કોર્ટે આદેશ કર્યો હતો. અકસ્માત કેસના તપાસ અધિકારી DYSP એસ.જે.મોદીને કોર્ટે સાક્ષીને હકીકતમાં તકલીફ છે કે અન્ય કારણો છે તેની તપાસ કરવા આદેશ કર્યો છે. આ કેસની પ્રક્રિયા દરમિયાન આરોપી અને જામીન પર મુક્ત તથ્યના પિતા પ્રગ્નેશ પટેલ પણ કોર્ટ રૂમમાં હાજર હતા. આજે કેસની ટ્રાયલમાં આગળ વધુ કાર્યવાહી થઈ શકે છે. અમદાવાદ ઈસ્કોનબ્રિજ અકસ્માત કેસમાં મોંઘીદાટ જેગુઆર ગાડી વડે 09 લોકોને કચડીને મોતના મુખમાં ધકેલી દેનાર કારચાલક તથ્ય પટેલ સામે પોલીસે IPC 279, 337, 338, 304, 504, 506(2), 308, 114, 118 અને મોટર વ્હીકલ એક્ટ અંતર્ગત કલમ 177, 189, અને 134 અંતર્ગત ફરિયાદ નોંધીને ઘટના બન્યાના 7 દિવસમાં 1684 પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. તથ્ય સામે IPC ની કલમ 304 લાગી છે, જેમાં 10 વર્ષ કેદની સજાની જોગવાઈ છે, તેમાંથી ડિસ્ચાર્જ મેળવવા હાઈકોર્ટમાં અરજી થઈ છે, જે અરજી પેન્ડિંગ છે.

### 141ની સ્પીડે જેગુઆર દોડાવી અકસ્માત સર્જતાં 9 લોકોનાં મોત નીપજ્યાં હતાં

આ અકસ્માતમાં 9 લોકોનાં મૃત્યુ ઉપરાંત કુલ 12 લોકો ઘાયલ થયા હતા. હજુ પણ એક વ્યક્તિ કોમામાં છે. તથ્યે 141 કિલોમીટર જેટલી ઝડપે ગાડી હંકારી હતી. આ ઘટનાને બે વર્ષ પૂર્ણ થઈ ચૂક્યાં છે. તથ્યને સેશન્સ કોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ ક્યાંયથી પણ જામીન મળ્યા નથી. આ ઘટના અને તથ્યને જેલમાં બંધ થયાંને 2 વર્ષ પૂર્ણ થયાં છે. આરોપી સામે IPC 304 લાગે કે 304 A લાગે તેની રિવિઝન અરજી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. આ બનાવ 20 જુલાઈ 2023નો છે, જેમાં આરોપી સામે 7 દિવસમાં ચાર્જશીટ ફાઈલ થઈ હતી અને સાહેદોના CRPC 164 મુજબ મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન લેવાયાં હતાં.

જો અરજદારની રિવિઝન અરજી મંજૂર થાય તો તેની પર લાગેલી કલમો પૈકીની સજા જેલમાં કાપી લીધી છે. રિવિઝન અરજીમાં વધુ સુનાવણી ન થાય ત્યાં સુધી, હાઈકોર્ટે તથ્યને ચાર્જફ્રેમ વિરુદ્ધ વચગાળાની રાહત યથાવત્ રાખી હતી. વળી, પીડિતોએ આ કેસમાં વધુ તપાસ માટે અરજી કરી છે, જે પેન્ડિંગ છે. તથ્ય અત્યારસુધીમાં બે વખત હંગામી જામીન પર પોલીસજાપતા સાથે બહાર આવેલો છે, જેમાં એક વખત તેના દાદાનું નિધન થયું હતું, જ્યારે બીજી વખત તેની માતાના ઓપરેશનની તારીખ હતી.

### 14 દસ્તાવેજી પુરાવા,191 સાક્ષી

2023માં ચાર્જશીટ થઈ ત્યારે કુલ 14 દસ્તાવેજી પુરાવા અને 09 મૃતકોના પોસ્ટમોર્ટમ રિપોર્ટ રજૂ કરાયા હતા. કુલ 191 સાક્ષી છે. ચાર્જશીટ મુજબ મરનારી વ્યક્તિઓની સંખ્યા 09 છે.

સી.આર.પી.સી.ના 164 નિયમ મુજબ 08 વ્યક્તિનાં નિવેદન લેવાયાં છે, જેમાં 05 અકસ્માત સમયે તથ્યની ગાડીમાં હાજર તેના મિત્રો પણ હતા. અકસ્માતમાં 12 વ્યક્તિ ઘાયલ થયા હતા. કુલ 25 વ્યક્તિનાં પંચનામાં કરાયાં હતા. 08 વ્યક્તિનાં સારવાર સર્ટિફિકેટ રજૂ કર્યા હતા છે. FSLના 15 રિપોર્ટ રજૂ કરાયા હતા.

અમદાવાદ જિલ્લા ન્યાયાલયમાં ACP એસ. જે.મોદી ટ્રાફિક વિભાગ અને ટ્રાફિક-પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી.દેસાઈ, જેઓ આ કેસમાં ફરિયાદી પણ છે, તેમણે ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની તપાસ કુલ 17 પોલીસકર્મચારી ટ્રાફિકના અધિક પોલીસ કમિશનર એન. એન.ચૌધરીના માર્ગદર્શન નીચે થઈ હતી, જેમાં ACP, PI, PSI, હેડ કોન્સ્ટેબલ, પોલીસ કોન્સ્ટેબલ વગેરે સામેલ છે.

## ન્યુઝ બ્રિફ

### મહિલાને ફેસબુક પર આવેલી જાહેરાત ભારે પડી

ગાંધીનગર | ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં પી.જી. ચલાવતા એક મહિલા સંચાલકને ફેસબુક પર આવેલી શેરબજારમાં રોકાણની જાહેરાત ભારે પડી છે. કોટક સિક્યોરિટીઝના નામે શરૂ કરાયેલા વોટ્સએપ ગ્રુપ મારફતે અજાણ્યા ઠગોએ મહિલા પાસેથી તબક્કાવાર કુલ 10 લાખ પડાવી લીધા હતા. આ અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાતા પોલીસે અત્યાર સુધીમાં 5.18 લાખ જેટલી રકમ રિકવર કરી છે, જ્યારે બાકીના રૂ.4.82 લાખ પરત મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે. ગાંધીનગર કુડાસણ પ્રમુખ હોમ્સ ખાતે હાલમાં પોતાની દીકરી સાથે રહેતા અને એમ.કે.પી.જી.ના સંચાલક રક્ષાબેન મધુકાંતભાઈ ભટ્ટ આશરે સવા વર્ષ પહેલા D-304, શ્રીનાથ હોમ્સ ખાતે રહેતા હતા, ત્યારે તેમણે ફેસબુક પર શેરમાર્કેટમાં રોકાણ કરવા માટેની કોટક સિક્યોરિટીઝના નામની જાહેરાત જોઈ હતી. બાદમાં રક્ષાબેને રોકાણ કરવામાં રસ હોવાથી જાહેરાત નીચેની વ્હોટ્સએપ ગ્રુપ જોઈન કરવાની લિંક પર ક્લિક કર્યું હતું. આ ગ્રુપનું નામ IGP777/KOTAK-Stok market analysis, sharing and guidance હતું.

### શતાબ્દી ટ્રેનમાં તત્કાલ બુકિંગની નવી પ્રક્રિયા આજથી શરૂ થઈ

ગાંધીનગર : રેલવેએ પાઈલટ પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એક્સપ્રેસની તત્કાલ ટિકિટ બુકિંગ કરવાની પ્રક્રિયામાં ફેરફાર કર્યો છે. હવે તત્કાલ બુકિંગ માટે OTP વેરિફિકેશન ફરજિયાત કરાયું છે. જે આજથી એટલે કે, 1 ડિસેમ્બરથી અમલમાં આવ્યું છે. આ પ્રોસેસમાં OTP વેરિફિકેશન બાદ જ ટિકિટ બુકિંગ કન્ફર્મ થશે. આ નવી વ્યવસ્થા કમ્પ્યુટરાઈઝ્ડ રિઝર્વેશન કાઉન્ટર, ઓથોરાઈઝ્ડ એજન્ટ, IRCTC વેબસાઈટ અને IRCTCની એપ દ્વારા બુક કરાયેલી તમામ તત્કાલ બુકિંગ પર લાગુ થશે. ટિકિટના દુરુપયોગને રોકવા રેલવે દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો આ નવી પ્રોસેસમાં સફળતા મળશે તો આગામી સમયમાં બીજી ટ્રેનોના બુકિંગ માટે પણ આ પ્રોસેસ લાગુ કરવામાં આવશે. વેરિફાઈડ નંબર પર મળી રહેશે ઓટીપી વેરિફિકેશન થકી બુકિંગ થતા ફેક મોબાઈલ નંબરથી થતું ગેરકાયદે તત્કાલ બુકિંગ ઘટશે, જેથી વધુ સાચા પેસેન્જરને તક મળશે. દરેક ટિકિટ વેરિફાઈડ મોબાઈલ ફોન નંબર સાથે જોડાયેલી હોવાથી બુકિંગ પ્રક્રિયા સુરક્ષિત થશે

## SG હાઈવે પર હિટ એન્ડ રન, યુવકનું મોત

# ગાંધીનગરથી નોકરી જવા નીકળેલા બાઈકચાલકને નિરમા યુનિ. પાસે ટક્કર મારી વાહનચાલક ફરાર

**અમદાવાદ | અમદાવાદના એસજી હાઈવે પર વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. આજે(1 ડિસેમ્બર) વહેલી સવારે ગાંધીનગરથી નોકરી જવા બાઈક પર નીકળેલા કથન ખરચર નામના યુવકને અજાણ્યા વાહનચાલકે નિરમા યુનિવર્સિટી પાસે ટક્કર મારી હતી. યુવકને ટક્કર વાગતા ઘટનાસ્થળે જ મોત થયું છે. એસજી 1 ટ્રાફિક-પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.**

### નિરમા યુનિવર્સિટી પાસે ટક્કર મારી વાહનચાલક ફરાર




મળતી માહિતી મુજબ, કથન ખરચર નામનો 21 વર્ષીય યુવક ગાંધીનગર ખાતે પોતાના મામાના ઘરે રહે છે. કથન YMCA પાસે આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. કથન રોજની જેમ આજે(1 ડિસેમ્બર) વહેલી સવારે ગાંધીનગરથી બાઈક પર પોતાની ઓફિસ જવા નીકળ્યો હતો. નિરમા યુનિવર્સિટી પાસે પહોંચતાં સવારે 6:30 વાગ્યાની આસપાસ કથનને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી હતી. એને લીધે કથન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો જેથી તેનું ઘટનાસ્થળે મોત થયું હતું.

આ ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક-પોલીસ અને મૃતક યુવકનાં પરિવારજનો સ્થળ પર પહોંચ્યાં હતા. યુવાન દીકરાનું મોત થતાં પરિવારજનો હૈયાફાટ રુદન કરી રહ્યાં હતાં. ટ્રાફિક-પોલીસે અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનચાલકને શોધી કાઢવા CCTV ફૂટેજમાં આધારે વધુ તપાસ શરૂ કરી છે. એસજી 1 ટ્રાફિક-પોલીસ સ્ટેશનના PI આર.વી વીછીએ જણાવ્યું હતું કે અકસ્માત કરીને અજાણ્યો વાહનચાલક નાસી ગયો છે. પોલીસ દ્વારા એસજી હાઈવે પરના CCTV ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.

હિંમતનગર તરફથી આવતી આઈવા ટ્રકના ચાલકે પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી ચલાવી વૃદ્ધને ટકકર મારતા તેઓ રોડ ઉપર પડી ગયા હતાં. ઘડીએ ટ્રકના ટાયર માથા પરથી ફરી વળ્યા હતા અને તેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.


# નશાની હાલતમાં જમાઈએ સસરાના બંગલા બહાર ફાયરિંગ કર્યું હતું...

અમદાવાદ | વિજય ચાર રસ્તા પાસે સોસાયટીમાં ગઈકાલે પતિએ પત્ની સાથેના ઝઘડાના કારણે સસરાના ઘરની બહાર જઈને બે અલગ અલગ હથિયાર વડે છ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગ કેસમાં પોલીસે આરોપી જમાઈની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપીએ દારૂના નશામાં સસરાના ઘરની બહાર જઈને ફાયરિંગ કર્યું હતું. આરોપી વિરુદ્ધ અગાઉ આર્મ્સ એક્ટના બે ગુના અને મારામારીનો એક ગુનો નોંધાઈ ચૂક્યો છે. પોલીસ દ્વારા આરોપીનું હથિયાર રદ કરવા માટે પણ કાર્યવાહી કરવામાં આવશે. વિજય ચાર રસ્તા પાસેની સુભાષ સોસાયટીના બંગલા નંબર 16ની બહાર મનહરભાઈ સોનીના જમાઈ રાહુલ સોનીએ ધડાધડ 6 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. મનહરભાઈએ તાત્કાલિક 112 ઈમરજન્સીનો કોન્ટેક કર્યો હતો. જે બાદ પોલીસે સ્થળ પર પહોંચી અને હથિયાર સાથે ફાયરિંગ કરનાર રાહુલ સોનીની ધરપકડ કરી હતી. ત્યારે પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી રાહુલ સોની ફરિયાદી મનહર સોનીનો જમાઈ છે. આરોપી રાહુલ સોનીનો પત્ની પૂર્વી સાથે કેટલાક સમયથી કંકાસ ચાલતો હતો. આ કંકાસ દરમિયાન મનહરભાઈ અવારનવાર બંનેને સમજાવતા હતા, પરંતુ થોડા સમય બાદ ફરીથી બંને વચ્ચે કંકાસ ચાલુ થઈ જતો હતો. આ દરમિયાન રાહુલે સસરા મનહરભાઈને ફોન કરીને કહ્યું હતું કે, હવે આનું શું કરવાનું ત્યારે. મનહરભાઈએ કોઈ જવાબ ના આપતા રાહુલ સેટેલાઈટ ખાતેના ઘરેથી ટાઈટેનિયમ ગાડીમાં 12 બોરની બંદૂક અને રિવોલ્વર સાથે લઈને મનહરભાઈના બંગલે પહોંચી ગયો હતો.

www.aequs.com

AEQUS
ecosystems of efficiency

**We make precision components for the global aerospace industry. Over 5,000 of them.***




- The only precision component manufacturer operating within a single special economic zone in India to offer fully vertically integrated manufacturing capabilities in the Aerospace Segment (Source: F&S Report)
- One of the largest portfolios of aerospace products in India, as of March 31, 2025 (Source: F&S Report)
- Expanded product portfolio to include consumer electronics, plastics, and consumer durables for our consumer clients
- Over 2.20 Mn sq.ft. area across manufacturing plants*
- 2.92 Mn Annual Installed Capacity (in Machining/Moulding Hours), as of March 31, 2025 (Source: F&S Report)
- Manufacturing presence across three continents with strategic proximity to end customers; geographic presence across India, U.S. and France
- 100% in-country value addition for select products
- 200 Computer Numerical Control Machines in Aerospace Segment & 161 Moulding Machines*
- Longstanding relationships with OEM customer groups, servicing a total of 15 OEM customer groups globally for a range of products within the Aerospace Segment and Consumer Segment*

*As of March 31, 2025

**Aequs Limited** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC and the Stock Exchanges on November 27, 2025. The RHP is available on the website of the SEBI at www.sebi.gov.in, the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, respectively, the website of the Company at www.aequs.com and on the websites of the BRLMs, i.e. JM Financial Limited, IIFL Capital Services Limited (*formerly known as IIFL Securities Limited*) and Kotak Mahindra Capital Company Limited at www.jmfl.com, www.iiflcapital.com and https://investmentbank.kotak.com/, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see ''*Risk Factors*'' beginning on page 37 of the RHP. Potential investors should not rely on the UDRHP-I filed with SEBI and the Stock Exchanges, and should rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.

This public announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This public announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The equity shares described in this public announcement have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the equity shares will be offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A of the U.S. Securities Act) pursuant to Section 4(a) of the U.S. Securities Act, and (ii) outside the United States in "offshore transactions", as defined in and in compliance with Regulation S of the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales are made. There will be no public offering of securities in the United States.

Adfactors 657/25

# છોટાઉદેપુર : 120થી વધુ લોકો બીમાર પડ્યા! ગટરનું પાણી નદીમાંથી નળ સુધી પહોંચી ગયું

વડોદરા | છોટાઉદેપુરમાં પ્રાથમિક જરૂરિયાતથી વંચિત લોકો ગટરની અયોગ્ય વ્યવસ્થા અને દૂષિત પાણીનો નદીમાં નિકાલ, શુદ્ધ પીવાના પાણીની સમસ્યાના કારણે હાલાકી ભોગવી રહ્યા છે. નગરપાલિકા દ્વારા આ મામલે યોગ્ય ધ્યાન ન આપતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે. સ્થાનિકોએ જણાવ્યું હતું કે, છોટાઉદેપુરમાંથી પસાર થતી ઓરસંગ નદીમાં ગટરનું દૂષિત પાણી ઠાલવવામાં આવતું હોવાથી સ્થાનિકોમાં ચામડી, ઝાડા-ઉલટી, કબજિયાત જેવી બીમારી વધી રહી છે. છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલમાં પાણીજન્ય રોગોના કારણે છેલ્લા કેટલાક દિવસોમાં 120થી વધુ દર્દીઓ બીમાર પડ્યા છે. આમ હોસ્પિટલમાં દર્દીની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, ત્યારે સ્થાનિકોએ તંત્રને રજૂઆત કરવા છતાં કોઈ યોગ્ય પગલા લેવામાં આવતા નથી. મળતી માહિતી મુજબ, છોટાઉદેપુરમાં પાણીજન્ય રોગોના કારણે સિવિલ હોસ્પિટલમાં દર્દીની સંખ્યા વધી રહી હોવાનું સામે આવ્યું છે. આ મામલે સ્થાનિકોએ જણાવ્યું હતું કે, ગંદા પાણીની ગટર લાઇન માંથી પીવાના પાણીની લાઇનો પસાર થઈ રહી છે. તેમજ ગટરના પાણીનો નિકાલ ઓરસંગ નદીમાં કરવામાં આવી રહ્યો છે. આ ગંદુ અને દૂષિત પાણી નદીમાં બનાવેલા કૂવામાંથી તંત્ર દ્વારા લોકોને પૂરુ પાડવામાં આવે છે. જેનાથી સ્થાનિકોમાં પાણીજન્ય રોગચાળો વધી રહ્યો છે.

# મોટા ચિલોડા સર્કલ નજીક રોડ ક્રોસ કરતાં વૃદ્ધને ટ્રકે કચડ્યા : કમકમાટીભર્યું મોત...

ગાંધીનગર | ગાંધીનગરના મોટા ચિલોડા સર્કલ પર ભારે ટ્રાફિક જામથી બચવા યુ-ટર્ન લેવા માટે રસ્તો બદલવો અમદાવાદના એક નિવૃત્ત વૃદ્ધ માટે જીવલેણ સાબિત થયો છે. ગઈકાલે મધરાતે મહેસાણાથી બે ભાઈઓ સાથે કારમાં પરત ફરી રહેલા 70 વર્ષીય વૃદ્ધ આઈવા ટ્રકની ટક્કરે કમકમાટીભર્યું મોત થયું છે. આ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. અમદાવાદના બાપુનગર ખાતે રહેતા નટવરભાઈ ઈશ્વરદાસ પટેલ તેમના બે નાના ભાઈ લક્ષ્મણભાઈ તથા પુરષોત્તમભાઈ સાથે ગઈકાલે બલેનો ફોરવ્હીલ ગાડી લઈને મહેસાણાના શંકરપુરા ખાતે ધાર્મિક પ્રસંગમાં ગયા હતાં. ત્યાંથી સાંજના આશરે સાડા છ વાગે ઘરે અમદાવાદ પરત જવા નીકળ્યા હતા. એ વખતે ગાડી તેમના નાના ભાઈ પુરષોત્તમભાઈ ચલાવતા હતાં. દરમિયાન મોટા ચિલોડા સર્કલ પહોંચતા સર્કલ ઉપર નિત્યક્રમ મુજબ ભારે ટ્રાફીક જામ હતો. આથી અમદાવાદ જવા માટે પુરષોત્તમભાઈએ ગાડી હિંમતનગર તરફના રોડે મહુન્દ્રા બ્રીજથી યુ ટર્ન લીધો હતો. બાદમાં સામેના રોડે જતી વેળાએ પુરોહિત હોટલથી આગળ મેઈન હાઈવે ઉપર નવા બનેલ બ્રીજના છેડાએ કટ હોવાથી અન્ય વાહનો યુ ટર્ન લેતા હતા.